Chap-1

# પ્રકરણ એક

# 'અનામી': વ્યક્તિવિશેષ

# પ્રકરણ એક

## 'અનામી' : વ્યક્તિવિશેષ

સાહિત્યજગતમાં કેવળ કૃતિલક્ષી વિવેચનના પુરસ્કર્તાઓ છે, તો કૃતિને સારીરીતે સમજવા માટે કર્તાના જીવનને પણ જાણવું જોઈએ એવું માનનારા વિવેચકો પણ છે. કૃતિ અને કર્તાને સમજવા અને મૂલવવા માટે સામાજિક વાતાવરણ અને ઐતિહાસિક પરિસ્થિતિ પણ લક્ષ્યમાં લેવા જોઈએ એવું માનનારો પણ એક વર્ગ અસ્તિત્વ ધરાવે છે. આત્મલક્ષી કવિ-સર્જકના સર્જનમાં એનું અંગત જીવન ડોકાયા સિવાય રહે નહીં કિન્તુ પરલક્ષી સાહિત્યકારના સર્જનમાં પણ પરોક્ષ રીતે એના જીવનના પડઘા પડતા હોય છે. શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદી, મસ્તકવિ બાલાશંકર કંથારિયા અને કલાપીના સર્જનમાં આત્મલક્ષિતાની માત્રા ઝાઝી છે, તો મણિશંકર ભટ્ટ (કાન્ત) નું ઘણુંખરું સર્જન પરલક્ષી હોવા છતાં પણ તેમનાં કેટલાંક કાવ્યોમાં એમના અંગત જીવનના પ્રસંગોનું નિરૂપણ થયું છે. આ બંનેમાંથી આત્મ-લક્ષી સર્જક શ્રેષ્ઠ કે પરલક્ષી? એ મુદ્દો અપ્રસ્તુત છે, પણ સ્વતંત્ર જીવન-ચરિત્ર માટે સર્જક ઓછો ખમતીધર હોય તો પણ જો એના સર્જનમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એનું જીવન પ્રતિબિંબિત થતું હોય તો એના સર્જનને સુપેરે જાણવું અને માણવું જરૂરી છે.

આ 'અનામી': વ્યક્તિવિશેષ' પ્રકરણમાં ડો. રણજિત પટેલ ('અનામી') નું જીવનચરિત્ર આલેખવાનો આશય નથી, પણ એમના જીવનના કેટલાક વિશિષ્ટ પ્રસંગો અને મર્મગામી અનુભવોએ એમના સર્જનમાં કેવો ને કેટલો ભાગ ભજવ્યો છે તે વિગતે નિરૂપવાનો છે.

એમના વ્યક્તિત્વના ઘડતરમાં કૌટુમ્બિક વારસો; સામાજિક વાતાવરણ અને રાજકીય પરિસ્થિતિએ પણ કેવોક ભાગ ભજવ્યો છે તે દર્શાવવાનો આશય પણ ખરો.

હાલના ગાંધીનગર જિલ્લાના ડભોડા ગામમાં તા. ૨૬-૬-૧૭ ના રોજ શ્રી મોહનલાલ ડુંગરદાસ પટેલ નામના પ્રભુભક્ત, સ્વભાવે સરળ ને આર્થિકરીતે એકંદરે સુખી એવા મધ્યમ કક્ષાના ખેડૂત પિતાને ત્યાં એમનો જન્મ થયો. એમનું મૂળ નામ તો રણછોડભાઇ પટેલ પણ હાઇસ્કૂલના એમના એક તેજસ્વી અને સંનિષ્ઠ શિક્ષક શ્રી ડાહ્યાભાઇ હરગોવિંદદાસ બાનીને રણછોડ કરતાં રણજિત નામ વધારે અર્થવાહી લાગ્યું એટલે બી. એ., એમ. એ. અને એલ એલ. બી. ની પરીક્ષાઓ મૂળ નામ રણછોડભાઇ રાખીને આપી અને બી. ટી. તથા પી. એચ. ડી. વખતે રણજિત નામ રહ્યું. ઇ. સ. ૧૯૩૮માં પ્રો. અનંતરાય રાવળની પ્રસ્તાવના સાથે એમનો પ્રથમ કાવ્યસંગ્રહ નામે "કાવ્યસંહિતા" 'અનામી' ના તખલ્લુસથી પ્રગટ થયો, એ પછી તો એમનાં મૂળ નામ પણ ભૂલાઇ ગયાં ને આજે તો મોટેભાગે એ 'અનામી' ના ઉપનામે જ જાણીતા છે.

આજથી લગભગ આઠ દાયકા પૂર્વે કેળવણીનું પ્રમાણ ઝાઝું નહીં ને ગામડાંમાં તો બાળક છ-સાત સાલનું થાય નહીં ત્યાં સુધી નિશાળે જાય પણ નહીં. ડભોડા ગામની શાળાની સ્થાપના ઇ. સ. ૧૮૬૮માં થયેલી, એટલે કે આજથી લગભગ એકસો વીસ વર્ષ પૂર્વે. એ નિશાળમાં રણજિતભાઇના દાદા પાંચ ચોપડી ભણ્યા ને પિતા સાત ધોરણ સુધી. એમના પિતા ભણવામાં ખૂબ હોશિયાર પણ તે એમના પિતાના એક માત્ર દીકરા હોવાને કારણે ખેતીમાં જોતર્યાં. ભણે તો પછી ખેતી કોણ કરે? શ્રી મોહનલાલ પટેલની અભ્યાસની-

ભણતરની આ વાસના એમના ચારેય દીકરાઓએ અનુક્રમે પ્રિન્સિપાલ, યુનિ. પ્રોફેસર, વકીલ અને ડોક્ટર બનીને પૂરી કરી.

છઠ્ઠે વર્ષે એટલેકે ઇ.સ. ૧૯૨૩માં રણછોડભાઈ ઉર્ફે રણજિતભાઈ પટેલ ડભોડાની પ્રાથમિક શાળામાં દાખલ તો થયા પણ ભણવામાં રજમાત્ર રસ નહીં. 'પ્રિયતમ પ્રભુ નમીએ આપને, જપીએ તુજ સુંદર જાપને.' – શાળાની એ સામૂહિક પ્રાર્થના પૂરી થાય એટલે વંડો કૂદીને એ છૂમંતર થઈ જાય.... સ્લેટ એમના નજીકના કલ્યાણજીવાળા એક ખેતરમાં દાટી દે ને સાંજના સાડાપાંચ સુધી, શૈશવના એમના એક બાલસાથી જવાનજી ભાથીજી પરમાર સાથે ખેતરે – વગડે કે ગામની ખારી નદીને કિનારે ભટકે. નિશાળ છૂટવાના સમયે ઘરે હાજર થઈ જાય. પણ આવું તરકટ ક્યાં સુધી નભે? પિતાજીને આની જાણ થતાં પોષ મહિનાની ઠંડીમાં આખી રાત 'ખાભી' એ દોરડેથી બાંધી રાખ્યા ––– એ પછી છૂમંતર થઈ જવાની કુટેવ સદાયની ગઈ.

૧૯૨૮માં ગુજરાતી ધોરણ ચોથું ઊંચા નંબરે પસાર કરી તેઓ અંગ્રેજી ધોરણ પહેલામાં દાખલ થયા. અહીંનો અનુભવ એમના જ શબ્દોમાં સાંભળીએ : "ડભોડાની કુમારશાળામાં ચાર ધોરણ પાસ કરી હું અંગ્રેજી શાળામાં દાખલ થયો. માંડણ બંધારાકૃત 'પ્રબોધબત્રીસી' અને 'દયારામ રસસુધા' ના વિધ્વાન સંપાદક અને મુંબઈની ફાર્બસ સભાના એકવારના મંત્રી શંકરપ્રસાદ રાવળ અમારા આચાર્ય હતા. વર્ગમાં અવારનવાર એ દયારામ, ન્હાનાલાલ અને રમણભાઈ નીલકંઠની ઉત્સાહપૂર્વક વાતો કરે. અમદાવાદ જાય ત્યારે એ બંને મહાનુભાવોને મળે અને એમને એમનાં સ્મરણો કહી

સંભળાવે. ન્હાનાલાલ કવિના ગીતો જેવાં કે 'બ્રહ્મા વીંઝે બ્રહ્મ વીંઝણો હો નંદલાલ', 'પરમ પ્રેમ પરબ્રહ્મ,' 'વનનાં આમંત્રણ આવ્યાં સાહેલડી', 'જાહ્નવી જગની ઘૂમે રે,' 'માનસ સરોવરે આવો ઓ રાજહંસ' વગેરે ગીતો એમને કંઠે સાંભળેલાં. અંગ્રેજી ધોરણ બીજામાં આવતાં, એમને પ્રતાપે ન્હાનાલાલ કવિનું 'જયા જયંત' અને રમણભાઈ નીલકંઠનું 'રાઈનો પર્વત' નાટક વાંચવા મળેલ. વય-મર્યાદા, સમજ-મર્યાદાને કારણે અલબત્ત, પૂર્ણ અર્થવૃત્તિ બોધ અશક્ય, તો ય એ સાહિત્યનું વાચન અનેરો આનંદ આપતું."[1]

લગભગ બાર વર્ષની વય સુધીમાં ડૉ. અનામીને એમના વતનમાંથી ને એમના બહોળા સંયુક્ત કુટુંબમાંથી સાહિત્યસંસ્કારનું ઘણું પાથેય-પોષણ પ્રાપ્ત થયું છે. કુમારશાળામાં હતા ત્યારે એમના હેડમાસ્તર શ્રી ભાઈચંદભાઈ શાહ ઇતિહાસ-ભૂગોળ પદ્યમાં શિખવતા --- અલબત્ત, એમાં કવિતા તત્ત્વ કશું નહીં પણ પદ્ય-પ્રેમ જગવવામાં એનો હિસ્સો ખરો. કન્યાશાળામાં મુખ્ય શિક્ષિકા શ્રીમતી તારાબહેન 'પ્રજાબંધુ' વાંચે ને ધોરણ ચોથાના વર્ગશિક્ષક શ્રી રામજીભાઈ દેસાઈ 'કુમાર' વાંચે એ આ કિશોર જુએ. રાષ્ટ્ર-ભક્તિને રંગે રંગાયેલા એમના એક પિતરાઈ કાકા શ્રી ફુલાભાઈ ઉમેદદાસ પટેલ 'હરિજનબંધુ,' 'નવજીવન' ને 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા' મંગાવે તે પણ જુએ --- ને ગુજરાતી પત્રો વાંચે. એમના એક વડીલ શ્રી પુંજીરામ ભગત શામળની 'સિંહાસન બત્રીસી'ની પદ્યવાર્તાઓ વાંચે તે રસથી સાંભળે. ગામમાં નાટક મંડળી કે ભવાઈ કરનાર તરગાળા આવે ત્યાં જવાનું કદી ન ચૂકે. અરે! હરિજનવાસમાં તૂરી લોકો ખેલ કરે ત્યાં પણ કશા છોછ વિના પહોંચી જાય. મીર-બારોટની કથાવાર્તામાં પણ રસ લે. એમના એક કાકા મગન

ભગત ભજનમંડળી જમાવે એ ભજનો પણ સાંભળે. લગભગ ચાલીસ વર્ષ સુધી એમના દાદા ડુંગર ભગતે દર પૂનમે સત્યનારાયણની કથાઓ કરાવેલી --- તેમાં આ કિશોર હાજર હોય. ગામના ત્રણ મંદિરોમાં કોઈ સાધુસંન્યાસી આવ્યા હોય તો તેમને 'પ્રસાદ' લેવા માટે તેડવા એમના મોટાભાઈ શ્રી મણિભાઈ સાથે અચૂક જાય. પિતા-દાદા સાથે એ પણ ઉપદેશ સાંભળે ------ અલબત્ત, ગ્રહણશક્તિના પ્રમાણમાં. મેળાની મઝા માણ્યા વિના પણ રહે નહીં.

આ ઉપરાંત, એમના સંવાદી અતિ બહોળા સંયુક્ત કુટુમ્બના સંસ્કાર માટે તો એમનો જ એકરાર સાંભળીએ : "હું બારેક સાલનો થયો ત્યાં સુધી તો અમારા વિશાળ સંયુક્ત કુટુમ્બમાં રહી વતનમાં ભણ્યો. દાદી ગંગાબા પાસેથી રાક્ષસો અને પરીઓની વાતો સાંભળવા મળતી. મોતીફોઈ પાસેથી અનેક ઉખાણાં, લગ્નગીતો, 'માતા જશોદા ઝુલાવે પુત્ર પારણે' એ 'પારણું' તથા દયારામની પેલી પ્રખ્યાત ગરબી : 'સાચું બોલોજી' - 'સાંભળ રે તું સજની મારી રજની ક્યાં રમી આવીજી?' --- મધુર કણ્ઠે ગવાતી સાંભળવા મળતી. મારા દાદા ભક્તકવિ દયારામભાઈના પરમ અનુરાગી. કામ કરતાં કરતાં એમનાં અનેક પદો તે ગાય. 'નિશ્ચેના મહેલમાં વસે મારો વ્હાલમો' એ દાદાનું ખૂબ પ્રિયપદ. 'જે કોઈ પ્રેમઅંશ અવતરે', 'મારું ઢણકતું ઢોર,' 'ચિંતા તું શીદને ચિંતા ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે,' 'હરિ તુંને પ્રસન્ન તે કયમ થાયે તારા દિલનું કપટ નવ જાયે,' 'દામોદર દુઃખડાં કાપો રે' અને 'મનજી મુસાફર રે ચાલો નિજ દેશ ભણી' વગેરે દયારામનાં પદો મેં અનેકવાર દાદા પાસેથી સાંભળેલાં. મારા પિતાજીને આખી 'આશ્રમ-ભજનાવલિ' લગભગ કંઠસ્થ. કબીર, નરસિંહ-મીરાં ને ખાસ કરીને

નિષ્કુળાનંદ એમના પ્રિય ભક્તકવિઓ. સ્વામી સમર્થ રામદાસનો 'દાસબોધ' એમનો માનીતો ગ્રંથ. લગભગ ૮૨મા વર્ષે એમણે ગાયેલા નરસિંહ મહેતાના બે પદ મારા પુત્રે 'ટેપ' કરી લીધા છે. રાગના ઘરમાં રહીને એ ભાવપૂર્વક ગાઇ શકતા. આટલાં ભાથા સાથે, બારમે વર્ષે હું મારા મોટાભાઇ સાથે આગળ ભણવા કડીની ગુજરાત-ખ્યાત 'સર્વવિદ્યાલય'માં દાખલ થયો."[૨] મોટપણે કવિ અનામીએ આ બાર વર્ષના વતનના વસવાટના કેટલાક સંસ્મરણો કાવ્યાત્મકરૂપે આ રીતે નિરૂપ્યા છે :

મને મારું બાલ્ય મળે તો –

દિગંબર બની
પાદડે ગોપાયેલા ફૂલની જેમ
વત્સલ માતાના પાલવડે લપ્પાઇ
પ્હાનો ચ્હડેલ માનું મલકતું મુખ
ધાવતાં ધાવતાં પેખું
મને મારું બાલ્ય મળે તો !

જામતી રાતે, શિયાળુ પ્રભાતે
બોખાં દાદીની હૂંફાળી ગોદમાં
પડયા પડયા તાપતા
કરાઠી ઞગીઠીએ
ને તાપણાના ભડકા
જાણે ભૂતની ભૂતાવળો !
એ માયાવી દુનિયાના
ઊંડા શેષ સંસ્કાર
સજીવન કરું
મને મારું બાલ્ય મળે તો !

ટપાક ટપાક ટપ
રોટલા ઘડતી ફોઈ
ને વાંકી પૂંછડી પટપટાવતો
જીભેથી લાળ ઝરતો
શેરીમાંનો રાતિયો.
એ અમારો શે'ર
ડાબે કરે સોટી
જમણે કરે રોટી
બે પગેથી ઊંચો થાતો શેર
રોટી-સોટી સાથે ખાતો
બાલપણાનો ભેરુ
મને મારું બાલ્ય મળે તો
રાતિયા સાથે હેરું !

ગગનમાં ઘન ગાજતા ઘેરા,
વનમાં ગહેકે મત્ત મયૂરા.
નેવલે પાણી ટપકે ધીમે
દાદાની સોડમાં લપાઇ હીમે
છાતીના વાળ ને ભૂખરી મૂછો
ખેંચતા સાંભળું વાતડી, પૂછો
અલકમલકના ગાંડાઘેલા
પ્રશ્ન નિરંતર, સદાય વ્હાલા
મને મારું બાલ્ય મળે તો !
ઘોડે પલાણું દાદાને પ્હેલા !

વાછડી ટીલાળી, ભૂખરી પાડી,
ખીલેથી છોડું, ભાભરે માડી,
ધાવતાં વત્સ ને ફૂટતી શેડચો,
ફીણાળા દૂધની છલકે છોળો.
ઘમ્મર વલોણું, માખણ-તાતા,
સીમ ને વાડી આવતા-જતા,
હોલા ભગતજી ભજનો ગાતા,
રાયણ-બોર ને જાંબુડા ખાતા.
આંબાની ડાળે ઝૂલતા ઝૂલે
વનનો કંઠ શી હલકે ખૂલે !
બાલભેરું શું રમત્યું જામે
અંતર કંક અમૂલખ પામે
મને મારું બાલ્ય મળે તો
શેરીની રજમાં આળોટું ગામે.[3]

આ ઉપરાંત એમના ગામને ઘસીને વહેતી ખારી નદી વિશે પણ બે કાવ્યો લખ્યાં છે, જેમાંનું એક 'બુદ્ધિપ્રકાશ' ડિસે., ૧૯૮૩ માં પ્રગટ થયું છે. વિશેષમાં વતનનાં અનેક સ્થળો, અનેક વ્યક્તિઓ પણ એમની વાર્તાઓમાં નિરૂપાઇ છે. બાર વર્ષે વતન છોડયા બાદ, તેર સાલ ભણ્યા, પાત્રીસ સાલ નોકરી કરી ને સાઇઠ વર્ષે નિવૃત્ત થયા પણ 'વેકેશન' સિવાય વતનમાં ખાસ રહેવા મળ્યું નથી; એટલે વતન માટેનો એક આંતરિક તલસાટ અંતરમાં સતત ચહલપહલ મચાવી રહયો છે; ને શહેરી નિવાસની તુલનાએ ભૂતકાલીન ગ્રામ પરિવેશનું મુગ્ધ આકર્ષણ એમનાં અનેક સૉનેટોમાં વ્યક્ત થયું છે. 'દુર્ગંધ-રતિ' નામનું સૉનેટ તેનું દ્યોતક છે :

મને દુર્ગંધોની અતિશય રતિ, હોસ્પિટલના
ફરું વોર્ડે વોર્ડે રગતપિતિયા, નવ્ય પ્રસૂતા,
અકસ્માતે દાઝ્યા, ચરબી પમરે માસ-પરુની,
દવાની દુર્ગંધે અતિશય રતિઃ વિભ્રમ મતિ ?

મળે-મૂત્રે-છાણે મધમધત કેવા ઉકરડા !
ઉઘાડી કે ઢાંકી શહરગટરો મ્હેકતી કશી !
નવી સંસ્કૃતિના પ્રદૂષણ, હવામાન, સલિલે,
નભે ને પાતાલે અહ ! ખુશનશીબી મનુજની !

ન માનો કે દર્દી, શ્વસન-વિકૃતિ, ગંધ જડ વા
ન માણ્યા માગલ્યો, પરિમલ પરાગે લય રતિ !
સુગંધી દ્રવ્યોની સૂગ, કુસુમ, તારા, શિશુ પ્રતિ
અસૂયા ના એવું કશું, સહજ દુર્ગંધ શું રતિ !

સહીને દુર્ગંધો મનુજ-પ્રકૃતિની અસહ જે
સુગંધો સૃષ્ટિની, વિરલ ગુણ ભારે શકું સહી ![૪]

એ જ રીતે 'બુદ્ધિપ્રકાશ' ના એક સામયિકમાં પ્રગટ થયેલું 'ઝંખના' સોનેટ પણ નોંધપાત્ર છે :

અહીં આ ધૂમાડો રગતપિતિઆ 'પાથ' પર આ
અહીં નાળું ભ્હારું નરકપુરીનું ! આ જ અલકા,
છલ્યું આ કીડીયારું, મનુજ કીટમંકોડી અદકાં
અહીં આ કંકાલો, ગરીબગુરબાં, હાય-વલખાં !

બગીચાને બાગો અહીં જ રસફાગો રસિકના,
અહીં નાચે હાસે ઉરવશી ! 'સિને' શું ધનિકના

અહીં વિદ્યા કેરો લય, નય ન, ધર્માસન લસે !
છકેલી સંસ્કૃતિ, વરવું હડકાયું સુખ હસે !
અરે મારી ખારી* ! બચપણની પ્યારી ! ઉર વહું :
તૂણે તાજા શેઢા; કલકલ સીમાડા સ્મરી રહું,
ભર્યાં ક્ષેત્રે લક્ષ્મી લસલસ, પયે ગોધન લચે,
પશુપંખી પ્રાણી પ્રકૃતિ–શિશુ–હાસે ધૂન મચે.

અહીં વાસી, ત્રાસી ક્ષણક્ષણ હું ઝંખું અસલને,
કશી અલ્કા–નરકા ! અધિક ગણતા રે નકલને.[૫]

*કવિના ગામ પાસેથી વહેતી નદી. તેને વિશે કવિએ બીજાં પણ બે કાવ્યો 'સરિતા તીરે' (અપ્રગટ), 'મને સ્વપ્નું લાધ્યું' 'બુદ્ધિપ્રકાશ', ડિસે., ૧૯૮૩ લખ્યાં છે.

એમના એક પિતરાઇ ગાંધીજીના આશ્રમમાં કોઠારી હતા ને એમના પિતાજીના એક મિત્ર ગાંધીજીના સત્યાગ્રહ આશ્રમમાં હતા, એટલે લેખકના પિતાની ઇચ્છા તો બંને દીકરાઓને 'ગૂજરાત વિદ્યાપીઠ'માં ભણવા મૂકવાની હતી, પણ ૧૯૨૯–૩૦ નો સમય દેશમાં કટોકટીનો હતો ને અસહકારની દેશવ્યાપી ચળવળને કારણે પૂ. ગાંધીજી શૈક્ષણિક કાર્ય બંધ કરનાર હતા, એટલે નિરૂપાયે તેમને ૧૯૨૯માં કડી–સર્વવિદ્યાલયમાં દાખલ કર્યાં.

બીજા વર્ગમાં દાખલ કરતાં આચાર્ય શ્રી બાપુભાઇ ગામીએ 'ટેસ્ટ' લીધો, તો અંગ્રેજીમાં તેમને ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મળેલા. કડીની આ સર્વવિદ્યાલય સંસ્થાને જોતાં આપણને આપણાં પ્રાચીન ગુરુકુળોનો ખ્યાલ આવે. અંગ્રેજી છ ધોરણનું રાષ્ટ્રીય–આશ્રમિક એ વિદ્યાલય, શિક્ષકગણ નિષ્ઠાવાન, ભાવનાશાળી ને સેવાભાવથી

કર્તવ્ય બજાવનાર, અંગ્રેજી–સંસ્કૃત સાથે આજથી સાડા આઠ દાયકા પૂર્વે બી. એ. ઓનર્સ થનાર આચાર્યશ્રી બાપુભાઇ ગામી કોઇ પ્રાચીન ઋષિ જેવા – શ્રી અરવિંદના પાકા રંગે રંગાયેલા. શ્રી પોપટભાઇ ગુલાબદાસ પટેલ અને શ્રી છગનભાઇ કાલિદાસ પટેલ અનુક્રમે અર્થશાસ્ત્ર અને ગુજરાતી ભાષાસાહિત્યના ગુજરાત વિદ્યાપીઠના મહાત્મા ગાંધીજીના ચુસ્ત અનુયાયી એવા સ્નાતકો. શ્રી ઉમેદભાઇ આર. પટેલ, ટાગોરની શાંતિનિકેતનના સંસ્કાર ઝીલીને તાજા જ આવેલા અધ્યાપક. આ બધાએ એક સંવાદી વાતાવરણ જમાવેલું જે દ્વારા શૈક્ષણિક ઉપરાંત અનેક પ્રકારની સાંસ્કૃતિક તેમજ પાયાની કેળવણીની પ્રવૃત્તિઓ ધમધોકાર ચાલતી. આ બધી પ્રવૃત્તિઓનો સીધો લાભ બાર વર્ષના કિશોર શ્રી પટેલને પણ મળ્યો.

એમના જ શબ્દોમાં સંસ્થાની કેટલીક પ્રવૃત્તિઓનો પરિચય પ્રાપ્ત કરીએ : "અમારા સમયમાં ડઝનેક હસ્તલિખિત સામયિકો નીકળતા ... વર્ગવાર ને વ્યક્તિગત પણ. શિક્ષકગણ એમનું 'સર્જન' નામે સામયિક કાઢતા. વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન તો અનેકવાર થાય. સંવાદો–નાટકો ભજવાય. ડોલનશૈલીમાં લખાયેલું કવિવર ન્હાનાલાલનું 'યુગપલટો' – કૃષ્ણ–સુભદ્રાના પાત્રમાં મેં ને શ્રી પીતાંબર પટેલે 'સ્ટેજ' કરેલું ––– અને અમને ઇનામ પણ મળેલું. દ્વિજેન્દ્રનાથ રોયના 'શાહજહાં' નાટકનો મેઘાણીભાઇએ કરેલો અનુવાદ – એ નાટક ભજવેલું. અધ્યાપકોએ પણ રશિયન ક્રાન્તિ–વિષયક નાટકો ભજવેલાં. સામાજિક સુધારા વિષયક સંવાદો– – નાટકો નજીકનાં ગામડાંમાં જઇ રજૂ કરતા. ઋતુઋતુના ઉત્સવો તો ઉજવાય જ. ત્યાંની પાંચવાર થતી પ્રાર્થનાઓમાંથી પણ ઘણું પામ્યા છીએ. સવારસાંજની બે આશ્રમ–પ્રાર્થનાઓ, એકવાર થતી

વિદ્યાલય–પ્રાર્થના અને બે વાર થતી ભોજન સમયની પ્રાર્થનાઓ. આને કારણે ગીતાના કેટલાક અધ્યાયો અને અનેક સંતભક્ત કવિઓના પદો – ભજનો કંઠસ્થ થયેલાં. પરીક્ષા પધ્ધતિનાં દૂષણોને ટાળતી ડોલ્ટનપધ્ધતિનો અમલ થતો. રાષ્ટ્રીય શાળા હતી, સરકારી ગ્રાન્ટની અપેક્ષા નહોતી એટલે પાઠયપુસ્તકો પણ રાષ્ટ્રીય ભાવનાને અનુરૂપ ને ઉત્તેજન આપે એવાં નિયુક્ત થતાં. આશ્રમમાં બાગાયત, ખેતી, વણાટકામ, સુથારીકામ, લોઢવું–પીંજવું–કાંતવું–વણવું, મુદ્રણકામ વગેરેનું શિક્ષણ આપવામાં આવતું. ચિત્ર, સંગીત, ઉર્દૂ – બંગાળીના શિક્ષણની સુવિધા હતી. શ્રી ઉમેદભાઈ પટેલ નૃત્ય પણ શિખવતા. તા. ૨૭–૭–૧૯૨૯ના દિવસે મહાત્માગાંધી પાંચેક કલાક માટે અમારી સંસ્થામાં પધારેલા અને ૧૯૩૦–૩૨ ની લડતમાં અમારી સંસ્થાના કેટલાક શિક્ષકો અને વિદ્યાર્થીઓ સક્રિય ભાગ લઈ જેલમાં ગયેલા. માંડ પંદરમા વર્ષે મને પણ પંદર દિવસની કાચી ને ચાર માસની પાકી જેલ ભોગવ્યાનો લ્હાવો મળેલો. 'શાળા અમારી તીર્થભૂમિ જ્ઞાનગંગા જ્યાં વહે'– એ વિદ્યાલય મંત્ર અને સાદાઈ, શિસ્ત, સહકાર, ભાઈચારા દ્વારા વિદ્યા પ્રાપ્તિ અને સા વિદ્યા યા વિમુક્તયે – એવી વિદ્યા દ્વારા આત્માની અને દેશની મુક્તિ એ ધ્યેય હતું."[૬]

એક વસ્તુ તો દીવા જેવી સ્પષ્ટ છે કે કડીની આ રાષ્ટ્રીય સંસ્થાએ એની અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા અને ત્યાંના ઇષ્ટ ધ્યેયને વરેલા સન્નિષ્ઠ શિક્ષકોએ શ્રી રણજિતભાઈ પટેલની ગુપ્તસુપ્ત શક્તિઓને જાગ્રત કરવામાં અતિ અગત્યનો ભાગ ભજવ્યો છે.

ઇ.સ. ૧૯૩૨ માં જ્યારે શ્રી પટેલ અંગ્રેજી ધોરણ પાંચમામાં ભણતા હતા ત્યારે અંગ્રેજી વિષયમાં તેમને બે પાઠયપુસ્તકો ભણવાનાં

હતાં. એક 'High Roads to Literature' અને બીજું 'Reading From East and West'. એમના આચાર્યશ્રી બાપુભાઇ ગામી અંગ્રેજી શિખવે. એક કાવ્ય 'The Rose and the Gardner' શિખવીને વર્ગને ઉદ્દેશીને કહ્યું : 'આનો ગદ્યમાં કે પદ્યમાં અનુવાદ કરી લાવો.' વૃધ્ધાવસ્થાને કારણે ખખડી ગયેલો બગીચાનો માળી જ્યારે પૂર્ણપણે ખીલેલા ગુલાબ પાસે આવે છે, ત્યારે ગુલાબ મર્મમાં હસે છે, ને વિચારે છે કે આ જૈફ માળી હવે આજ કે આવતી કાલનો જ મહેમાન છે.... પણ બીજે દિવસે તો કરમાઇ ગયેલા ગુલાબની ખરી પડેલી પાદડી-ઓને ધૂળમાં દબૂરીને ખખડી ગયેલો પેલો માળી ચાલ્યો જાય છે.... કાવ્યનો આવો ભાવ છે. વર્ગમાં શ્રી પટેલે એકલાએ જ આ કાવ્યનો અનુવાદ પદ્યમાં કર્યો ને શીર્ષક પણ 'ગુલાબ અને માળી' રાખવાને બદલે રાખ્યું : 'મીઠી મજાક.'

આચાર્ય શ્રી ગામીએ અતિ પ્રસન્નતાપૂર્વક આ કાવ્યાનુવાદ વર્ગમાં વાંચી સંભળાવી વિદ્યાર્થીને ધન્યવાદ આપ્યા. લગભગ છ દાયકા પૂર્વે કરેલો એ અનુવાદ આ પ્રમાણે છે :

## મીઠી મજાક

ખીલ્યું ઉદ્યાન વિષે લલિતમધુર કૈં પુષ્પ ગુલાબ કેરું રૂડા
વિકાસકાળે, જીવનમદ તણું નિર્મળું હાસ વેર્યું, વિલોકી માળીને
ત્યાં મનમહીં પ્રગટયા ગર્વના કુવિચારો 'જીવે ના, ના,' ફુવે એ, અતિશ
કૃશબન્યો, જિન્દગીને કિનારે ખીલી ફાલી પ્રફુલ્લ્યું અનુભવી અતિશે
રમ્ય વાયુ વસન્તે, ફાલીફાલી પ્રફુલ્લ્યું હૃદય ભરી ભરી પૂર્ણ થયું
તોય ફાલ્યું, એવે કર્ણે પડયા કૈં પદરવ બસૂરા માળીના આવવાના,
'જીવે કો' દિ હવે ના' અતીવ કૃશ બન્યો જિન્દગીની ક્ષિતિજે,
રે હા ! ત્યાં કમનસીબે, દુરદિન સમયે મૃત્યુના 'વા' ફૂંકાયા

કુણી રંગી સુઅંગી લલિત દીસતી એ પાંખડીઓ ધવાઇ મધ્યાહ્ને
વૃધ્ધ માળી નિજ સદન થકી વાડીએ ભાળ કાજે આવી, દીઠી,
ધીરેથી કર મહીં ગ્રહીને ઊર્વિં હૈયે ઢળૂરી !
ગુલાબ કોમલ સુઅંગ તણી પ્રતિમા,
ઉવેખનકાર વિલસે વિકરાળ કાળ.

ભાષા, છંદ, કથન અને વર્ણનની દૃષ્ટિએ અનુવાદ અર્થવાહી લાગે છે. સ્રગ્ધરા છંદ પસંદ કરવામાં પણ એક જાતનું ઔચિત્ય વરતાય છે. શીર્ષકનું નાવીન્ય પણ ધ્યાન ખેંચે છે. શબ્દશક્તિનું સામર્થ્ય વયના પ્રમાણમાં નોંધપાત્ર ગણાય. મૂળ કાવ્ય સૉનેટ સ્વરૂપનું છે કે કેમ તે તો ઉપલબ્ધ થાય તો ખબર પડે !

પણ આ તો અનુવાદ થયો...તો એમની સ્વતંત્ર કાવ્યસર્જન પ્રવૃત્તિ ક્યારથી શરૂ થઇ ? ઇ.સ.૧૯૩૧ ની સાલમાં એટલે કે એમની ચૌદ વર્ષની વયે તેઓ 'મધુકર' નામે હસ્તલિખિત માસિક કાઢતા ને શ્રી પીતાંબર પટેલના સહકારથી 'દીપક' (૧૯૩૧-૩૨) માસિકનું સંપાદન કરતા. આશ્રમમાં અનેક હસ્તલિખિત માસિકો નીકળે. વિદ્યાર્થીઓનો અનેરો ઉત્સાહ ને અધ્યાપકોનું સુંદર માર્ગદર્શન એટલે સૌ કોઇ વૈવિધ્ય લાવવા તનતોડ મહેનત કરે. એમાં ઇર્ષ્યાભાવ રજ ન મળે, કેવળ તંદુરસ્ત હરીફાઇ. 'મધુકર' માસિકમાંથી પ્રકૃતિ વર્ણનની આ ચાર પંક્તિઓ જોઇએ:

શીળો મીઠો અનિલ આમથી તેમ વાય,
જેથી જગે સકલને મૃદુ શાંતિ થાય.
જુઓ નભે વિહગ મુક્ત ઉડે સુહાય,
ને કાનને વન-પશુ સરમાં નહાય.

'સુવર્ણ જયંતી' પત્રમાં 'ઇષ્ટાપત્તિ' શીર્ષક નીચે લેખક એમના આ પ્રથમ સર્જન માટે લખે છે : "મારી કક્ષા જોતાં આ વર્ણન ખાસ ખરાબ તો નહોતું, પણ મારાથી એક બે વર્ષ આગળ ભણનારાઓમાં મારા કેટલાક પરમ મિત્રો ને સ્નેહીસ્વજનો પણ હતા....મારા મોટાભાઇ મણિભાઇ પણ. એક દિવસ મોતીભાઇ, કલ્યાણભાઇ ને મારા મોટાભાઇએ મને આ કાવ્યને નિમિત્ત બનાવી ઠીક ઠીક પજવ્યો. પજવવાની એમની રીત પણ વિચિત્ર હતી. મારા પેલા પ્રકૃતિ કાવ્યની પ્રથમ બે પંક્તિઓ શ્રી મોતીભાઇ ચીપીચીપીને ગાય, કલ્યાણભાઈ હસતાં હસતાં એનો પાઠ કરે ને 'શીળો મીઠો અનિલ આમથી તેમ વાય' એમાના 'આમથી તેમ' શબ્દો પર મણ મણનો ભાર મૂકીને, ડાબો હાથ ડાબી દિશામાં ને જમણો હાથ જમણી દિશામાં ફંગોળે ને ડોકું ધૂણાવીને ગાય અને પછી મણિભાઈને પૂછે : 'મણિભાઇ ! અનિલ કેમ વાય ?' એટલે મણિભાઇ એમાં સૂર પૂરાવે : 'આમથી તેમ વાય' હાથના લ્હેકા દ્વારા.. આ પ્રસંગ પરત્વે લેખક કહે છે : "મારા આ મિત્રોના પરિહાસમાં ઇર્ષ્યાનો કે કટુતાનો જરાય ડંખ નહોતો. એ બધા જ પોત પોતાની રીતે વિશિષ્ટ શક્તિ ધરાવતા હતા. એથી એ થોડાક સભાન પણ હતા. પણ મને પજવીને મારી સુપ્ત સર્ગશક્તિને એ પ્રજ્વલિત પણ કરતા હતા એ હું તે સમયે ક્યાં જાણતો હતો ? અને એ બધા પણ. આજે વનપ્રવેશ કરી ચૂકેલા અને મોટા ભાગના 'દાદા' બની ચૂકેલા એ બધામાંથી કેટલાકને મળીએ છીએ અને ભૂતકાળના સુખદ દુઃખદ સંસ્મરણો સંકોરી - વાગોળી અરસપરસને પૂછીએ છીએ : 'ત્હને સાંભરે રે ?' અને જવાબ મળે છે 'મને કેમ વિસરે રે,'

એક સંસ્મરણાત્મક મુલાકાતમાં કવિએ પોતે જ તેમના પ્રારંભિક કાવ્યસર્જન વિશે આમ કહેલું : "૧૯૩૩ માં હું અંગ્રેજી ધોરણ છઠ્ઠામાં ભણતો હતો ત્યારે, (વય ૧૬ ની) કલિંગનું યુધ્ધ જીત્યા બાદ અશોકનું મનોમંથન મેં સિત્તેર પંક્તિઓમાં આલેખેલું..... એ યુધ્ધમાં લાખ્ખોનો સંહાર થયેલો, હજારો ઘવાયેલા, હજારો કેદીઓ તરીકે પકડાયેલા. શસ્ત્રના વિજય કરતાં હૃદયધર્મનો વિજય સાચો ને સ્થાયી છે, એ સત્ય સમજાતાં અશોકે શસ્ત્ર-સંન્યાસ સ્વીકારેલો. એ મનોમંથનની કેટલીક ક્ષણોનું આલેખન આ રીતે કરેલું:

આ એક અકે કરવા ધરાને
મેં યુધ્ધનું ચક્ર ભૂંડું ચલાવ્યું,
ઘેલી મનીષા પરિતોષવાને
કલિંગ સારું જીવતું જલાવ્યુ
મહેન્દ્ર શા કુલદીપો બુઝાવ્યા,,
ને સંઘમિત્રા સમી કુલ દીવીઓ
કૈં કૈં કરી કંકણહીણ કામિની
ને નોંતરી સંસ્કૃતિ નાશ યામિની.
મેં દેશની દોલત વેડફી ને
હણ્યા યુવાનો નવ રાષ્ટ્ર સર્જકો
રચી અશાંતિ, પ્રગતિય રોધી
શું યુધ્ધ અંતે વર સિધ્ધિ સાધી ?
કલિંગ જીત્યો પણ જીતતાં તો
મેં પ્રાણ શી માનવતા વધેરી;
જીત્યા નહીં આત્મરિપુ મહાબલા
આ સ્થૂલ જીતે વસી સૂક્ષ્મ હાર." ૭

અંગ્રેજી ધોરણ–૨ થી ધોરણ–૬ સુધી એટલે કે એમની બારથી સોળ સુધીની વય દરમિયાન તેઓ કડી–આશ્રમમાં રહ્યા ને સર્વ–વિદ્યાલયમાં ભણ્યા....એ પાંચ વર્ષોમાં આ સંસ્થા દ્વારા તેઓ ઘણુંબધું પામ્યા છે. એ પછી ઘણાં વર્ષો સુધી એ વિવિધ વિદ્યાશાખા–ઓની ચારેક ઉપાધિઓ માટે અનેક આશ્રમોમાં રહ્યા છે, અને વિદ્યા સંસ્થાઓમાં અભ્યાસ કર્યો છે, પણ કડીની આ આશ્રમિક કેળવણીસંસ્થા જેટલો અહોભાવ ને અનુરાગ કોઈપણ સંસ્થા માટે દર્શાવ્યો નથી. 'સુવર્ણજયન્તી' માં તેઓ 'સંભારણું' શીર્ષક નીચે 'મને સાંભરે રે' માં સતત લખતા હતા...તેમાંનું સંસ્થાની પ્રાર્થના–વિષયક લખાણ જોઈએ :

"હું ભણતો હતો ત્યારે (ઇ.સ. ૧૯૨૯ થી ૧૯૩૩) કડી આશ્રમમાં એક મઝાનો તંદુરસ્ત નિયમ હતો. સવાર–સાંજ જમતી વખતે પીરસાય તે દરમિયાન ગીતાના સંસ્કૃત શ્લોક બોલવાનો નિયમ. પ્રભાતની તથા સાયંકાળની અને વિદ્યાલયની પ્રાર્થનાઓ તો જુદી. સવાર–સાંજના સમયને અનુરૂપ કેટલાક શ્લોકોની વરણી કરી, એને જાડા મોટા કાગળની બંને બાજુએ છાપવામાં આવતા. પીરસણ પહેલાં આ કાગળિયાં પ્રત્યેક વિદ્યાર્થીને વહેંચાતાં. પીરસણ ચાલુ થાય એટલે નક્કી કરેલા બે વિદ્યાર્થીઓ ક્રમમાં અક્કેક શ્લોકની પ્રથમ પંક્તિ ઉચ્ચ સ્વરે ઉચ્ચારે એટલે તરત જ બાકીના બધા એને ચીવટપૂર્વક અને શુદ્ધિપૂર્વક સંવાદી રૂપે ઝીલે. એ દૃશ્ય ખરેખર હૃદયંગમ ને મનોહરી હતું. એનાથી એક પ્રકારનું આશ્રમિક વાતાવરણ જામતું. પીરસનારને ચાનક ચઢતી, શ્લોક બોલનારનું ગૌરવ થતું અને ઝીલનાર ગણગણાટ–ઘોંઘાટ કરવામાંથી કે કરનારથી બચી જતા. આ તો

એની ગૌણ બાજુ થઇ, પણ એનાથી શિસ્ત જાળવવામાં સુગમતા થતી. શાસ્ત્રીયસંગીત નહીં તોય રાગના ઘરમાં રહીને પણ શ્લોકો લલકારવાની લિજ્જત આવતી અને વાક્-શુધ્ધિની કેળવણી સહજ રીતે મળતી. સંસ્કૃત ભાષાના શુધ્ધ અને શાસ્ત્રીય પઠનની કેળવણી સાથે આપણા હજારો વર્ષના સાંસ્કૃતિક વારસાનું કલ્યાણકારી ને બલપ્રદ ધાવણ લીલયા મળતું. એ કાળે, સામાન્ય રીતે વધુ ભાર ઝીલવાની ક્ષમતા ધરાવનાર સ્મૃતિ અત્યંત સતેજ ને ધારદાર બનતી.

ગીતાના બીજા અધ્યાયમાંથી 'સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા સમાધિસ્થસ્ય કેશવ' થી 'એષાબ્રાહ્મી સ્થિતિઃ પાર્થ નૈનં પ્રાપ્ય વિમુહ્યતિ।' સુધીના શ્લોકોનું પઠન - પારાયણ મારા જેવા અનેક વિદ્યાર્થીઓને આજે પણ યાદ હશે. એ સમયે અમો 'સ્થિતપ્રજ્ઞ' નો અને 'બ્રાહ્મી સ્થિતિ'નો બ્રહ્મક્ષરેય જાણતા નહોતા (અને આજેય ?) છતાંયે એ દેવભાષાને લલકારવામાં એક પ્રકારનો સૂક્ષ્મ ને સાત્ત્વિક આનંદ આવતો. એમાંના બે શ્લોકો તો મને અત્યંત પ્રિય હતા - તે આ :

ધ્યાયતો વિષયાન્પુંસ :
સંગસ્તેષૂપ જાયતે ।
સંગાત્સંજાયતે કામ :
કામાત્ક્રોધોઽભિ જાયતે ॥ (ગીતા: અધ્યાય બીજો, શ્લોક: ૬૨)

ક્રોધાદ્ ભવતિ સંમોહ :
સંમોહાત્સ્મૃતિ વિભ્રમ : ।
સ્મૃતિ ભ્રંશાદ બુધ્ધિનાશો
બુધ્ધિનાશાત્પ્રણશ્યતિ ॥ (ગીતા: અધ્યાય બીજો, શ્લોક: ૬૩)

અચેતનમાં અચેતન માનસશાસ્ત્ર, ગૂઢમાં ગૂઢ યોગશાસ્ત્ર, ગહનમાં ગહન જીવનશાસ્ત્ર અને સર્વકાલીન તથા સર્વજનીન ઊંચી કવિતાની દૃષ્ટિએ પણ એ શ્લોકોનું મહત્ત્વ મારે મન આજે પણ ઘણું મોટું છે."

સ્વામી વિવેકાનંદ અને પૂ. ગાંધીજીની અસરને પરિણામે આપણે ત્યાં વ્યક્તિગત મોક્ષના પુરુષાર્થની ભાવના સહેજ મોળી પડી અને આધ્યાત્મિક સાધના કાજે સામૂહિક પુરુષાર્થની દિશા જડી, અને આમ સામૂહિક પ્રાર્થનાની પ્રણાલિને વિશાળ ફલક સાંપડયું. હૃદયની સાચી કેળવણીની અભિવૃધ્ધિમાં એનો ફાળો જેવો તેવો નથી. કડી-આશ્રમ અને સર્વ વિદ્યાલયની સમૂહગત પ્રાર્થનાઓ પાછળ સીધી પ્રેરણા કદાચ ગાંધીજી ને ગાંધીજીના આશ્રમની હોય કેમ જે શ્રી પોપટભાઇ અને શ્રી છગનભાઇ પટેલ ગાંધીજીની વિદ્યા-પીઠના સ્નાતકો હતા અને 'આશ્રમ ભજનાવલિ' એમની માર્ગ-દર્શિકા હતી. હવા, પાણી ને અન્ન વિના આપણને ચાલતું નથી. આ બધી દેહની જરૂરિયાતો છે. ધર્મ એ જીવનનો પ્રાણ છે અને પ્રાર્થના આત્માનો આહાર છે. વ્યવહાર જીવનને નીતિમય કરવા અને આત્માને પોષક આનંદનો આહાર આપવા પ્રાર્થનામય જીવન અનિવાર્ય છે. 'હૃદયની સાચી કેળવણી' શીર્ષક નીચે ડો. પટેલે 'સુવર્ણજયન્તી' માં આ અંગે લખ્યું છે : "અમારી એ પ્રાર્થનાઓએ અમને શુકપાઠી બનાવ્યા પણ ઉત્તર જીવનમાં અંતર્મુખ થવા પ્રેર્યાં. પરમતત્ત્વની સાધનામાં આપણે બધા સાથે છીએ એ ભાવના જીવનમાં કેવી તો ઊષ્મા આપે છે ! અને પ્રાપ્તત્યનો વિવેક પ્રાપ્ત થયો તે વિશેષ લાભ. ગભરુ-હૃદયોને, પ્રાર્થના જીવન પ્રત્યે અભિમુખ કરતા એ ઉદાત્ત ગુરુ-હૃદયોની આત્મ-સમૃધ્ધિનો ખ્યાલ કેવો સુખદ છે ! એ 'વાઙ્મયી-ઉપાસના' દ્વારા આપણી સંસ્કૃતિની સાત્ત્વિકમાં સાત્ત્વિક શ્રી-સમૃધ્ધિ પામ્યાનો અંદાઝ તો કોણ કાઢી શકે?" [૯]

ડૉ. 'અનામી'ના તખલ્લુસ પાછળ પણ પરમતત્ત્વની આ વિભાવના ગર્ભિત છે ને એમનો આઠમો કાવ્યસંગ્રહ નામે 'અનામી-ભક્તિ-સુધા' (૧૯૯૦) માં પણ એના સંસ્કારબીજ વરતાઇ આવ્યા વિના રહેતા નથી. પેલા પ્રકૃતિ-કાવ્ય પછી લેખકે પ્રથમ ભક્તિકાવ્ય લખેલું જે યોગેશ્વરજીના 'અધ્યાત્મ'માં પ્રગટ થવા મોકલેલું .... પણ એના તંત્રીશ્રી નારાયણ જાનીના એકરાર મુજબ એ ગેરવલ્લે પડયું છે.

સંવાદ, નાટક, વક્તૃત્વ સ્પર્ધાની જેમ ત્યાંના તે કાળના આચાર્યશ્રી બાપુભાઇ ગામીએ એક તંદુરસ્ત પ્રણાલિ એ અખત્યાર કરેલી કે બબ્બે માસે શિક્ષકોને બદલે જે તે વર્ગના હોશિયાર વિદ્યાર્થીઓ જ વર્ગ લેવા જાય. નોંધનીય બાબત એ છે કે શ્રી પટેલ જ્યારે ૧૯૩૨માં ધોરણ પાંચમામાં ભણતા હતા ત્યારે આચાર્યશ્રીએ એમને ધોરણ છઠ્ઠાનો વર્ગ લેવા મોકલેલા. સામાન્ય રીતે ધોરણ પાંચમામાં ભણતો વિદ્યાર્થી એનાથી નીચેના વર્ગમાં ભણાવવા જાય... પણ આચાર્યશ્રીએ જાણીબૂઝીને શ્રી પટેલને ઉપલા વર્ગમાં મોકલ્યા, જેમાં એમના મોટાભાઈ - શ્રી મણિભાઇ પટેલ ને પેલા પ્રકૃતિ-કાવ્ય માટે મીઠી મશ્કરી કરનાર શ્રી મોતીભાઇ અને શ્રી કલ્યાણભાઈ ભણતા હતા ! શ્રી પટેલે ધોરણ-૬માં ચાલતા કવિવર ન્હાનાલાલના 'સંઘમિત્રા' નાટકને સુંદર ન્યાય આપેલો —— એમ વિદ્યાર્થીઓ અને વિષય-શિક્ષકે કહેલું. આપ એક આજીવન ભાવિશિક્ષકનું ઘડતર પણ આ સંસ્થામાં જ થયેલું ને મેટ્રીક થયા બાદ એક સાલ માટે એ જ સંસ્થામાં શિક્ષક તરીકે કામગીરી પણ બજાવેલી.

ડૉ. 'અનામી' એ પાકટ વયે એક લેખમાળા શરૂ કરેલી જેનું શીર્ષક હતું 'તસ્મૈ શ્રી ગુરુવે નમઃ|' —— જેમાં તેમણે સર્વવિદ્યાલય શિક્ષણની સંસ્થાના તેમના કેટલાક ગુરુઓના શબ્દચિત્રો આલેખેલા

ને તેમને ભાવભીની અંજલિ આપેલી ---- જેમાં ગણિતના બે ગુરુઓ પ્રો. જેઠાલાલ ચીમનલાલ સ્વામીનારાયણ તથા શ્રી પોપટલાલ ગુલાબદાસ પટેલ, ગુજરાતીના બે ગુરુઓ --- શ્રી છગનભાઇ કાલિદાસ પટેલ ને શ્રી ઉમેદભાઇ ર. પટેલ ('પરિમલ', 'યાત્રિક'), અંગ્રેજી-સંસ્કૃતના ગુરુ આચાર્ય શ્રી બાપુભાઇ ગામી અને ભાષા-સાહિત્યની દીક્ષા આપનાર રસજ્ઞમર્મજ્ઞ ગુરુ શ્રી ડાહ્યાભાઇ હરગોવિંદદાસ જાની (ઉત્તર વયમાં રમણાનંદ સરસ્વતી)ના શબ્દ-ચિત્રો 'સુવર્ણજયન્તી' (૧૯૭૦) ના અંકમાં પ્રગટ થયાં છે. આ ઉપરાંત તેમણે સંસ્થાના આદ્યસ્થાપક પૂ. છગનભા વિષે કાવ્યો લખ્યાં છે ને એમની જન્મ શતાબ્દી ટાણે સો શ્લોકોનું એક ભાવાંજલિ કાવ્ય પણ લખેલું. સંસ્થા-વિષયક લખાયેલાં બે કાવ્યો જેમાંનું એક તો લગભગ દરરોજ ગવાય છે. આ રહ્યું તે કાવ્ય :

સુંદર સર્વવિદ્યાલય રાજે,
શિશુ અંતર જનની દર્શનથી
    સુખ ભરતી ગાજે -- સુંદર ---
    ભારત-ઉપવન કમનીય કુંજે,
ગુર્જર ભોમ પ્રકાશે,
ઉત્તરમાં ત્યાં એક ક્યારડે,
        વિધવિધ ફુલડાં હાસે --- સુંદર ---
કૈંક ઝરણાં કલકલનાદે
        સરિતા સાગર ગાજે,
એ સાગરના ગર્જન-ઘોષે
        ઝરણની કિંકણી બાજે -- સુંદર ---
આ મનના કણકણમાં, બીજના
        અંકુર કુમળાં હાસે,
સુરભિત કુસુમિત નવપલ્લવ આ,
        ઘટા અડાબીડ ભાસે -- સુંદર ---

આજ કુટિરમાં ટમટમતો જ્યાં
દીપક મંદ પ્રકાશે,
અગણિત તારક અંકિત સૌમ્ય
મયંકે ગગન વિહાસે -- સુંદર ---
શાન્ત દાન્ત જીવનની ધાત્રી,
ધીર વીર રસ પાજે,
જ્ઞાનશક્તિ ને મંગલદાત્રી
યાત્રી, અમ સહુ આજે --- સુંદર ---
ફુલ-પરિમલથી, કલકલનાદે,
નવપલ્લવને વાસે,
તારક તેજે ભરતભૂમિને
પુલકિત કરશું હાસે ---સુંદર ----

આ સંસ્થામાં તેઓ એક સાલ માટે અધ્યાપક તરીકે રહયા એ દરમિયાન એમના બે કવિ-મિત્રોના સાથસહકારે એમની સાહિત્યની સમજ ખીલી અને સર્જન-પ્રવૃત્તિને વેગ પણ મળ્યો. આ બે સાહિત્ય--મિત્રો તે કવિ ઉમેદભાઇ ર. પટેલ('પરિમલ', 'યાત્રિક') અને બીજા શ્રી મગનભાઇ ભૂધરભાઇ પટેલ ('પતીલ'). 'પરિમલ' અને 'યાત્રિક' તખલ્લુસથી શ્રી ઉમેદભાઇ પટેલ તે કાળમાં મોટેભાગે બંગાળી સાહિત્યનાં દીર્ઘ પ્રસંગકાવ્યો અને ટાગોરનાં ઊર્મિકાવ્યોના અનુવાદ આપતા, જે 'સર્જન'માસિકમાં પ્રગટ થતા. શ્રી રણજિત પટેલની બંગાળી ભાષા અને સાહિત્ય પ્રત્યે અભિરુચિ કેળવવામાં અને અભિમુખ કરવામાં શ્રી ઉમેદભાઇનો ફાળો નોંધપાત્ર છે. એ પછી ૧૯૩૨માં ચાર માસના જેલનિવાસ દરમિયાન સાબરમતી જેલના છોટા સર્કલમાં મનમાદ બોમ્બ કેસમાં સાત વર્ષની જેલ ભોગવનાર શ્રી મનમોહન ગુપ્તાના પરિચયમાં આવતાં બંગાળી ભાષાનો

મહાવરો તાજો થયો ને ૧૯૩૭માં એક સાલ માટે કલકત્તામાં રહ્યા એટલે એમાં સારી ફાવટ આવી. એ સમયે પણ તેઓ બંગાળી 'આનંદ બજાર પત્રિકા'ના ગ્રાહક હતા. આ મુદ્દો ઝીણો કાંતવાનો આશય એ છે કે ઇ.સ. ૧૯૬૧માં રવીન્દ્ર શતાબ્દીની મ.સ.યુનિ. તરફથી ઉજવણી થઇ ત્યારે 'રવીન્દ્ર શતાબ્દી સમિતિ'ના ડૉ. પટેલ મંત્રી હતા ને એ દરમિયાન જે ભાષણો કરેલાં તે 'ટાગોરનું જીવન : કવન' પુસ્તકરૂપે પ્રગટ થયાં છે. આ ઉપરાંત આકાશવાણી પરથી તેમણે ટાગોરનાં કાવ્યોના અનુવાદ પણ રજૂ કર્યા છે.

બીજા એમના કવિમિત્ર શ્રી 'પતીલ' અંગ્રેજી, હિન્દી, ઉર્દૂ અને ગુજરાતી --- એમ ચાર ભાષાઓમાં કાવ્યરચના કરતા. આ સ્વાભિમાની અને પ્રયોગશીલ કવિના સહવાસથી મુખ્યત્વે છંદના પ્રયોજનની બાબતમાં શ્રી 'અનામી'ને કેટલોક ફાયદો થયો છે, એમ એમની સાથેની વાતચીત પરથી સમજાયું છે. આ ત્રણેય મિત્રો દર રવિવારે એકબીજાને ઘેરે બેત્રણ કલાક માટે નિયમિતરીતે મળતા અને અન્ય કવિઓની કૃતિઓનું પણ અધ્યયન કરતા.

સર્વવિદ્યાલયના અભ્યાસકાળ દરમિયાન એક વાત ખાસ નોંધવી જરૂરી છે કે તેમને ગદ્યલેખો લખતા કર્યા શ્રી ડાહ્યાભાઇ હ. જાનીએ..., અને એના પ્રકાશનમાં પ્રોત્સાહિત કર્યા આચાર્ય શ્રી બાપુભાઇ ગામીએ. ધોરણ છઠ્ઠામાં ભણતા હતા (ઇ.સ. ૧૯૩૩) ત્યારે તેમણે 'યોગેશ્વર કૃષ્ણ' ઉપર એક ૮૦ પાનાનો અભ્યાસ નિબંધ તૈયાર કરેલો જે વિદ્યાર્થીઓ અને શિક્ષકો સમક્ષ વ્યાખ્યાનરૂપે રજૂ કરેલ અને એકાદ દાયકા બાદ એક ઇનામી નિબંધ હરીફાઇમાં એને પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયેલું.

ઇ.સ. ૧૯૩૪માં શ્રી પટેલ મેટ્રીકમાં આવ્યા, પણ

સર્વવિદ્યાલયમાં તો તે કાળે ધોરણ-૬ સુધીની વ્યવસ્થા હતી. ઇ.સ. ૧૯૩૩માં એમના મોટાભાઇ શ્રી મણિભાઇ અમદાવાદની પ્રોપ્રાયટરી હાઇસ્કૂલમાં મેટ્રીકમાં દાખલ થયેલા... એટલે રણજિત-ભાઇને પણ ત્યાંજ દાખલ કરવાની વાત આવી... પણ આચાર્યશ્રી બાપુભાઇ ગામીએ એમના પિતાજીને સમજાવીને અમદાવાદને બદલે આણંદની, સર્વવિદ્યાલય જેવી જ આશ્રમિક-વિદ્યાસંસ્થા ચરોતર એજ્યુકેશન સોસાયટીની શ્રી દાદાભાઇ નવરોજી હાઇસ્કૂલમાં દાખલ કર્યા. તે વખતે ડી.એન. હાઇસ્કૂલમાં વિદ્યાનગરના વિશ્વકર્મા શ્રી ભાઇલાલભાઇ દ્વાભાઇ પટેલના જમણા હાથ જેવા શ્રી ભીખાભાઇ કુબેરભાઇ પટેલ આચાર્ય હતા ને એમના અનુભવી સહકાર્યકર તરીકે શ્રી રામભાઇ ગલાભાઇ પટેલ હતા જે આચાર્ય ગામીના પરમમિત્ર હતા. શ્રી ગામી અને શ્રી રામભાઇ પટેલે ઓડની રાષ્ટ્રીય શાળામાં કેટલોક સમય સાથે કામ કરેલું, એટલે એક ભલામણપત્ર સાથે શ્રી ગામીએ રણજિતભાઇની શ્રી રામભાઇને સોંપણી જ કરી. શ્રી રામભાઇ પટેલ અને ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક શ્રી ચંદુભાઇ રાવજીભાઇ પટેલે રણજિતભાઇના વિકાસમાં સક્રિય રસ લીધો. શ્રી રામભાઇ પટેલે તો એમની પોતાની લાયબ્રેરીમાંથી શ્રી રમણભાઇ નીલકંઠના 'કવિતા અને સાહિત્ય' ના ચાર ભાગ વાંચવા આપ્યા. ચરોતરની બધીજ હાઇસ્કૂલોમાંથી મેટ્રીકની પરીક્ષામાં ગુજરાતીના વિષયમાં પ્રથમ આવવા બદલ શ્રી પટેલને 'કાન્ત પ્રાઇઝ' મળતું હતું, પણ એ ચરોતરના નહીં, પણ ગાંધીનગર જિલ્લાના હોવાને કારણે, નિયમ પ્રમાણે એમને એ મળી શકેલું નહીં.

૧૯૩૪નું વર્ષ મેટ્રીકનું હતું એટલે અભ્યાસેતર પ્રવૃત્તિઓ મંદ તો પડી છતાંયે ચરોતર એજ્યુકેશન સોસાયટીએ એમને ત્રણ વસ્તુઓ રળી આપી - (૧) એક તો એમને અહીંના ભાવનાશાળી ને આદર્શવાદી

કેટલાક અધ્યાપકો જેવા કે શ્રી આશાભાઇ પટેલ, શ્રી રામભાઇ પટેલ, શ્રી ચંદુભાઇ પટેલ ને શ્રી રાવજીભાઇ પટેલ સાથે ઘનિષ્ઠ પરિચય થયો, જેણે એમના ચારિત્ર્ય ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. ભવિષ્યમાં આ બધા જ અધ્યાપકો ચરોતરની જે તે હાઇસ્કૂલમાં પ્રિન્સિપાલો થયા --- ત્યારે ડૉ. પટેલે એમની સંસ્થાઓમાં સાહિત્યના વિષયો ઉપર પ્રવચનો કરેલા. (૨.) સંસ્થામાંથી પ્રગટતા 'બાલમિત્ર'ના તંત્રી સાથે પરિચય થતાં સાહિત્ય પ્રવૃત્તિને વેગ મળ્યો, કેટલાક કાવ્યો લખાયાં, જે 'રણજિતકૃત કાવ્યમાલા' રૂપે પ્રગટ થયાં, જેમાં 'માનવ મધુકરને' કાવ્ય નોંધપાત્ર છે. ઇ.સ. ૧૯૩૩માં, સોળ વર્ષની વયે અંગ્રેજી ધોરણ છઠ્ઠામાં અભ્યાસ કરતા હતા તે વખતે લખાયેલા કાવ્યનો નમૂનો આ છે :

## માનવ મધુકરને

પાપે તાપે, કુડકપટને ભેદખેદેથી જ્યારે
માઝા છાંડી, કટુભવજલધિ પાપ છોળો ઉડાડી.
ઉલ્કાપાતો જગપટ ચીરતા વ્યોમ તિમિર છાયાં
ત્યાં તો વીરા વિજ સમ ઝબકી તું ચગ્યો વ્યોમભાલે.

ગ્રામે, દેશે, જનગણમનમાં રાજ્યસામ્રાજ્ય માંહી
પિતા પુત્રે, જનનિ, વનિતા, દુહિતા આપ્તવર્ગે
દ્વૈત દાઝયાં, રિપુ બની રહયાં, જીવને ઝેર પાયાં
જ્ઞાનામ્બુના જીવનઝરમાં વિષ ખેરી નાખ્યાં.

પ્રાણી, પક્ષી, પશુ, પવનને, પાણી કે પુષ્પમાંહે
પર્ણે, પર્ણે, ગીરિ, દ્રુમ, જડે, ચેતને વેલડીએ
ધરણી મૈયા ઉરથકી ઉલચે શોક નૈર સ્મજ્વાલા
તારા શીળા પ્રણય છલકતા હોજમાં સૌ લપાયાં.

ઝઝાવાતે જગઆણ દીઠા કે મહા કો' તુફાને
ઉલ્કાપાતે જીવનતિમિરે કે રૂઠેલા અનિલે.
શ્રધ્ધા, ઈચ્છા, અવનિઅનુપમા આત્મશ્રધ્ધાની જ્યોતે
ઢુંઢી, ગોતી જગકટુ કજીઆ જ્ઞાન જ્યોતે જલાવ્યા.

ધર્મે, કર્મે, જીવન કવને દૈભના દોર દેખ્યા
ન્યાયે, પુણ્યે, નીતિ, શુચિમહિ પાપન પાય પેખ્યા.
શ્રેયો દ્વારા શૂરધીર રણકે આત્માકોકિલ કુંજે
ધીરા નાદે ધરણી થીજીને આત્મનવનીત માણ્યા.

ધર્મો, કર્મો, જીવનરસીઆ છે અતિ બાહ્યભાસી
સૂક્ષ્માર્થોના જગરચી શકે બુધ ઉચ્ચાભિલાષી.
ખેંચે તું તો મધુરમધુરો જે મધુ સૂક્ષ્મબાહ્યે
ખેંચે ના શું મનુજ મધુકરી જ્ઞાનદૈવી મધુએ.

ગીતાનું તે તનમનધનથી જીવને સાચ સાધ્યું
ભેદી કુડા દફન કરતા જીવને સત્ત્વ લાધ્યું.
બોધે આવો તરબતર થતો યુગ સંદેશ પીશે?
સ્પૃશ્યા સ્પૃશ્યો મધુકર રીતિથી કો'દિ શુંએ ભૂલેમા?

ભાવો સૃષ્ટિ પછીજ વિલસે દૈવીકર્તવ્ય સૃષ્ટિ.
એ સૃષ્ટિ તે રચી અતિ ગતિલી માનવે પ્રેરણા દે.
દાને, પુણ્યે, ધરમ મરમે પુરુષાર્થે જ પ્રેમે
સેવા શી તે અનુપમ જગની સાધી રે શૂરવીર ?

સૃષ્ટિ શાંતિ કદિ નવ હણતા તે સૃજી આત્મક્રાંતિ.
એ ક્રાંતિનું યુગલ નીપજ્યું રાજ્યને વિશ્વક્રાંતિ.

કોકરવર્ણાં નીરસમ સ્વજને વિજને જ્ઞાન સીંચ્યુ
શાંતિ મંત્રે જગ ઝટ પલટયું યોગી, સાધુ, ફીરસ્તા.

તારૂ જાદુ યમનિયમમાં છે જડયું શાંતિદાતા
સૂક્ષ્મે સ્થૂલે મધુકર બને જીંદગી બંદગીમાં.
માથા ઝૂકે અયિ વિભુપ્રણેતા કે અયિજ્ઞાનદાતા
શાંતિ ઘેલા, અયિ ઉર રસીલા રાષ્ટ્રના કોવિધાતા.

તારા રૂડા, લલિત વિકસતા વિકસ્યા કોમધુરા
સોહન્તા એ જીવન સુમનેથી પરાગો છુટે છે.
ધીરી શાંતિ થકી લળી ઢળી વિસ્તરે આત્મપુષ્પે
ફાલે, ફૂલે, જીવનદ્રુમને કોક્ષણે એ ફળે છે.

પણ (૩.) સૌથી મોટો લાભ તો સંગીત શિક્ષક શ્રી ગદ્રે સાહેબ સાથે વિશેષ પરિચય થતા તેમના કહેવાથી, સંગીતની તેમની બે પુસ્તિકાઓ માટે શ્રી પટેલે કેટલાક ગેય કાવ્યો પણ લખી આપ્યા... જે ત્યાંના જે તે સંગીતના વર્ગોમાં ગવાતાં. નમૂનારૂપે આ બે જોઈએ :

૧. નભની ચંદ્રિકા હો રાજ !
નભમાં સરસર કરતી સરતી,
ઉરમાં મોદ અનુપમ ભરતી
અન્તર વિશ્વ સકલનાં હરતી
નભની ચંદ્રિકા હો રાજ ! ...

૨. ચારુ કુંજ, શ્યામ સરિત ઘાટ વેણુ વાગી,
વેણુ વાગી, નાર વ્રજની છાંડી સેજ ભાગી.
ચારુ કુંજ ....

વનવન ભમી ભ્રમર ગાય,
સુમન-વેલી-તરુ સુહાય,
અવનિ-આભ અજબ ન્હાય :
શ્યામ સૂર માંહીં --- ચારુ કુંજ ---

મેટ્રીક સુધીના એમના વિકાસની આ કથા પૂરી કરતા પહેલા, જે સંસ્થાએ એમના જીવનનું નક્કર ઘડતર કર્યું એના આચાર્ય શ્રી એન. એન. દેસાઇએ તેમને આપેલુ પ્રમાણપત્ર જોઇ લઇએ. કવિના સર્વાંગી વિકાસનો તેમાથી ઠીકઠીક ખ્યાલ મળે છે :

<u>Sarva Vidyalaya High School, Kadi (N.G.)</u>

30th March, 1949

I have great pleasure in certifying that Patel Ranjit M. was a student in this school when he took his secondary education. As a student his career was shining and he always stood among the first few of his standard. He was bright in all subjects and specially in languages - English, Gujarati and Sanskrit. He took keen interest in all extra-curricular activities of the school and made a mark therein. He was the editor of the hand-written magazines of his class and took the foremost part in school debates, dramatics, industries and crafts.

After passing his matriculation examination, he worked as a teacher in this school from 17-6-1936 to 31-3-1937 to the full satisfaction of his head and his taught. He was highly popular with his pupils for his ability and his all-

round interest for the pupils.

Even after passing his M.A. and before going for B.T. he worked with the same success as a teacher in one of the schools Seth G.C. High School, Pilvai, run by Sarva Vidyalaya Kelavani Mandal.

I wish him success in life.

N.N. Desai,
Head Master,
Sarva Vidyalaya High School,
Kadi. (N.G.)

આચાર્ય શ્રી દેસાઈએ debates and dramatics ની સાથે Industries and crafts વાત પ્રમાણપત્રમાં દર્શાવી છે, તો જણાવવાનું કે શ્રી પટેલને કપાસ પીલવો, પીંજવો, પૂણીઓ બનાવવી, કાતવું, વણવું, ખાટલાની પાટી વણવી, સુથારીકામ, લુહારીકામ, વણાટકામ, પ્રેસનું કામ, કેશકર્તનકલા, બાગાયત – આ સર્વમાં સારો રસ હતો, ને આ બધાનું વ્યવસ્થિત શિક્ષણ સંસ્થામાં આપવામાં પણ આવતું. એમના એક કાકા શ્રી શંકરલાલ વ્યાયામ શિક્ષક હતા એટલે રમત-ગમત તેમજ અખાડા પ્રવૃત્તિમાં પણ એ સક્રિય રસ લેતા – એટલું જ નહીં પણ લાઠી, લેજિમ, લકડી ચલાવેલી. મહેસાણા જિલ્લા વ્યાયામ હરીફાઈની એક માઈલની દોડમાં તેઓ પ્રથમ નંબરે આવેલા.

આપણને નવાઈ લાગે ને પ્રશ્ન પૂછવાનું મન થાય કે મેટ્રીક સુધી આટલી બધી સારી 'કરીઅર' ધરાવનાર વિદ્યાર્થીએ કૉલેજમાં આગળ અભ્યાસ કરવાને બદલે નોકરી શા માટે સ્વીકારી? અંગત રીતે એમને આ પ્રશ્ન પૂછતા તેમણે જણાવ્યું : "મારા પિતાજી

આર્થિક રીતે એકંદરે સુખી ખરા પણ આખરે તો મધ્યમકક્ષાના ખેડૂત. અમે ચાર ભાઇઓ ને એક બહેન. પિતાજીએ એકવાર ચારેય ભાઈઓને જણાવી દીધુ કે મારી સ્થિતિ તમો ચારેયને મેટ્રીક સુધી ભણાવવાની છે. એ પછી તમારે આગળ ભણવું હોય તો તમારી મેળે વ્યવસ્થા કરી લેવાની." મોટાભાઇ મણિભાઈ મેટ્રીક પછી અમદાવાદ મ્યુનિસિપાલિટીમા નોકરીએ રહયા ... લાંઘણજ—ગોઝારીઆમા શિક્ષક તરીકે રહયા ને કમાઇને ફરી ભણવાનુ શરૂ કર્યુ ને બી.એ., એસ.ટી.સી., બી.ટી., સાહિત્યરત્ન થયા ને લગભગ ૩૮ સાલની નોકરી બાદ નરસંડાની હાઇસ્કૂલમાથી પ્રિન્સિપાલ તરીકે નિવૃત્ત થયા. — બીજા ભાઇ શ્રી શિવાભાઇ પણ મેટ્રીક પછી નોકરી કરી ને બી.એ. ઓનર્સ, બી.ટી. ફસ્ટ ક્લાસ, એલએલ.બી. ફસ્ટ ક્લાસ થયા, ને મહાત્મા ગાંધી વિદ્યાલયમાથી આચાર્ય તરીકે નિવૃત્ત થયા. સૌથી નહાના હીરાભાઇને ત્રણ વડીલ બંધુઓની હૂંફ મળતા, વચ્ચે બ્રેક પાડયા વિના, મુંબઇની મેડિકલ કોલેજમાથી ડોક્ટર થયા ને મુંબઇમા જ સ્થિર નિવાસ કરી ત્યા જ પ્રેક્ટીસ શરૂ કરી — — પણ શ્રી રણજિતભાઇ પટેલે ઇ.સ.૧૯૩૫મા મેટ્રીકની પરીક્ષા પસાર કરી તે વર્ષના જૂનમા સૂરતની 'ધ ઇન્સ્ટિટયૂટ ઓફ કોમર્સ'મા દાખલ થઇ શોર્ટહેન્ડ, ટાઇપરાઇટીંગ અને બીઝનેસ કોરસપોન્ડસનો કોર્સ કર્યો. એ પછી તા. ૧૭—૬—૩૬ થી તા. ૩૧—૩—૩૭ સુધી, કડી સર્વવિદ્યાલયમા શિક્ષક તરીકે રહ્યા ને ત્યાથી રાજીનામુ આપી બનારસ ખાતે 'વિશ્વનાથ મૂવીટોન'મા જોડાયા — — ડાયરેક્ટર કેશવનાયક અને 'નવચેતન'ના આદ્યતંત્રી શ્રી ચાંપશીભાઇ આ મૂવીટોન સાથે સંકળાયેલા હતા — — બનારસના કોઇ દ્વિવેદીએ 'વિવેકાનંદ' પિક્ચર માટે 'સ્ક્રીપ્ટ' લખેલી ને શ્રી પટેલને તેમા વિવેકાનંદના એક શિષ્યની ભૂમિકા ભજવવાની હતી.

૧૯૩૭માં તેઓ આ કાર્ય અંગે બનારસની એક ગુજરાતી લોજમાં હતા (હળવદના કોઈ પ્રાણજીવનભાઈની એ લોજ હતી) ત્યારે, ત્યાં મૂળ મહુવાના વતની પણ જેમની અટક અને કલકત્તામાં સોના—ચાંદીની દુકાનો હતી તે શેઠ શ્રી મોહનલાલ માધવજીના પરિચયમાં આવતાં, અને 'વિશ્વનાથ મૂવીટોન'ની કામગીરી એમની સંસ્થાના આદર્શને અનુરૂપ ન લાગતાં, શ્રી મોહનલાલ માધવજી લવજી કંપનીમાં તેઓ જોડાઈ ગયા ને કલકત્તા ગયા. ત્યાં એમની કામગીરી ત્રિવિધ હતી. ૧. શેઠનાં બહેન શોભનાબહેનને અંગ્રેજી શિખવવાનું, ૨. ૧૫૬, હેરીસન રોડ પર આવેલી દુકાનમાં જે કંઈ પત્રો આવે તેના જવાબ આપવાનું (કોરસપોન્ડન્સનું) અને ન્યૂ માર્કેટ ખાતેની બીજી દુકાને રાતના આઠથી દશ સુધી સેલ્સમેન તરીકે કામ કરવાનું. આ કોસ્મોપોલીટન માર્કેટ માં તે સમયના ઉત્તમ ગાયક ને અભિનય સમ્રાટ શ્રી કુંદનલાલ સહગલ, અન્ય અભિનેતા——અભિનેત્રીઓ પણ એમની દુકાનેથી ખરીદી કરવા આવતાં.

શ્રી પટેલે ૧૯૩૭માં બનારસ ખાતે 'ચિત્રા' થિયેટરમાં, કલકત્તા ન્યૂ થિયેટરનું — 'દેવદાસ' ચિત્ર ૩૪ વાર

લખેલું જેમાં સહગલ 'દેવદાસ'ની ભૂમિકા ભજવે છે. મૂળ નવલકથા શ્રી શરદબાબુની છે. આજે પણ શ્રી પટેલને એના સંવાદો ને ગીતો 'માળી–દુ–માળી' સ્મૃતિમાં છે.

સૂરતની 'ધ ઇન્સ્ટીટ્યુટ ઑફ કૉમર્સ'માં ભણતા હતા ત્યારે તેમણે ન્હાનાલાલની ડોલનશૈલીમાં લગભગ ૨૫૦ પૃષ્ઠનું 'અજીત' નામે એક નાટક લખેલું, જેમાંની 'જીવન એટલે શું?' એ નાયિકાની ઉક્તિ ૧૯૩૬માં સૂરતમાંથી પ્રગટ થયેલ તેમના 'રણજિત રત્નાવલિ'માં (પૃ. ૩–૪–૫) પ્રગટ થઇ છે.

બનારસમાં નિવાસ દરમિયાન તેઓ સંસ્કૃતના વિદ્વાન શ્રી મગનલાલ શાસ્ત્રી અને ત્યાંની સંસ્કૃત પાઠશાળાના આચાર્ય શ્રી મૂળશંકર શાસ્ત્રી (મૂળ લીંબીના) ના પરિચયમાં આવ્યા ને સંસ્કૃત ભાષા અને સાહિત્ય પરત્વે અભિરુચિ કેળવી. કલકત્તાના નિવાસ દરમિયાન તેઓ 'નવચેતન'ના તંત્રીશ્રી ચાંપશીભાઇના ગાઢ પરિચયમાં આવ્યા, પણ 'ભણેલી ભીખ'માંની એકાદ 'રામ પ્યારી' વાર્તા સિવાય કંઇ લખી શક્યા હોય તેમ લાગતું નથી... અલબત્ત, એમના સંવિદ્માં ભાતભાતના અનુભવો સંચિત થયા તે સહી. કલકત્તામાં નોકરી સારી હતી, પગાર સારો હતો, પણ એમને કૉલેજમાં આગળ ભણવાની ધૂન ઉપડી એટલે ૧૯૩૭ના સપ્ટેમ્બરમાં અમદાવાદમાં આવી 'ગુજરાત સમાચાર'ની નોકરી સ્વીકારી, જ્યાં શ્રી ચુનીભાઇ વર્ધમાન શાહ ('સાહિત્ય પ્રિય'), શ્રી ગુણવંતરાય આચાર્ય, શ્રી યશવંત શુક્લ, શ્રી ભોગીલાલ સાંડેસરા, શ્રી કપિલ દવે, શ્રી પ્રભાતકુમાર ગોસ્વામી વગેરે નોકરી કરતા હતા. અહીં એમના મિત્ર શ્રી ભોગીલાલ સાંડેસરા અને મુરબ્બી શ્રી યશવંતભાઇ શુક્લની પ્રેરણાથી તેઓ ૧૯૩૮માં ગુજરાત કૉલેજમાં દાખલ થયા... પણ 'ગુજરાત સમાચાર'માં હતા એ દરમિયાન 'પ્રજાબંધુ'ના તંત્રીશ્રી

ચુનીભાઇ વર્ધમાન શાહ ('સાહિત્ય પ્રિય') ની પ્રેરણાથી એમની વાર્તાલેખનની પ્રવૃત્તિને ખાસો વેગ મળ્યો ને કેટલીક વાર્તાઓ 'પ્રજાબંધુ' સાપ્તાહિકમાં પ્રગટ થઇ.

ઇ.સ. ૧૯૩૫માં, અક્ષય તૃતિયાને દિવસે શ્રીમતી લક્ષ્મી બહેન પટેલ સાથે માંડ અઢાર વર્ષની કાચી વયે એમનું લગ્ન થયું, તે અરસામાં તેમણે એમનાં સદ્ગત માતૃશ્રીને ઉદ્દેશીને જે બે કાવ્યો ('બા' અને 'કરુણ મંગલ પળે') લખ્યાં છે; તેમાંના પ્રથમને સાક્ષર શ્રી અતિસુખશંકર ત્રિવેદીએ અને બીજાને શ્રી મેધાણીભાઇએ 'જન્મભૂમિ'ના 'કલમકિતાબ'માં બિરદાવેલ. પ્રથમ 'બા' કાવ્ય જોઇએ :

## બા

વદને પ્રેમ-પ્રદીપ પ્રકાશે,
નયને વ્હાલપ-ભરતી ભાસે,
નિર્મળ હાસે,
ઉર ઉલ્લાસે,
સદન સરસ સોહાવે આ :
વિનય વિમલ વત્સલમૂર્તિ શી ગૃહરાજ્ઞી એકલડી બા.
દુઃખ ગ્રીષ્મે, સુખદા ઋતુરાજે,
ધ્રુવ સ્થિર સ્નેહ સદૈવ વિરાજે,
સહુને કાજે,
દિલમાં દાઝે,
તદપિ સૌથી ઉપેક્ષિતા :
સ્વાર્થસભર સંસારે સોહે નિઃસ્વાર્થી એકલડી બા.
શિશુનું શીલ ને ભાવિ ઘડવા,
યમ નિયમોને જીવને જડવા,
માનવ કરવા,
ચેતન ભરવા,

જલે સ્વયં દીપ પેટવવા :
જલતી, રડતી, દુઃખડા સહતી, જગમરુભોમે વીરડી બા.
સ્નેહ-જીવનનું મિષ્ટ રસાયણ,
કોણ કહે ના તુજને સ્વાર્પણ ?
કુટુંબ-માલણ,
ધર્મપરાયણ,
આદિશક્તિની પ્રતિમા આ :
બાળ ધડી, નવરાષ્ટ્ર ઘડે, સંસાર સુહાવે સ્નેહલ બા. [૯]

* * * *

માતૃમહિમાના સ્તોત્ર જેવું આ ખરેખર સુંદર કાવ્ય છે, પણ 'કરુણ મંગલ પળે' કાવ્યમાં માતૃસ્નેહના કારુણ્યને લગ્ન જેવા મંગલ પ્રસંગના પરિવેષમાં મૂકીને, એ કરુણને વધુ ઘેરો બનાવ્યો છે, અને આમેય માનસશાસ્ત્રની દૃષ્ટિએ એ વિશેષ વાસ્તવિક પણ લાગે છે, ને કલાત્મક તો છે જ. શૈશવમાં માતૃસ્નેહથી વંચિત રહેનાર યુવાનને એના લગ્ન-ટાણે માતાનું સ્મરણ થાય એ સાવ સ્વાભાવિક છે, પણ એ સ્મરણનું નિરૂપણ કઇ રીતનું થયું છે, તે કેટલીક પંક્તિઓ દ્વારા પામીએ :

આજે સહુ મંગલગીત ગાય –
જેથી પિતાને વદને પ્રભા છે
ને બંધુ હૈયું છલકે પ્રમોદે.
છે બ્હેનીના સ્નેહની વાત ન્યારી !
શા લગ્નનાં ગીત મધુર ગાય !
પ્રશાન્ત કો અબ્ધિ ઉરે પરન્તુ
અગોપ ધીકે વડવાગ્નિ ઉગ્ર.

સમીપ વ્હેતા ઝરણા કને કો
યોગી સમા ભવ્ય ઉભેલ અદ્રિને
પેટાળ જ્વાલામુખી તીવ્ર ધીખે
એવું ધીખે આજ અગોપ ઊર !
આજે સહુ મંગલગીત ગાય !
અહો ! સરે સાંપ્રત, ભૂત જાગે,
યુવા સરે, દેહ ધરે શિશુરૂપ !
એ રૂપમાં તોતડી, ઘેલી બોલી,
રીસામણાં, રોદન, હાસ્ય , સ્નેહ,
શિશુક્રીડા, વિગ્રહ, ન્યાય માતનો
વાત્સલ્યથી પ્રેરિત પક્ષપાત !
ને ઊર ઉઠયા લખ બાલકોડ
સૌ પૂરવાના જનની ઉધામા !
એ ત્યાગ ! એ રાગ ! અરે ઘણુંબધું
અદૃષ્ટિથી ગોચર થાય આજ !
સ્વયં ઉઠે દારુણ પ્રશ્ન હૈયે :
'જો આજ માતા જીવતી હતે તો ?'
ત્યાં લગ્નનાં ગીત મૃદુ સુણાય !

અદ્રિ સમા ભવ્ય પિતા છમારે !
ને છત્ર શા અગ્રજ છે પિતાશા.
ચંદા સમી વ્હેન-બધુ છ તોયે
આજે ઉરેશી ભરતી ચડે આ ?
આ શોકની ---
શાં લગ્નનાં ગીત મધુર ગાય !
મારું ધખે આજ અગોપ ઊર
આજે જ ! આજે ! ——— ૧૦

* * * *

મેટ્રીક (ઇ.સ. ૧૯૩૫) પછી ત્રણ વર્ષના વિરામ બાદ એમ.એ. થવાના દૃઢ સંકલ્પ સાથે, તેઓ ઇ.સ. ૧૯૩૮ ના જૂનમાં, અમદાવાદની ગુજરાત કોલેજમાં પ્રથમ વર્ષ (પ્રિવિયસ) માં દાખલ થયા. માંડ બે માસમાં જ તેઓ ગુજરાતીના પ્રોફેસર શ્રી અનંતરાય મ. રાવળના પરિચયમાં આવ્યા, અને ઇ.સ. ૧૯૩૪ પછી લખાયેલા કેટલાક કાવ્યો પ્રો. રાવળ સાહેબને બતાવ્યાં, ને એમની વરણી ને પ્રસ્તાવના સાથે તે જ વર્ષે 'અનામી'ના તખલ્લુસ (ઉપનામ)થી 'કાવ્યસંહિતા' નામે કાવ્યસંગ્રહ પ્રગટ કર્યો. વિવેચક તરીકેનો પ્રો. રાવળ સાહેબનો પ્રથમ વિવેચન લેખ, તે તેમના કહેવા મુજબ, 'કાવ્યસંહિતા'ની આ પ્રસ્તાવના. ('રટણા'ના ફ્લેપ પરનું લખાણ). એના પ્રકાશનના પ્રથમ દિવસે જ 'કાવ્યસંહિતા'ની ૧૧૦ નકલો કોલેજિયનોમાં જ ખપી ગઇ. કાવ્યગુણના મહિમા કરતાં પણ એક સહાધ્યાયીનું આ પ્રકાશન છે, એ કુતૂહલવૃત્તિ ને મિત્રોનો સાથ--સહકાર પણ ખરો. શ્રી પટેલના કહેવા પ્રમાણે, 'કાવ્યસંહિતા'ના વેચાણમાંથી એમના આખા વર્ષનું ખર્ચ નીકળી ગયેલું. તે જ વર્ષે શ્રી પટેલે શ્રી ચંદ્રવદન મહેતાના 'આગગાડી' નાટકના નાયક 'બાધર' ઉપર એક ગેય કાવ્ય લખ્યું, જે ગૂજરાત કોલેજના 'મેગેઝીન'માં પ્રગટ થયું, જેને કોલેજના એક સમારંભ ટાણે કવિ 'સુંદરમે' વખાણેલું, ને એ કાવ્ય આકાશવાણી મુંબઇ પરથી 'રીલે' થયેલું. વળી એ જ વર્ષે કોલેજની એક વક્તૃત્વ સ્પર્ધામાં (હેટ સ્પીચીસમાં) શ્રી પટેલે ભાગ લીધો ને એક્ષટેમ્પોર સ્પીચ-કોમ્પીટીશન માં ઇનામ મેળવ્યું. પરીક્ષક હતા શ્રી રાવળ સાહેબ ને ગૌરીશંકર જોષી ('ધૂમકેતુ'). વિષય હતો : 'સાહિત્ય શું જીવનનું પ્રતિબિંબ છે?'

વર્ષને અંતે શ્રી પટેલને કોલેજમાંથી પાંચ મિત્રો પ્રાપ્ત થયા,

જેમાંના બે એમના સીનિયર હતા ને ત્રણ સહાધ્યાયી. બે સીનિયર મિત્રો તે ઇન્ટરમાં (કૉલેજના દ્વિતીય વર્ષમાં) ભણતા શ્રી ભોગીલાલ જ. સાંડેસરા ને શ્રી ઉપેન્દ્ર છ. પંડયા — સહાધ્યાયી મિત્રો તે શ્રી જયદેવ મ. શુક્લ, શ્રી હરિહર સી. ત્રિવેદી અને શ્રી રજનીકાન્ત વસાવડા. આગળ જતાં આ પાંચેય મિત્રોએ ગુજરાતી-અંગ્રેજી અને સંસ્કૃત સાહિત્યના ઊંડા અભ્યાસ દ્વારા સારી નામના મેળવી; પણ શ્રી પટેલને આ મૈત્રીને કારણે અંગ્રેજી અને સંસ્કૃત ભાષા-સાહિત્ય પ્રત્યે લગન લાગી. ઇન્ટર આર્ટ્સમાં (કૉલેજના દ્વિતીય વર્ષમાં) સંસ્કૃતમાં મહાકવિ કાલિદાસ રચિત 'કુમાર સંભવમ્' ના બે સર્ગો (સર્ગ: ૪-૫) ચાલતા હતા, તેનો શ્રી પટેલે પદ્યાનુવાદ કર્યો, અને કવિ ભાસ રચિત 'સ્વપ્નવાસવદત્તમ્' નાટકનું - પણ ભાષાન્તર કર્યું. આ મૈત્રીને કારણે બી.એ.માં મુખ્ય વિષય તરીકે શ્રી પટેલે અંગ્રેજી અને ગૌણ વિષય તરીકે ગુજરાતી રાખેલ પણ શ્રી ભોગીલાલ સાંડેસરા અને શ્રી ઉપેન્દ્ર પંડયાના આગ્રહથી, એમની માફક પ્રધાન વિષય ગુજરાતી અને ગૌણ વિષય સંસ્કૃત રાખ્યા — અને ઇ.સ. ૧૯૪૨ માં બી.એ.ની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા. શ્રી પટેલને ગુજરાતી કરતાં સંસ્કૃતમાં વધુ ગુણ મળેલા.

આ અરસામાં, એટલે કે ૧૯૪૨માં 'હિંદ છોડો'ની (ક્વિટ ઇન્ડિયા મુવમેન્ટ) રાષ્ટ્રવ્યાપી ચળવળ આવી પડી. ૧૯૪૨ ની ઐતિહાસિક ઘટનાઓનું અગ્નિચક્ર શરૂ થયું. ઓગસ્ટ માસમાં — આઠમી ઓગસ્ટની રાત્રિ પછી એ ક્રાન્તિની હવા દેશના ખૂણેખૂણે ફરી વળી. ખુલ્લી છાતીએ વિનોદ કિનારીવાલાએ ગોરા સોલ્જરની ગોળીઓ ઝીલી શહીદ બન્યો, પણ રાષ્ટ્રધ્વજને નીચે પડવા ન દીધો. આ શહીદીનો રંગ સમગ્ર ભારતમાં પ્રસરી ગયો. પૂ. મહાત્મા ગાંધીજીના 'ક્વિટ ઇન્ડિયા'ના એલાન સાથે

સમગ્ર દેશ અજબ ચેતનાથી સ્પંદિત થયો – સ્વાતંત્ર્યની સંગ્રામભૂમિ બની ગયો. જ્યાં ત્યાં લાઠીમાર, ગોળીબાર, અમાનુષી દમન – આવું બધું સામાન્ય થઈ પડયું. મહાત્માજી સમેત ભારતના અગ્રણી નેતાઓની સામૂહિક ધરપકડ પછી દેશમાં રેલના પાટા ઉખેડવાની, છૂપી રીતે બોમ્બ બનાવવાની પ્રવૃત્તિ, ભીંતપત્રિકાઓનું પ્રકાશન વગેરેથી દેશ એ દિવસોમાં ઉત્કંપ અનુભવી રહ્યો. સૌ સૌના નેતા બની ગયા. 'કરેંગે યા મરેંગે' નો મંત્ર સાર્થક કરવાનો હતો, એટલે ઝીણી સાધનશુધ્ધિની વાત કાને ધરવા કોણ તૈયાર થાય? ઇ.સ. ૧૮૫૭ પછી પરાધીન ભારત માટે તો સ્વાતંત્ર્ય પ્રાપ્તિ કાજેનો આ આખરી જંગ હતો. પ્રજાની ધીરજનો અંત આવી ગયો હતો, અને અંગ્રેજ સલ્તનત પણ જંગલિયાત આચરવામાં હદ ઓળંગી જતી હતી. ગૂજરાત કોલેજમાં ગોળીબાર થયો. વિનોદ કિનારીવાલા શહીદ થયા – પ્રો. ધીરુભાઇ ઠાકર જેવા ઘવાયા પછી શૈક્ષણિક કાર્યનો લગભગ બહિષ્કાર પોકારેલો, ને સભા–સરઘસો–ભાષણોની પ્રવૃત્તિ વધી પડેલી. સરકાર જેમ જેમ દમન આચરતી તેમ તેમ આવી પ્રવૃત્તિઓ ગુપ્ત રીતે થતી. દેશની આવી ઐતિહાસિક ક્ષણે શ્રી પટેલે, ઇ.સ. ૧૯૩૨ની જેમ ૧૯૪૨ની લડતમાં પણ ઝંપલાવ્યું. એમના જ શબ્દોમાં સાંભળીએ : "સમગ્ર દેશ જ્યારે સળગ્યો હોય ત્યારે અમારાથી શાન્ત શી રેતી રહેવાય? ભણવાનું તો લગભગ અશક્ય જ હતું. પ્રીતમનગરનો અખાડો તે વખતે અનેક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર હતું. ત્યાંના મુખ્ય કર્ણધારોમાં શ્રી નીરુભાઇ દેસાઇ, શ્રી ચીનુભાઇ પટવા (ફિલસૂફ), શ્રી ધનંજય ઠાકર જેવા મુખ્ય હતા..ને સહકાર્યકરો અથવા કાર્યકરોમાં શ્રી રમણિક શાહ, શ્રી અરુણ ઠાકોર, શ્રી મહેશ પરીખ, શ્રી અરવિંદ પટવા, શ્રી ભાલ પલજી, શ્રી વિમલ શાહ, કુ. પ્રફુલ્લા ઠાકોર, શ્રીમતી સરલા શાહ, શ્રીમતી કંચનબહેન

પટવા વગેરે હતા. વર્તમાનપત્રો સદંતર બંધ હતા એટલે શ્રી રતિલાલ તેલી અને ભાઇ ચીતળિયાની મદદથી અમો ભીંતપત્રિકાઓનું પણ સંચાલન કરતા." ૧૧

અંગ્રેજી સલ્તનતના અમાનુષી દમનને કારણે શ્રી પટેલે એમના પ્રથમ પુત્રનું નામ પણ દમન પાડેલું, અને એના જન્મ ટાણે દેશપ્રીતિની ભાવનાને બિરદાવતું અને નવજાતશિશુમાં એ ભાવનાનું અવતરણ થાય એવી અભિલાષા વ્યક્ત કરતું "ભલે આવ્યા" નામે કાવ્ય લખેલું:

## ભલે આવ્યા

ભલે આવ્યા, આવો, ધન ઘડી, દહાડો ધન લહું,
તમારે આવ્યે તો ગૃહ, ઉદર ને કૂળ ઉજળા,
વિના તારા લાગે અમ ગરીબના ગૃહ અડવાં
છતે સુખે લાગે ઉણપ, દુઃખ બોજે દિલ વહું.
પ્રભુએ પોષ્યા છે જનની ઉદરે, આઠ ઉરના
તમારા સુણીને વિલપન, કર્યા મુક્ત, જગના
પ્રકાશો પીધા ને અચૂક અડશે વૈષ્ણવી હવા,
ભૂલાશે સૌ, ભૂલો નહીં જનની ને નાથ જગના,
ત્યજી માતા ખોળો, ઘર, ઉંબર ઓળંગી નિરખો
બૃહદ્ માતા પ્યારી જનમભૂમિ, જે કારણરૂપા
તમારા જન્માની, અવશ પડી જંજીર ઝકડી;
જઇ તોડો બેડી અગર તૂટી જાવો, દુઃખ કશું ?
અહીં આ જાગેલા જનમભૂમિ – સ્વાતંત્ર્ય હિતના
મહાયજ્ઞે હોમી બલિ સમ તનુ હે તનુજ તો
જરા જ્વાલા રાખો જલતી, જીવતી, ધન્ય જીવવું
અમારું ને ત્હારું, જનમભૂમિનું ને જગતનું. ૧૨

બી. એ. માં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થતા તેમને દી. બા. કેશવલાલ હ. ધ્રુવ ઇનામ પ્રાપ્ત થયું, ને ગૂજરાત વિદ્યાસભા ની 'મેરીટ સ્કોલરશીપ' - એમ. એ. નો આગળ અભ્યાસ કરવા માટે મળી. તે સમયે, એટલેકે ઇ. સ. ૧૯૪૩માં અનુસ્નાતકના અભ્યાસ માટે કોઇ એકજ કોલેજમાં યુનિવર્સિટી - માન્ય અધ્યાપકો નહોતા -- એટલે વિદ્યાર્થીઓને ત્રણેય સંસ્થાઓ - જેવી કે ગૂજરાત કોલેજ, એલ. ડી. આર્ટ્સ કોલેજ અને 'ગુજરાત વિદ્યાસભા'માં - જવું પડતું. ગૂજરાત કોલેજમાં પ્રો. અનંતરાય રાવળ, યશવંત શુક્લ, એલ. ડી. માં પ્રો. રામનારાયણ પાઠક, ગૂજરાત વિદ્યાસભામાં પ્રો. રસિકલાલ પરીખ, ઉમાશંકર જોષી, શ્રી કે. કા. શાસ્ત્રી વગેરે માન્ય અધ્યાપકો હતા. સમયપત્રક પ્રમાણે અઠવાડિયામાં આ બધાજ પ્રાધ્યાપકોના વર્ગ ભરવા પડતા. આ બધાજ અધ્યાપકો વ્યુત્પન્ન પંડિતો તો હતા જ, પણ કેટલાક તો પ્રથમ પંક્તિના સર્જકો પણ હતા. શ્રી પટેલે એમ. એ. માં મુખ્ય વિષય (૭ પેપર્સ) ગુજરાતી ને ગૌણ વિષય (બે પેપર્સ) સંસ્કૃત રાખેલ. સંસ્કૃતમાં પણ પ્રો. અભ્યંકર, પ્રો. આર. બી. આઠવલે, પ્રો. ટી. એન. દવે ને પ્રો. પોતદાર જેવા સંસ્કૃતના પ્રકાંડ વિદ્વાન પ્રાધ્યાપકો હતા. શ્રી પટેલને આ બધાજ પ્રાધ્યાપકો સાથે ઘણો જ સારો સંબંધ હતો. પ્રો. રામનારાયણ પાઠક તો અનામીનાં કેટલાંક ખંડકાવ્યો રસપૂર્વક વાંચી ગયેલા અને એમને યોગ્ય માર્ગદર્શન પણ આપેલું. એમને કવિવર ન્હાનાલાલનો છંદ લગાડનાર પાઠક સાહેબ. એમનું પ્રમાણપત્ર, અનામીની અભ્યાસ-પરાયણતા અને વિદ્વત્તા પર સારો પ્રકાશ પાડે છે :

રામનારાયણ વિશ્વનાથ પાઠક
અધ્યાપક : શ્રી ભારતીય વિદ્યાભવન

૪૪ સી, પ્રોક્ટર રોડ,
મુંબઈ–૭

તા. ૨૩–૩–૧૯૪૯

This is to certify that I know Prof. Ranjit M. Patel for the last ten years or so. During his college career he used to see me of and on to discuss literary and educational problems and I have a high opinion of his intellectual calibre and clear insight. His academic achievements have gained him a professorial post and he is one of those graduates who do not stop their progress after obtaining a degree or securing a post but continue to study for the sake of study.

He comes from a respectable family and bears a high moral character.

R.V. Pathak

'study for the sake of study'. પ્રો. પાઠક સાહેબનું આ પ્રમાણપત્ર કેટલું બધું યથાર્થ છે ! કેમ જે ઇ.સ. ૧૯૪૩માં શ્રી પટેલ એમ.એ. (જુનિયર) માં ભણતા હતા, ત્યારે સાથે સાથે ફર્સ્ટ એલ.એલ.બી.ની પરીક્ષા આપી ૫૮ ટકા ગુણે ઉત્તીર્ણ થયા, એટલુ જ નહીં પણ ઇ.સ. ૧૯૪૪માં એમ.એ.ની (સીનિયર) પરીક્ષા આપવાની હતી છતા સેકન્ડ એલ.એલ.બી.ની ટર્મ્સ ભરેલી, એટલુ જ નહીં પણ એમ.એ. પછી બી.ટી. કરવા માટે, નિયમ પ્રમાણે એક સત્ર (ટર્મ) માટે, ઠાકર્સ ગર્લ્સ હાઇસ્કૂલમાં અધ્યાપક તરીકે નોકરી પણ કરેલી. ઇ.સ. ૧૯૪૨ થી ઇ.સ. ૧૯૪૪ના વર્ષો દરમિયાન તે રાતના બારથી

ચાર કલાક જ ઊંઘતા – બાકી વીસ વીસ કલાક કામ કરતા. વિદ્યાર્થીનો કુતઃ સુખ એ સૂત્રના જાણે કે મૂર્તિમંત ઉદાહરણરૂપ. ઉપાધિઓ (ડીગ્રીસ) માટેના અભ્યાસમાં જ્યારે તેઓ ગળાબૂડ હતા ત્યારે પણ સાહિત્ય અંગેની તેમની પ્રવૃત્તિ તો ચાલુ જ હતી. ઇ.સ. ૧૯૪૧ થી ઇ.સ. ૧૯૪૪ સુધીમાં, લલિતેતર સાહિત્યની ઇનામી સ્પર્ધાઓમાં એમણે જે ભાગ લીધો ને પારિતોષિકો પ્રાપ્ત કર્યાં તેના પરથી એમની પરિશ્રમપ્રીતિ અને વિદ્યાનુરાગિતાનો ખ્યાલ આવે છે. આ સમય દરમિયાન તેમણે આટલાં ઇનામો પ્રાપ્ત કર્યાં :

૧. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (‘ગુજરાત વિદ્યાસભા’) દ્વારા યોજિત કેળવણી વિષયક ઇનામી હરીફાઇમાં પ્રથમ ઇનામ – ‘સહશિક્ષણ’ માટે.
૨. એ જ સંસ્થા દ્વારા નિયોજિત આરોગ્યવિષયક હરીફાઇમાં પ્રથમ ઇનામ – ‘દાંતની સંભાળ’ માટે.
૩. મુંબઇની ફાર્બસ સભા યોજિત ઇનામી સ્પર્ધામાં પ્રથમ ઇનામ – ‘ગુજરાતણોની શરીર સંપત્તિ’ માટે.
૪. મુંબઇની બોમ્બે હ્યુમનીટેરિઅન લીગ દ્વારા યોજિત અંગ્રેજી નિબંધ સ્પર્ધામાં દ્વિતીય ઇનામ – ‘ડાયેટ ઑફ કલ્ચરલ પીપલ’ માટે.

આમ ચારમાંના પ્રથમ બે ઇનામી નિબંધો પુસ્તકરૂપે ‘ગુજરાત વિદ્યાસભા’ એ પ્રગટ કર્યા છે, જ્યારે ‘ફાર્બસ સભા’ એ એના માસિકમાં જે નિબંધ પ્રગટ કરેલો તેનો ઠીકઠીક વિસ્તાર કરીને અમદાવાદની ગુર્જરગ્રંથરત્ન કાર્યાલય – પ્રકાશન સંસ્થાએ ઇ.સ. ૧૯૪૪ માં પુસ્તકરૂપે પ્રગટ કર્યો છે. લલિતેતર સાહિત્યમાં પણ આ કાળ દરમિયાન કાવ્યો ને ટૂંકી વાર્તાઓનું સર્જન તો થયા જ કરતું હતું.

ઈ.સ. ૧૯૪૪માં, ઉચ્ચ દ્વિતીય વર્ગમાં એમ.એ.ની પરીક્ષા પસાર કરી એટલે શ્રી ઉમાશંકરભાઈએ એમને અમદાવાદની પ્રખ્યાત શિક્ષણ સંસ્થા સી.એન. વિદ્યાલયમાં અધ્યાપક તરીકે જોડાવા માટે સૂચવ્યું, તો ગૂજરાત વિદ્યાસભા ના અધ્યાપક શ્રી રસિકલાલ પરીખે જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં ગુજરાતીના વ્યાખ્યાતા તરીકે જવા માટે આગ્રહ કર્યો, પણ શ્રી પટેલ બી.ટી. કરી કડી કેળવણી મંડળ સંચાલિત કોઈપણ હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે જવા ઈચ્છતા હતા - એટલે ઉપાચાર્ય તરીકે પીલવાઈની શેઠ જી.સી. હાઈસ્કૂલમાં તા.૧૨-૬-૧૯૪૪ ના રોજ જોડાયા, અને બીજે જ વર્ષે વડોદરાની બી.ટી. કૉલેજમાં પ્રવેશ મળતાં તા.૨૦-૬-૧૯૪૫ના રોજ વડોદરા આવ્યા.

ઈ.સ. ૧૯૪૪ના તે કાળના શેઠ જી.સી. હાઈસ્કૂલના આચાર્ય શ્રી છગનભાઈ કાલિદાસ પટેલે પ્રમાણપત્ર આપતાં એક વાક્ય એવું લખેલું જે ભવિષ્યમાં અક્ષરશઃ સાચું પડ્યું. એમણે લખેલું :

Mr. Patel has developed his mental calibre to such a high degree that he has become a source of great inspiration to the students under his care. He bids fair to be a competent lecturer even in college. class where he can find proper field to express his versatile brain.

15th Sept., 1944.

ઈ.સ. ૧૯૪૪માં પીલવાઈની શેઠ જી.સી. હાઈસ્કૂલમાં મેટ્રીકમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ, જેવા કે પ્રો. રમણલાલ જેઠાલાલ જોષી, પ્રિ. ડૉ. દયાશંકર જોષી ને ડૉ. દ્વારકાદાસ સાંડેસરા જેવાઓને તે કાળે સાહિત્યની દીક્ષા આપનાર પણ શ્રી રણજિતભાઈ પટેલ જ હતા.

તા. ૨૦-૬-૧૯૪૫માં વડોદરાની સેકન્ડરી ટીચર્સ ટ્રેઈનીંગ કૉલેજ માં બી. ટી. માટે દાખલ થયા ને સાથોસાથ વડોદરાની આર્ટ્સ કૉલેજમાં, ફિલોસોફી મુખ્ય વિષય સાથે, બીજીવાર એમ. એ. કરવા માટે પણ ફી ભરી. એકાદ માસ માટે વર્ગો ભર્યાં પણ પછીથી પ્રિ. બરોએ એવું કહીને ફી પરત કરી કે એક જ વર્ષમાં યુનિવર્સિટીની બે ઉપાધિઓ મેળવી ન શકાય. બી. ટી. માં શ્રી પટેલે સ્પેશીયલ મેથડ તરીકે અંગ્રેજી-ગુજરાતી વિષય રાખેલા. બી. ટી. ની પરીક્ષા નજીક આવી એ અરસામાં જ એમની સમક્ષ નોકરીઓના ત્રણત્રણ વિકલ્પ આવી પડયા ! ૧. વડોદરા રાજ્યની, ટોબેકો ઇન્સ્પેક્ટર તરીકેની ઉમેદવારીમાં તેઓ પસંદ થયા. ૨. વિજાપુરની ઝવેરી હાઇસ્કુલમાં આચાર્ય તરીકેની 'ઑફર' આવી અને ૩. ઇ. સ. ૧૯૪૬માં શરૂ થનાર પેટલાદ આર્ટ્સ કૉલેજમાં (અત્યારની આર. કે. પરીખ આર્ટ્સ કૉલેજ) ગુજરાતીના વ્યાખ્યાતા (લેક્ચરર) તરીકે વરણી થઈ. આખરે બી. ટી. ની પરીક્ષા ઉચ્ચ દ્વિતીય વર્ગમાં પસાર કરી, તારીખ ૧-૭-૧૯૪૬ ના રોજ પેટલાદ કૉલેજની નોકરી સ્વીકારી.

ઇ. સ. ૧૯૩૮ની સાલમાં તેઓ કૉલેજના પ્રથમ વર્ષ (પ્રિવિયસ) માં ભણતા હતા, ત્યારે તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ નામે 'કાવ્યસંહિતા' પ્રો. અનંતરાય રાવળની પ્રસ્તાવના સાથે પ્રગટ થયેલો, તો અહીં ઇ. સ. ૧૯૪૭માં કૉલેજ-નોકરીના પ્રથમ વર્ષમાં જ, પ્રો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીની પ્રસ્તાવના સાથે 'કાવ્યસંહિતા' નો અનુગામી કાવ્યસંગ્રહ 'ચક્રવાક' નામે પ્રગટ થયો. મૂળ યોજના પ્રમાણે તો આ કાવ્યસંગ્રહ 'ચક્રવાક', ઇ. સ. ૧૯૪૩માં પ્રગટ થનાર હતો, અને તેમાં બધાજ પ્રણયકાવ્યો રાખવાનાં હતા, પણ ઇ. સ. ૧૯૪૩ના જાન્યુઆરીમાં, રીક્ષામાં રાતના અગિયારે અમદાવાદમાં ભદ્રથી

પ્રીતમનગર આવતાં ૩૧ પ્રણયકાવ્યોનું એક પેકેટ ક્યાંક પડી ગયું. એની પાછળ જાહેરખબરનું પણ ઠીક ઠીક ખર્ચ કર્યું, પણ વ્યર્થ. એ કાવ્યો ગૂમ થતાં, 'ચક્રવાક' માં 'ખોવાયેલા કવિતાના બંડલને' (પૃ. ૫૪–૫૫) નામનું કાવ્ય પ્રગટ થયું છે એટલો લાભ ।

'કાવ્યસંહિતા'ના કાવ્યોની વરણી એ પ્રો. અનંતરાય રાવળે કરી હતી તો 'ચક્રવાક'ના કાવ્યોની વરણી, કૉલેજકાળના તેમના સહાધ્યાયી, કૉલેજમાં દાખલ થયા તે પહેલાં 'ગુજરાત સમાચાર'માં સાથે નોકરી કરતા હતા ત્યારના પણ સહ-કાર્યકર્તા, વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં પણ બે દાયકા સુધી સાથે નોકરી કરનાર, સંસારમાં પડયા પછી થયેલ આજીવન મિત્ર, વયમાં લગભગ સરખા પણ મોટાભાઈ શા પ્રો. ભોગીલાલ જ. સાંડેસરાએ કરી છે. આ સંગ્રહનું 'સખે' (પૃ. ૫૮)નામનું કાવ્ય પણ એ જીવનમિત્રને ઉદ્દેશીને લખાયું છે :

સખે! ત્હારી બાંકી બીજશશિકલા રમ્ય નિરખી  
બીજે પૂર્ણેન્દુના દરશન લહું, અન્તર હર્સું.  
બનું હર્ષોન્મત્ત, અજર સ્મરું ઉત્કર્ષ અરથે  
ચહુંઃ 'સાતત્યેથી પ્રગતિ પથપે સત્વર પળો'!  
સખે! કિન્તુ જેવી કુસુમવનની કોમલ કલિ  
સુંવાળી ને શીળી, સહન ન કરે ગ્રીષ્મની ઝડી –  
બન્યો રાહૂ કૂડો પ્રતિકૂળ, બીજેન્દુ ગ્રસી ત્યમ  
સદાનાં થયાં ત્હારે જીવનશશિખગ્રાસે ગ્રહણ?

સદાનાં? ના, કાંકે સ્થિર નવ કશું અસ્થિર જગે  
બધું આવે–જાવે, વિમુખ અભિમુખેય બનતું.

ઝુકેલી એ વર્ષા સુખદ દુઃખદા ગ્રીષ્મ ઉપરે,
નિશાના અંધારે શિશુક રવિના રમ્ય કિરણો !
વસ્યાં દુઃખે સુખો, અકળ નિયતિની કૃતિ લસે,
સહે કાં ના માની નિયતિપદ દુઃખોનું જીવને? [13]

પેટલાદ કૉલેજના ચાર વર્ષો દરમિયાન શ્રી પટેલે ઇતિહાસ અને ધાર્મિક સાહિત્યનું ઠીકઠીક વાચન કર્યું. વિલ ડ્યુરાંના ઇતિહાસ વિષયક પુસ્તકો અને 'કલ્યાણ' માસિકે પ્રગટ કરેલ સમગ્ર મહાભારત (મૂળ સંસ્કૃત અને એનો હિન્દી અનુવાદ – લગભગ છ હજારથીય વધારે પૃષ્ઠોનું) રસ અને ઝીણવટપૂર્વક વાંચ્યું. રાજ-રત્ન દાતાર શેઠ શ્રી રમણભાઇ કેશવલાલ પરીખના અનુદાનથી ચાલતી નારાયણ સંસ્કૃત પાઠશાળાના તે સમયના આચાર્ય શ્રી વિષ્ણુદેવ સકલેશ્વર પંડિત શ્રી પટેલના કૉલેજના સહાધ્યાયી મિત્ર હતા. એટલે આ બંને મિત્રોએ અગિયારમી સદીમાં થઇ ગયેલા મમ્મટાચાર્યના 'કાવ્યપ્રકાશ'ના દશેય ઉલ્લાસનો અનુવાદ પણ કર્યો. શ્રી પટેલે આ વર્ષો દરમિયાન રાજવી કવિ ભર્તૃહરિના ત્રણેય શતકોનો પણ પદ્યાનુવાદ કર્યો. તા. ૧-૭-૧૯૪૬થી તા. ૩૧-૫-૧૯૫૦ સુધી –– લગભગ ચાર વર્ષ માટે પેટલાદ કૉલેજની નોકરી કરી, શ્રી પટેલ ૧૯૫૦માં નડિયાદની શ્રી સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ અને જે. એન્ડ જે. કૉલેજ ઓફ સાયન્સમાં ગુજરાતીના પ્રોફેસર અને અધ્યક્ષ તરીકે નિમાયા. પેટલાદ કૉલેજમાંની તેમની પ્રશસ્ય કામગીરીને બિરદાવતાં તેમના આચાર્યશ્રી કે. એલ. દેસાઇ લખે છે :

I have frequently talked with him on Gujarat and Gujarati literature. Mr. Patel himself is a poet, has already published two volumes in prose embodying his research work in different fields. All the high expectations which I had at the beginning about Mr. Patel as a man and as a teacher of Gujarati Literature have been more than fulfilled. He has read widely and deeply and his habits are scholarly. I have heard him address different audience. There also I have been impressed by his absolute mastery of the subject he handled. His students also have spoken to me about him in the highest possible terms. In my opinion, Mr. Patel is eminently suited for college teaching and guidance.

ઇ.સ. ૧૯૫૦ થી ૧૯૫૮ સુધીના, સાક્ષરનગરી નડિયાદમાં ગાળેલાં આઠ વર્ષો શ્રી પટેલના યોગક્ષેમ અને સાહિત્યસર્જન માટે શુકનવંતા છે. આ આઠ વર્ષોમાં એમણે કેટકેટલી પ્રવૃત્તિઓ કરી છે! પ્રથમ તો નડિયાદમાં આવીને તેમણે સાક્ષરવર્ય શ્રી ગોવર્ધનરામનું તર્પણ કરવા 'શ્રી ગોવર્ધન સાહિત્યસભા'ની સ્થાપના કરી જેના તેઓ આદ્ય પ્રમુખ બન્યા – મંત્રી તરીકે ઉત્સાહી ને અતિ વ્યવહારુ ડો. હરીશ રાવ હતા. એકાદ માસના ટૂંકા ગાળામાં તો કોઇ ન માની શકે એટલા (લગભગ ૫૫૦) સભાના સભ્યો નોંધ્યા. આગળ જતાં, ઇ.સ. ૧૯૫૬ અને ઇ.સ. ૧૯૫૮માં અનુક્રમે શ્રી ગોવર્ધનરામની અને મણિલાલ દ્વિવેદી અને શ્રી બાલાશંકર કંથારિયાની જન્મ-શતાબ્દીઓ પણ આ સંસ્થાના જ ઉપક્રમે સફળતાપૂર્વક ઉજવાઇ. શ્રી ગો. મા. ત્રિપાઠીની સ્ક્રેપ બુક નું પ્રકાશન પણ એમની પ્રેરણાથી

થયું. શ્રી ગોવર્ધનરામની જન્મશતાબ્દી ઉજવતાં પહેલાં તેમણે ગુજરાત ભરના ખ્યાતનામ સાહિત્યકારોનાં વ્યાખ્યાનો યોજ્યાં, જેમાંના કેટલાક નામ જોઈએ તો – શ્રી કનૈયાલાલ મુનશી, શ્રી રમણલાલ વ. દેસાઈ, શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, શ્રી 'સુંદરમ્,' શ્રી ઉમાશંકર જોષી, શ્રી કિશનસિંહ ચાવડા, શ્રી જ્યોતીન્દ્ર દવે, શ્રી વિશ્વનાથ મગનલાલ ભટ્ટ, શ્રી વિજયરાય વૈદ્ય, પ્રિ. યશવંત શુક્લ, પ્રિ. એસ. આર. ભટ્ટ, શ્રી મંજુલાલ મજમુદાર, ડો. ભોગીલાલ સાંડેસરા, શ્રી શાન્તિલાલ ઠાકર વગેરે વગેરે. આ સભામાં ઓછામાં ઓછી ૫૦૦ થી ૧૫૦૦ની હાજરી રહેતી. 'સાહિત્યકાર ગાંધીજી' ઉપર સાક્ષર શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનું ભાષણ હતું. ટાઉનહૉલ ભરચક્ક જોઈ શ્રી ત્રિવેદી સાહેબને આશ્ચર્ય થયેલું. ઇ. સ. ૧૯૫૬માં શ્રી ગોવર્ધનરામ શતાબ્દીના અરસામાં જ ગુજરાતી સાહિત્ય પરિષદ (૧૯મું) અધિવેશન હતું, ને ગુજરાતીના અધ્યાપકસંઘનું પણ (૧૦મું) સંમેલન પણ હતું. શ્રી પટેલ આ ત્રણેય સંસ્થાઓના તે વખતે મંત્રી હતા. ૧૯૫૦માં તેઓ નડિયાદ આવ્યા ને કૉલેજમાં ગુજરાતીમાં મુખ્ય વિષય તરીકે બી. એ., એમ. એ. ના વર્ગો શરૂ થયા. ગુજરાત યુનિવર્સિટીએ શરૂ કરેલા આ અનુસ્નાતક વર્ગોના શ્રી પટેલ અધ્યક્ષપદે હતા. એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીની જી. એ., પી. એ. માં ભણતી બહેનોના તેઓ વિના વેતન નિયમિત વર્ગો લેતા કારણ કે તે કાળે કોઈ માન્ય અધ્યાપક જ નહોતા. આ તો થઈ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની વાત – પણ સાહિત્યની જ વાત કરીએ તો આ વર્ષો દરમિયાન કેટલું બધું સર્જન થઈ શક્યું છે ! દા. ત. ૧૯૫૫માં તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ 'ભણેલી ભીખ અને બીજી વાતો' ગુર્જરે પ્રગટ કર્યો. એમાંની મોટાભાગની વાર્તાઓ 'આકાશવાણી' એ રીલે કરેલી. ઇ. સ. ૧૯૫૭માં 'ત્રિવેણી' નું પ્રકાશન થયું જેમાં કેટલીક

વાર્તાઓ, કેટલાક કાવ્યો ને કેટલાક નિબંધો છે. મોટેભાગે 'આકાશવાણી' પર રજૂ થયેલા ગેયકાવ્યોનો સંગ્રહ 'સારસ' પણ ૧૯૫૭માં જ પ્રગટયો. સો પ્રણયકાવ્યોનો સંગ્રહ નામે 'સ્નેહ-શતક' પણ ૧૯૫૭માં પ્રગટ થયો ને ઉદયભાનુકૃત 'વિક્રમચરિત્ર રાસ' (પ્રાચીન ગુર્જર ગ્રંથમાલા-૬, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય) ની પ્રસ્તાવના લખી અને 'શબ્દકોશ' પણ યુનિ. ના કહેવાથી તૈયાર કર્યો - જે કેટલાક વર્ષ એમ. એ. ના અભ્યાસક્રમમાં પાઠયપુસ્તક તરીકે રહયો. ઈ. સ. ૧૯૫૮માં 'મણિલાલ શતાબ્દી ગ્રંથ' અને 'અર્વાચીન ગુજરાતી સાહિત્ય સ્વરૂપોનો વિકાસ' - એ બે ગ્રંથોનું પ્રકાશન, એમના સહ-કાર્યકર્તા પ્રો. ડો. રામચંદ્ર પંડયાના સાથસહકારમાં કર્યું. આ ઉપરાંત જૂની હસ્તપ્રતો વાંચવાનો મહાવરો કેળવી, લગભગ પચીસેક હસ્તપ્રતોનો આધાર લઈ ઈ. સ. ૧૯૫૭માં મલયચન્દ્રકૃત 'સિંહાસન-બત્રીસી' (રચના સંવત ૧૫૧૯) નું સંસ્કૃત અને ગુજરાતી-રાજસ્થાનીમાં સિંહાસન બત્રીસીના વાર્તાચક્રનું તુલનાત્મક અધ્યયન કર્યું ને કેટલીક પ્રતોને આધારે શબ્દકોશ સમેત મલયચંદ્રકૃત 'સિંહાસનબત્રીસી' ની શુધ્ધ વાચના તૈયાર કરી પીએચ. ડી. ની ઉપાધિ મેળવી. ગુજરાતના રાજ્યની સ્થાપના નહોતી થઈ તે પૂર્વે મુંબઈ રાજ્યની, ઈ. સ. ૧૯૫૩માં યોજાયેલી કાવ્યની એક ઇનામી હરીફાઈમાં પ્રથમ આવી સુવર્ણચન્દ્રક પ્રાપ્ત કર્યો. સમગ્રતયા જોઈએ તો શ્રી પટેલના જીવન-વિકાસમાં નડિયાદનો ફાળો ઘણો મોટો છે - જેમ કવિ 'કાન્ત'ના જીવનમાં વડોદરાનો હતો.

ઈ. સ. ૧૯૫૮માં ડૉ. પટેલની વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં, ગુજરાતીના રીડર તરીકે નિયુક્તિ થઈ ત્યારે તેઓ નડિયાદની સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટયૂટમાં વાઈસ-પ્રિન્સિપાલ તરીકે તો

હતા જ – તેમને ત્યાં રાખવા ત્યાંની નડિયાદ ઍજ્યુકેશન સોસાયટીની કારોબારીએ પ્રિન્સિપાલશીપની પણ ઑફર કરેલી – પણ કૉલેજ કરતાં યુનિવર્સિટીનું આકર્ષણ મોટું હતું ને ભાવિ પણ ઉજ્જ્વલ એટલે તેઓ તેમના નિર્ણયમાં અફર રહ્યા.

નડિયાદ કૉલેજમાંની ગુજરાતીના પ્રાધ્યાપક તરીકેની તેમની પ્રશસ્ય કામગીરી અંગે આચાર્ય ડૉ. કે. જી. નાયકે આપેલું પ્રમાણપત્ર પ્રાધ્યાપક અને કવિ અનામીની ઉત્તમ કામગીરીનું સૂચક છેઃ

This is to certify that it was a matter of pride and immense satisfaction to have had the good fortune to work with Prof. Dr. R.M. Patel ('Anami') M.A.; Ph.D. as one of my colleagues on the staff of J. & J. College of Science and C.B. Patel Arts Institute, Nadiad, for over four years.

Dr. R.M. Patel is not only an erudite scholar, critic and poet with an outstanding name and fame in Gujarati language and literature, but he is also a born teacher, respected and beloved by his colleagues and students in the Gujarat university which has recognized him as a post-graduate teacher, on account of his high academic qualifications and original contribution to Gujarati literature, prose as well as poetry. He is a person of high character and ideals to which he has been found to faithfully and loyally adhere throughout his life. He is an ideal educationist and is a pride of any institution he chooses to serve. We need more educationists of such high character, ideals and erudition in our university.

3rd February, 1958 K.G. Naik

ઇ.સ. ૧૯૫૮માં ડો. પટેલ ગુજરાતીના રીડર તરીકે વડોદરા આવ્યા તે જ વર્ષે ગુજરાતીના અધ્યક્ષ ડૉ. ભોગીલાલ સાંડેસરાની નિયુક્તિ પ્રાચ્યવિદ્યામંદિર ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર તરીકે થઇ. ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે તો તેઓ ચાલુ રહયા પણ ગુજરાતી વિભાગની દરરોજની લગભગ બધી જ વહીવટી જવાબદારી ડૉ. પટેલ પર આવી પડી. આથી વાચન-લેખનની જે ફુરસદ નડિયાદમાં મળતી તે વડોદરામાં ન રહી; બલકે સીમિત રહી. શૈક્ષણિક કાર્ય, વહીવટીકાર્ય ઉપરાંત પીએચ.ડી.ના વિદ્યાર્થીઓનું માર્ગદર્શન ઘણો સમય ને શક્તિ માગી લેનાર જવાબદારીઓ હતી. પ્રો. સી. એમ. શુક્લ ને પ્રો. બી. વાય. કંટક, 'ડીન' તરીકે રહયા ત્યાં સુધી ડૉ. પટેલ ફેકલ્ટી મેગેઝીન, નાટ્ય પ્રવૃત્તિ, વક્તૃત્વ સ્પર્ધા, કવિ સંમેલનોનું આયોજન, એડમીશન કામગીરી, વર્ષો સુધી કરેલી ફ્રીશીપ કમિટીના ચેરમેન તરીકેની કામગીરી – જનરલ એજ્યુકેશનની કેટલીક શૈક્ષણિક જવાબદારી – આવી પ્રવૃત્તિઓમાં ઘણો સમય જતો. આ ઉપરાંત 'પ્રાચ્યવિદ્યામંદિર'ના ત્રૈમાસિક 'સ્વાધ્યાય'માં પણ લેખો લખતા ને ગ્રંથ-સમીક્ષા કરતા. 'પ્રેમાનંદ સાહિત્યસભા'ની પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લેતા. એ સંસ્થા તરફથી થયેલ પ્રકાશન 'સાહિત્યકાર અખો'માં પણ એક સંપાદક તરીકે તેમણે ફરજ બજાવેલી – પણ આ વર્ષો દરમિયાન પુસ્તકરૂપે તેમનાં આટલાં પ્રકાશનો થયાં :

૧. શ્રી ભોગીલાલ ગાંધી સંચાલિત ગુર્જરકાવ્યશ્રેણીમાં પ્રગટ થયેલું 'શામળ'– વિષયક સંપાદન આલોચના સાથે જે કેટલાક વર્ષ બી.એ.માં પાઠ્યપુસ્તક તરીકે રહ્યું.

૨. 'ટાગોરનું જીવન-કવન'– ૧૯૬૧માં ટાગોર શતાબ્દીના મંત્રી તરીકે આપેલાં વ્યાખ્યાનોનું પુસ્તકરૂપે પ્રકાશન.

3. 'પરિમલ'- કવિનો છઠ્ઠો કાવ્યસંગ્રહ (ઇ. સ. ૧૯૬૫).
૪. 'આપણું રાષ્ટ્રગીત' (ઇ. સ. ૧૯૬૫).
૫. મલયચન્દ્રકૃત "સિંહાસન બત્રીસી' (ઇ. સ. ૧૯૭૦) – આ પુસ્તક પણ એમ. એ. માં કેટલાંક વર્ષો સુધી પાઠ્યપુસ્તકરૂપે રહેલું.
૬. મલયચન્દ્રકૃત "સિંધલશીચરિત્ર'નું સંપાદન – જે 'સ્વાધ્યાય' (પુ. ૧૦, અંક 3) માં પ્રગટ થયું છે.
૭. 'સંતસૌરભ'- મ. સ. યુનિ. ના ભંડોળ નિમિત્તે પૂ. શ્રી ડોંગરે મહારાજની ભાગવત સપ્તાહ પ્રસંગે પ્રકાશિત થયેલ ગ્રંથનું મુખ્ય સંપાદક તરીકે કરેલું સંપાદન.
૮. 'પ્રાચીન ગુર્જર ગ્રંથમાલા', ગ્રંથ-૭ : 'ભાલણ : એક અધ્યયન' લેખક: પ્રો. કેશવરામ કા. શાસ્ત્રીના ગ્રંથના સામાન્ય સંપાદક તરીકે (બીજી કે ત્રીજી આવૃત્તિ)નું પ્રકાશન.
૯. 'પ્રાચીન ગુર્જર ગ્રંથમાલા', ગ્રંથ-૧૩ : મેરુસુંદર ઉપાધ્યાયકૃત 'વાગ્ભટાલંકાર બાલાવબોધ'- સંપાદક ડૉ. ભોગીલાલ સાંડેસરા-ના ગ્રંથનું સામાન્ય સંપાદક તરીકે કરેલું પ્રકાશન (ઇ. સ. ૧૯૭૫).

ઇ. સ. ૧૯૭૭માં તેમને સાઠ વર્ષ પૂરાં થતાં નોકરીમાંથી નિયમપ્રમાણે નિવૃત્ત થયા પણ નિવૃત્તિમાં પ્રવૃત્તિરૂપે તેઓ ગુજરાતીના અનેક સામયિકોમાં નિયમિત લખતા રહ્યા છે એટલુ જ નહીં પણ નિવૃત્તિકાળમાં જ તેમના ત્રણ નવા કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે ને 'ત્રણ વૈશાખી પૂર્ણિમા' નામે ત્રિ-અંકી નાટક પણ લખાયું છે. એમના ત્રણ નવા કાવ્યસંગ્રહો આ પ્રમાણે છે :

૧. 'રટણા' (૧૯૮૩).
૨. 'અનામી-ભક્તિ-સુધા' (૧૯૯૦).
3. 'આપણી વાત' (૧૯૯૧).

હજી, સેંકડો કાવ્યો, બે ગ્રંથ થાય તેટલા નિબંધો, વાર્તાઓ,

HANSA MEHTA LIBRARY
MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
University of Baroda

ત્રણેક 'નંદબત્રીસી' ને ત્રણેક 'સિંહાસનબત્રીસી' ની કરેલી નકલો સંપાદન-પ્રકાશનની રાહ જોતી પડી રહી છે. વિવિધ વિષય પર લખાયેલા તેમના પત્રોનો પણ એકાદ સંગ્રહ થાય તેમ છે. આમ લગભગ છેલ્લા દોઢ દાયકાથી તેઓ વ્યાવસાયિક નિવૃત્તિ જરૂર ભોગવે છે પણ એમની સર્જનચેતનાએ આ નિવૃત્તિકાળમાં પણ પ્રવૃત્તિ-વિશેષ દાખવ્યો છે.

આ બધી વાતો થઇ એમના સાહિત્ય-સર્જન અંગેની – એ બધી કૃતિઓની વિવેચનની દૃષ્ટિએ સમીક્ષા અન્યત્ર કરીશું પણ જે જીવન-માંથી આ સાહિત્ય પ્રગટયું છે તે જીવનની પણ થોડીક ઝાંખી કરવી રહી.

તા. ૩૦-૬-૧૯૭૭ ના રોજ તેઓ નિવૃત્ત થયા ને તા. ૧૦-૧૨-૭૭ ના રોજ એમના અનેક મિત્રો, શુભેચ્છકો, સહકાર્યકરો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા રચાયેલી પ્રો. રણજિત પટેલ (અનામી) સન્માન સમિતિએ, તે વખતના ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી બાબુભાઇ જશભાઇ પટેલના પ્રમુખપદે તેમનું બહુમાન કર્યું, એક 'સંભારણું' પ્રગટ કર્યું અને એમને થેલી અર્પણ કરી જેમાં પોતા તરફથી થોડી રકમ ઉમેરી યુનિવર્સિટીને વિદ્યાર્થીઓના ઉત્કર્ષમાં વાપરવા પરત કરી. એ વખતના 'સંભારણું'માં અનેક મહાનુભાવોએ ડૉ. 'અનામી' માટે ઘણુંબધું લખ્યું છે એની વિગતો આપતા અતિ વિસ્તાર થાય તેમ છે – પણ એમના વ્યક્તિત્વના દ્યોતક કેટલાક ગુણોનો ઉલ્લેખ કરવો અનિવાર્ય લાગે છે. પ્રમુખ સાહેબે એમના ખંત, નિષ્ઠા, પુરુષાર્થ, કરુણાસભર હૃદયની વાત કરી તો ગુજરાત રાજ્યના માજી આરોગ્ય મંત્રી ડૉ. ઠાકોરભાઇ પટેલે એમની ખેલદિલી, નિર્ભયતા, સ્પષ્ટ વક્તાપણું ને પરોપકાર વૃત્તિને બિરદાવ્યા. પ્રેમાનંદ સાહિત્યસભાના પ્રમુખ હરિભાઇ દેસાઇએ, ડૉ. 'અનામી' એ 'પ્રેમાનંદ સાહિત્યસભા' ની

કરેલી અનેકવિધ સેવાને અંજલિ આપી તો પ્રો. અનંતરાય રાવળે એમની વ્યવહારકુશળતા, માણસની પારખ અને સામાને શક્ય તે સહાય આપવાની તત્પરતાની પ્રશસ્તિ કરી. ડૉ. ભોગીલાલ સાંડેસરાએ ડૉ. 'અનામી'ની કેટલીક ગૂઢ શક્તિઓ – વિશિષ્ટ-તાઓને વ્યાપક-ભાવનાત્મક વૈદુષ્યની, સમાજસેવા ને વિદ્યા-વ્યાસંગની વાત કરી તો પ્રો. હસિત બૂચે 'ભાવનાશીલ કવિ', સન્નિષ્ઠ અધ્યાપક ને દિલ ખોલી આત્મીયત્વે બાંધી લે એવા મિત્ર તરીકે મૂલવ્યા. શ્રી ઇશ્વરલાલ દવેએ 'આજીવન અધ્યાપક'ને 'વિદ્યાવ્યાસંગી' ગણાવ્યા તો ડૉ. રમણલાલ જોષીએ એમના નિખાલસ, નિરભિમાની ને પારદર્શક વ્યક્તિત્વને આસ્વાદ્ય ગણાવ્યું. કવિ ઉશનસે કવિ-વિવેચક ઉપરાંત એમના 'આતિથેય વ્યક્તિત્વ'ને પ્રશંસ્યું તો પ્રો. ઉપેન્દ્ર પંડયાએ એમના સ્નેહ-સૌહાર્દ-સદ્ભાવનીતરતા વ્યક્તિત્વને બિરદાવ્યું. શ્રીમતી વસુબહેન ભટ્ટે ડૉ. 'અનામી'ની સાહિત્ય, શિક્ષણ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને યાદ કરી તો ન્યૂ શોરાક મીલના જનરલ મેનેજર શ્રી શિવાભાઇ પટેલે 'અનામી'ની પૃથક્કરણ ને સમન્વયીકરણની શક્તિની, એમની નીરક્ષીર-વિવેક-શક્તિની વાત કરી. અશોક એન્જિનિયરીંગના માલિક, રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શ્રી ભગવાનદાસ પટેલે શ્રી 'અનામી'એ લીધેલ સાહિત્યલેખની નોંધ લીધી તો, 'જ્યોતિ લિમિટેડ'ના જનરલ મેનેજર શ્રી મોહનભાઇ પટેલે અત્યંત સંક્ષેપમાં ઘણુંબધું કહી નાખ્યું : "આખાબોલાપણું, પરોપકારવૃત્તિ, સૌજન્યશીલ સ્વભાવ, નિયમિતતા, સાદાઇ અને સર્વ પ્રત્યે સમભાવ – પ્રો. ડૉ. 'અનામી'ના આવા ગુણ-વૈભવથી હું અત્યંત પ્રભાવિત થયો છું. કુટુંબ, સમાજ અને સાહિત્યમાં સતત ઓતપ્રોત રહેતા ડૉ. 'અનામી' માટે નિવૃત્તિ હોય એમ હું માનતો નથી." (પૃ. ૬) શ્રી યા. વિ. દેવાસકર અને શ્રી બાલકૃષ્ણ

ભટ્ટે 'જીવેત્સ શરદઃ શતમ્' અને 'ભદ્રં શિવમ્ મંગલમ્' સંસ્કૃત કાવ્યો દ્વારા અંજલિ આપી તો 'શિવાભીપ્સા' નામના સૉનેટમાં શ્રી મહેન્દ્રકુમાર દેસાઈએ ('કુમાર') અંગત સંબંધોનો ઉલ્લેખ કરતાં કહ્યું :

"મળી સ્વાધ્યાયે ને વિવિધ સમયે હૂંફ જ મને.
વિધાતાએ સર્જ્યું સહન કરવાનું - જીવનમાં
તદા આપે આપ્યું સહૃદય સમાશ્વાસન મહા
હજીએ રેલો છો વિમલ શુભ ભાવોની સરણી,
પ્રતીતિ એ મારે મન બની રહેતી નીસરણી."[૧૪]

પ્રો. ભાઈલાલ પ્ર. કોઠારીએ એમને ચૈતન્યમય જીવન જીવતા, સન્નિષ્ઠ વિદ્યાર્થીપ્રિય અધ્યાપક ને તાજગીભર્યું વ્યક્તિત્વ ધરાવનાર દિલેરદિલ આદમી તરીકે વર્ણવ્યા તો 'મેં જાણ્યા તેમને આ રૂપે' નામના લેખમાં ડૉ. હર્ષદ ત્રિવેદીએ એમના ખુલ્લા દિલના પ્રોત્સાહક વર્તાવ, અધ્યાપકીય સજ્જતા ને વ્યુત્પત્તિના વખાણ કરી 'રસાવહ રીતે' વસ્તુને રજૂ કરતા વિશદ વક્તા તરીકે બિરદાવ્યા ને એમના વ્યક્તિત્વની માધુરીને અંજલિ આપતાં લખ્યું : સાહેબગીરીના રુઆબને બદલે સ્નેહ, સૌહાર્દ અને વિશ્વાસની ભાવનાથી પ્રવર્તેલા તેમના વ્યવહારને કારણે તેમને 'અનામી સાહેબ' કહેતાં અમારી જીભને ભાર લાગતો નથી પણ જીવને ઉમળકો આવે છે. વડીલપણાના લેશમાત્ર ધોંધાટ કે દેખાડા વિના તેઓ સરલસહજ ભાવે અમારા જેવા કૈંકના વડીલવત્ બની રહ્યા તે બદલ અમે અમને ધન્ય માનીએ છીએ."[૧૫]

'સંભારણું'માં લાંબામાં લાંબો ને ડૉ. 'અનામી'ના વ્યક્તિત્વના અનેક પાસાંને સ્પર્શતો લેખ તો છે પ્રિ. ડૉ. રામચંદ્ર પંડયાનો.

ડૉ. પંડ્યા કૉલેજકાળથી ડૉ. 'અનામી'ને પિછાને – આઠ વર્ષ સુધી નડિયાદ કૉલેજમાં પણ સહઅધ્યાપકો રહ્યા. 'અનામી'ના પીએચ. ડી. ના પહેલા વિદ્યાર્થી ને બે પુસ્તકોના સહસંપાદક – સહલેખક પણ ખરા. ડૉ. 'અનામી'ના સાહિત્યની વાત કર્યા પછી એમના માનવીય ગુણોની વાત કરતાં લખે છે : "ડૉ. 'અનામી' સૌથી વિશેષ તો એક સજ્જન તરીકે ધ્યાન ખેંચે છે. સ્વજનો અને મિત્રો સાથે તો સૌ મીઠાશથી વર્તે છે, પણ અજાણ્યા માણસો, હાથ નીચેના માણસો અને વિદ્યાર્થીઓ સાથેનું તેમનું સૌજન્યભર્યું વર્તન એવું તો નમૂનેદાર છે કે એ બધા તેમને પ્રેમાદરપૂર્વક યાદ કરે છે. સારા પણ સાધનહીન અનેક વિદ્યાર્થીઓની વિવિધ પ્રકારની મૂંઝવણો તદ્દન સહજરીતે ઉકેલીને પ્રોત્સાહન, સહાય, માર્ગદર્શન આપીને તેમને સંતોષ્યા છે. તેમની સહજબુદ્ધિ વસ્તુના કે પ્રશ્નના મર્મને તરત પકડી લે છે અને સામાની પરિસ્થિતિ અને દૃષ્ટિકોણથી સમસ્યાઓને સમજીને તે વિવેકપૂર્વક તેમનો ઉકેલ બતાવી શકે છે. તેમની સહાનુભૂતિનો વિશાળ વ્યાપ સહુને સમાવી લે તેવો છે." ('સંભારણું,' પૃ. ૧૦) અંતમાં તેઓ લખે છે : "વાણી, વિચાર ને વર્તનની સરળતા તેમને પ્રિય છે – જે વિચારે તે જ કહે અને કહે તે જ કરવાનો પ્રયત્ન કરે. જે સાચું લાગે તે કહેતાં ભલભલાની પરવા ન રાખે. મનમાં એક ને બહાર બીજું એવું કદી નહીં. ને છેલ્લે નિઃસ્પૃહતા. કશી યે વસ્તુ માટે એ લાચારી બતાવે નહીં. પોતાની નિષ્ઠા, કાર્યકુશળતા અને શક્તિથી જે મળે તેમાં જ સંતોષ માને." ('સંભારણું,' પૃ. ૧૪)

આ સિવાય કોઇએ ક્યાય કહી નથી એવી એમના કૌટુંબિક જીવનની વાત, ડૉ. પંડ્યાએ અનેક વર્ષોના તેમના નિરીક્ષણ ને અનુભવ પરથી કહી છે તે આ : "પુત્ર તરીકે ભોળા, ઉદારદિલ પિતાને

સદાય સંતોષ આપ્યો છે. કુટુંબમાં ભાઇઓને તેમની વત્સલ ઉદારતાનો લાભ મળતો જ રહ્યો છે. પિતા તરીકે પોતાનાં સંતાનોના ભાવિની વત્સલ ચિંતા અને તેમના ઘડતર માટે સતત પ્રયત્નો કરતા જ રહ્યા છે, તો મિત્ર તરીકે તે સદાય ઉષ્માભર્યા, સહાયક, માર્ગ-દર્શક સજ્જન મિત્ર તરીકે જ રહ્યા છે. ઇશ્વરદત્ત આ મહત્તા અને શક્તિઓને એમની સરળતાને જાણે કે વધારે ને વધારે વિકસાવી છે. સમાનતા, શુભેચ્છા, સહાય – આ ત્રણ તેમના બધાની સાથેના વર્તનનાં પ્રધાન લક્ષણો છે." ('સંભારણું,' પૃ. ૧૩)

તા. ૧૦-૧૨-૭૭ શનિવારના રોજ 'પ્રેમાનંદ સાહિત્યભવન'માં એમનું ભવ્ય સન્માન થયું ત્યારે દેશમાંથી તેમજ પરદેશમાંથી સેંકડો શુભેચ્છાના સંદેશાઓ આવેલા, એમાં ડૉ. 'અનામી'ના વ્યક્તિત્વના વ્યાવર્તક લક્ષણોની ને ગુણસંપદાની અતિશયોક્તિભરી સ્તુતિ થયેલી પણ ડૉ. અનામી સાથે ૧૯ સાલ સુધી સહઅધ્યાપક તરીકે નોકરી કરનાર ને ડૉ. અનામી ની નિવૃત્તિ પછી પ્રોફેસર ને વિભાગના અધ્યક્ષ થનાર આપણા પ્રથમ કક્ષાના સર્જક ડૉ. સુરેશભાઇ જોષીએ એમને માટે 'સંભારણું'માં જે કંઇ લખ્યુ છે તે કેટલું તો યથાર્થ છે ! ખૂબજ તટસ્થાપૂર્વક લખાયેલો એ નાનકડો લેખ છે. લેખનું શીર્ષક છે : 'વ્યક્તિત્વનું તળપદું પોત.' 'અનામી' વડોદરા આવ્યા તે પહેલાં હું એમને 'ચક્રવાક'ના કવિ તરીકે ઓળખતો હતો. એઓ વડોદરા આવ્યા પછી એમના વધુ નિકટના પરિચયમાં આવવાનું બન્યું. આવતાં વેંત એમણે મને પશ્ચિમમાં પ્રકટ થયેલા સાહિત્યિક વિવેચનના સિધ્ધાન્તોની મીમાંસા કરનારા નવા ગ્રન્થો સુલભ બનાવી આપવાનું કહ્યું. જે નવું થઇ રહ્યું હતું તે વિશે જાણવાને એઓ ઉત્સુક હતા." (પૃ. ૧૫)

ડૉ. અનામી વડોદરા આવ્યા ત્યારે 'રીડર' તરીકે

આવેલા ને તે સમયે સુરેશભાઇ લેક્ચરર (વ્યાખ્યાતા) હતા. 'રીડર'ની લાયકાતમાં પીએચ.ડી.ની ઉપાધિ અનિવાર્ય હતી. શ્રી સુરેશભાઇ પીએચ.ડી.બહુ મોડા થયા. પશ્ચિમના સાહિત્યિક વિવેચનના સિધ્ધાન્તોનું જ્ઞાન શ્રી જોષીનું સારું હતું એટલે આવતાકની સાથે જ ડૉ. અનામી એ તે જાણવાની ઉત્સુકતા દર્શાવી. વસ્તુ તરીકે આ સામાન્ય લાગે છે પણ પોતાના હાથ નીચેના અધ્યાપકની વ્યુત્પત્તિ અને સજ્જનતાનો સ્વીકાર કરી એની પાસેથી શિખવાની જે તત્પરતા દાખવી તે જેવી તેવી વાત નથી. કેટલા માણસો આ કરી શકે તેમ છે?

એ જ લેખમાં ડૉ.સુરેશ જોષી, ડૉ. અનામી માટે લખે છે : "આમ સ્વભાવે એઓ આશુતોષ અને આશુરોષ છે. એમના વ્યક્તિત્વનું તળપદુ પોત એમની હાસ્યવૃત્તિમાં તથા એમના, પ્રકટીને તરત શમી જનારા, રોષમાં જોવા મળે છે." (પૃ. ૧૫) ડૉ. અનામી સારા પ્રભાવશાળી વક્તા હતા – તો એને માટે કહે છે : "એમની પાસે સચોટ પ્રસંગોચિત દૃષ્ટાન્તો, પ્રસંગો એમની યથાયોગ્ય બાનીમાં સાંભળવા એ એક લહાવો." એમના સ્વભાવની લાક્ષણિકતા નિરૂપતા કહે છે : "બાહ્ય વર્તનમાં કોઇવાર તોછડા કે આકરા લાગે, પણ અખાએ કહ્યું છે તેમ 'ઉપરથી નગ કોરડા, માંહે જળના ઓરડા' જેવી એમની પ્રકૃતિ. એમની સાથે કામ કરનાર શિક્ષકોને તેમજ વિદ્યાર્થીઓને એમનામાં એક વાત્સલ્યપૂર્ણ વડીલનાં દર્શન થયાં છે." ડૉ. અનામી ની વહીવટી શક્તિની વાત કરતા ડૉ.સુરેશ જોષી લખે છે : "તન્ત્ર બરાબર ચાલે એનો આગ્રહ ખરો, પણ તેથી માનવતા-ભર્યું વર્તન છોડવું પડે તો એ એમને પસંદ નહીં. લાગણીનો વિક્ષોભ હોય કે આર્થિક ભીડનો પ્રસંગ હોય, આપણો સ્વભાવસહજ સંકોચ દૂર કરીને એઓ આપણને હૂંફ આપે અને મદદે આવે. સંસારવ્યવહારના

ઘણા કાર્યો ઉકેલી આપવામાં પણ સહાયભૂત થાય. એઓ બેઠા હોય ત્યાંનુ વાતાવરણ ગંભીર હોય જ નહીં: એઓ પોતાને ભોગે પણ ઘણી ગમ્મત કરે." (પૃ. ૧૫)

ઇ.સ. ૧૯૩૫ થી શરૂ થયેલા ડૉ. અનામી ના સર્જનસ્રોતની વાત કરતા ડૉ. સુરેશ જોષી લખે છે : "એમનો સર્જનસ્રોત હજી સૂકાયો નથી. એમના કાવ્યો પ્રકટ થતા રહે છે. 'કાન્ત'નો 'પૂર્વાલાપ' શીખવતા એમનો કવિજીવ રાજીરાજી થઇ જાય, તો નવી કવિતાના ઉન્મેષો વિશે પણ એઓ રસપૂર્વક ચર્ચા કરે." (પૃ. ૧૫)

આ પછી ડૉ. અનામી ના સ્વભાવના ને વ્યક્તિત્વના કેટલાક લક્ષણો સંક્ષેપમાં વર્ણવતા લખે છે : " અનામી અજાતશત્રુ છે એવું નથી, પણ એમના સ્વભાવની પારદર્શક નિખાલસતા, એમનામાં રહેલુ વાત્સલ્ય અને એમની માનવતાભરી જીવનદૃષ્ટિએ એમને એમના વિશાળ વિદ્યાર્થીવર્ગમાં જ નહીં પણ અન્યત્ર સુધ્ધા એક બહોળા ચાહકો અને મિત્રોના સ્નેહ અને આદર સંપડાવી આપ્યા છે." ('સંભારણું' પૃ. ૧૫)

ડૉ. અનામી કેવળ મ.સ.યુનિ.ના જ પ્રાધ્યાપક રહ્યા નહોતા – ગુજરાતની લગભગ બધીજ યુનિ.ના પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં એમનુ માર્ગદર્શન લેવા આવતા હતા. દક્ષિણ ગુજરાત યુનિ.ની પીએચ.ડી.ની ડીગ્રી માટે પ્રો. જગદીશ શાહ 'મધ્યકાલીન ગુજરાતી ભક્તિકવિતા' એ વિષય પર બૃહત્ નિબંધ લખી રહ્યા હતા ને મુશ્કેલીમાં હતા, ત્યારે ડૉ. અનામી સંકટ સમયની, સાંકળ બની રહ્યા. એમના શોધપ્રબંધના 'નિવેદન'માં લખે છે: "મધ્યકાલીન ગુજરાતી ભક્તિકવિતાનો વિષય તો લીધો, પરંતુ તેનો પ્રારંભ કરતા મેં ભારે મુશ્કેલીનો અનુભવ કર્યો હતો.

ક્યાંય દિશા સાંપડતી ન હતી ત્યારે એ માટેનું પ્રથમ દિશાસૂચન ને યોગ્ય માર્ગદર્શન આપનાર મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ભૂતપૂર્વ પ્રોફેસર અને મારા વિદ્યાગુરુ 'અનામી' સાહેબ તથા પ્રો. સોમાભાઇ પારેખ સાહેબનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું."[૧૬]
એજ રીતે ગુજરાત યુનિવર્સિટીની પીએચ.ડી.ની ડીગ્રી માટે પ્રો. જોસેફ પરમાર 'અર્વાચીન ગુજરાતી ગદ્યનો વિકાસ' (ઇ.સ. ૧૮૫૦ થી ૧૯૧૫) એ નામનો મહાનિબંધ લખી રહ્યા હતા ત્યારે પણ ડૉ. 'અનામી' એ ઘણુંબધું માર્ગદર્શન આપ્યું હતું. 'નિવેદન'માં તેઓ લખે છે : "મુરબ્બી અનામી સાહેબે મને અભ્યાસકાળથી જ પ્રેરણા ને પ્રોત્સાહન આપ્યાં તેને અહીં કૃતજ્ઞભાવે સ્મરું છું"[૧૭]
પ્રકાશિત મહાનિબંધ ડૉ. 'અનામી' ને અર્પણ થાય છે એ ઘટના પણ એની જ પ્રતીતિ કરાવે છે.[૧૮]

ડૉ. 'અનામી' ને મધ્યકાલીન તેમજ અર્વાચીન બન્નેય સાહિત્યમાં સરખો રસ હતો એટલે વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન મળી રહેતું હતું.

વર્ષોથી એમને ડીઓડીનલ અલ્સર થયેલુ ને ક્રોનિક થઇ ગયેલુ – અને એ એક્ટીવ બની જાય – ઉત્તેજિત થાય ત્યારે હેરાન–પરેશાન કરે – આમ છતાં પણ તેમણે કાર્ય પ્રત્યે રજમાત્ર ઉપેક્ષા કે ઉદાસીનતા દાખવી નથી. કુતૂહલ ખાતર એકવાર એમણે તા. ૩–૭–૭૪ (એટલે કે નિવૃત્તિ પહેલાં ત્રણ વર્ષ) ના રોજ ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી અરોઠેને કાગળ લખ્યો :

તા. ૩–૭–૭૪

ભાઇશ્રી અરોઠે,

જુદી જુદી જાતની રજાઓ બેલેન્સમાં કેટલી છે તે જાણવાની

મારી ઇચ્છા છે તો ફુરસદે જણાવી આભારી કરશો.' તે જ દિવસે ભાઇ અરોઠેએ જણાવ્યું તો, માંદગીની (સીક લીવ) ૪૧૦ ને હાફ પે લીવ (અર્ધા પગારની રજાઓ) ૨૪૦ બેલેન્સમાં હતી.

'મેં જાણ્યા તેમને આ રૂપે'માં હર્ષદ ત્રિવેદી લખે છે : "નિવૃત્તિના સમયે પણ કર્તવ્ય પ્રત્યે ઉદાસીન બનાવતો નિર્વેદ એમનામાં દેખાયો નથી. કારકિર્દીના છેવટના વર્ષોમાં પણ તેઓ સમકાલીન સાહિત્ય-પ્રવાહોથી સતત પરિચિત રહ્યા છે, સાહિત્યક્ષેત્રના નવાનવા પ્રયોગોને જાણવા, માણવા અને નાણવા ઉત્સુક્ત રહ્યા છે. ચર્ચાઓ માંડીને બીજાઓને તેમણે એ પ્રકારની ચાનક ચઢાવી છે. વિદ્યાર્થીઓમાં તેઓ સુપ્રિય રહ્યા છે, તેમની અધ્યાપકીય સજ્જતા, વ્યુત્પત્તિ ઉપરાંત વિષય રજૂઆતની તેમની આગવી શૈલીને કારણે. પરંતુ વિદ્યાર્થીઓએ તેમનામાં માત્ર વિદ્યાગુરુ જ જોયા નથી, હિતચિંતક સ્નેહાળ સ્વજનરૂપે પણ તેઓએ તેમને અનુભવ્યા છે." ('સંભારણું', પૃ.૧૭)

ઇ.સ. ૧૯૪૬માં પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી 'ચક્રવાક'ની પ્રસ્તાવના લખે છે, પણ મળવાનો સુમેળ તો પ્રાપ્ત થાય છે એક દાયકા બાદ ૧૯૫૬માં – 'ગોવર્ધન શતાબ્દી નિમિત્તે' તેઓ વ્યાખ્યાન આપવા નડિયાદ પધારે છે ત્યારે પ્રો. ત્રિવેદી સાહેબનો પ્રતિભાવ જોવા જેવો છે એટલું જ નહીં પણ એ કેટલો બધો યથાર્થ છે ! સંક્ષેપમાં એમણે ઘણુંબધું કહી દીધું છે. તેઓ લખે છે : "પ્રા. રણજિતભાઇ પટેલને પ્રથમવાર હું નડિયાદમાં મળ્યો ત્યારે એક પ્રસ્થાન વૃત્તિવાળા, તરવરતા, વિદ્યાવ્યાસંગી જુવાન તરીકે મેં ઓળખેલા. ૧૯ વર્ષ તેમણે મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયમાં અધ્યાપક તરીકે ઉચ્ચ કક્ષાની સેવા આપી તથા સર્વ સાંસ્કારિક પ્રવૃત્તિમાં ઉલટભેર ભાગ લીધો તેથી તેઓ ગુજરાતમાં જાણીતા થયા.

પ્રો. પટેલ ગુજરાતી વિભાગના અધ્યક્ષ થયા, વિદ્યા પ્રાપ્ત કરી અને વિદ્યા આપી, કવિતા લખી અને કવિતાનું વિવેચન કર્યું, પણ એ બધા ઉજ્જવળ કાર્યમાં સૌથી મહત્ત્વનું કાર્ય અધ્યાપક તરીકેનું છે. અનેકાનેક વિદ્યાર્થીઓને પ્રેરણા અને માર્ગદર્શન આપવામાં તેમના જ્ઞાન, વિવેકબુધ્ધિ, કવિની સંવેદનશીલતા અને અસાધારણ ઉત્સાહનો વિનિયોગ થયો છે. શ્રી રણજિતભાઇ પટેલમાં અધ્યાપકનો એક આદર્શ હું જોઉં છું." ('સંભારણું', પૃ. ૨)

એ વાતમાં તો શંકા જ નથી કે ડૉ. પટેલ જન્મથી જ શિક્ષક હતા ને આજીવન તેઓ આદર્શ શિક્ષક જ રહ્યા. પિતાની ઇચ્છા તેમને વકીલ તરીકે જોવાની હતી પણ દાદાએ સારા શિક્ષક થવાના આશીર્વાદ આપેલા - જે કાળક્રમે ફળ્યા.

ઇ.સ. ૧૯૯૦ માં, 'આકાશવાણી' પરની એક સંસ્મરણાત્મક મુલાકાતમાં ડૉ. સુભાષ દવેએ, ડૉ. અનામીને શ્રી વિષ્ણુપ્રસાદના ઉપર્યુક્ત અભિપ્રાય પર નિર્ભર આ પ્રકારનો પ્રશ્ન પૂછયો હતો : "અનામી સાહેબ આપે લગભગ સાડા ત્રણ દાયકા સુધી શિક્ષણક્ષેત્રે નિષ્ઠાપૂર્વક કામગીરી બજાવી છે. મ.સ.યુનિ. માંથી ઇ.સ. ૧૯૭૭માં આપ નિવૃત્ત થયા ત્યારે આપણા મૂર્ધન્ય ચિંતક-વિવેચક શ્રી વિષ્ણુ-પ્રસાદ ત્રિવેદીએ આપને માટે લખેલું : "શ્રી રણજિતભાઇ પટેલમાં અધ્યાપકનો એક આદર્શ હું જોઉં છું." તો એક અધ્યાપકને નાતે આપનું આત્મનિરીક્ષણ શું છે?" ડૉ. દવેના આ સૂચક પ્રશ્નનો ડૉ. અનામીએ અત્યંત ભાવનાપૂર્વક પ્રત્યુત્તર પાઠવેલો : "સુભાષભાઇ ! સાચું કહું તો અધ્યાપકના કાર્યને મેં વ્યવસાયરૂપે કદાપિ સ્વીકાર્યું જ નથી. ક્ષણેક્ષણનો મેં એને સ્વ-ધર્મ માન્યો છે. ઉમાશંકરભાઇની જેમ મેં વર્ગને સ્વર્ગ ન માન્યું હોય તો પણ શિક્ષણકાર્યમાં મને જે નિર્ભેળ

આનંદ ને પરમ પરિતોષ પ્રાપ્ત થયાં છે એવાં કશે થયાં નથી. જ્ઞાનસંપદા મર્યાદિત હોય પણ જો સ્વ-ધર્મ પ્રત્યે ભક્તના જેવી નિષ્ઠા અને વિદ્યાર્થીગણ માટે સ્વાભાવિક વાત્સલ્ય હોય તો કોઇ વાતની ઉણપ વરતાતી નથી. ડૉક્ટરની દવા કે ઇન્જેક્શન, દ્રવ્ય અને કીર્તિ તાત્કાલિક રળી આપે, વકીલની દલીલબાજી સ્વલ્પ સમયમાં ફલદાયી નીવડે - પણ શિક્ષકે તો માતાની જેમ એક પેઢી સુધી ધીરજ ધરવાની હોય છે. શિક્ષકનું કાર્ય એકાદ પચ્ચીસી પછી ઉગી નીકળે છે ત્યારે એનો ક્લેશ પરમ મુદામાં પલટાઇ જાય છે. ૨૫-૩૦ વર્ષની કામગીરીમાં ૨૫-૩૦ ઉત્તમ વિદ્યાર્થીઓના જીવનનું ઘડતર કરનાર અધ્યાપકનું વળતર, લાખે લેખાં ગણતાં ડૉક્ટર - વકીલ કે સફળ વેપારી કરતાં રજ માત્ર કમ હું ગણતો નથી. સ્થૂલ કમાણીની ત્રિરાશી માંડી શકાય, માતાના ધાવણનું મૂલ્ય શું હોઇ શકે ?"

આ જ વિચાર ને ભાવનું પ્રતિપાદન તેમણે તા. ૨૮-૧-૧૯૭૧ ગુરૂવારના રોજ, ડભોઇની કૉલેજ ઑફ એજ્યુકેશન માં અતિથિ-વિશેષ તરીકે આપેલા ભાષણમાં પણ કરેલું. તેમણે કહેલું : "શિક્ષણનું કાર્ય તમો આનંદપૂર્વક કરો છો કે સજા-વેઠરૂપે ? - એ પ્રશ્ન તમારી જાતને પૂછજો. આનંદપૂર્વક થતા કર્તવ્યમાં બધાનો વિકાસ અને સર્વનું શ્રેય છે. આનંદ વિનાનું શુષ્ક કર્તવ્ય હાનિકારક નહીં હોય પણ સરવાળે લાભકર્તા પણ નહીં હોય - અને જ્યારે તમને આ વ્યવસાય વેઠ કે સજારૂપ લાગે ત્યારે એક ક્ષણ માટે પણ આ ક્ષેત્રમાં રહેશો નહીં. એમાં સર્વનો વિનિપાત છે - Senge of Purpose અને Feeling of Involvement ની માત્રા જેટલી વધશે તેટલી વિદ્યાર્થીઓની, શિક્ષકોની અને શિક્ષણની તેજસ્વિતા વધશે. પારણાથી તે સ્મશાન સુધીની નહીં પણ ગર્ભધાનથી તે નવજન્મ સુધીની - શિક્ષણની પ્રક્રિયા

ધારાવાહી રહેવી જોઈએ, અને શિક્ષકો માટેનું શિક્ષણ એ તો જીવનભરની સાધના બનવી જોઈએ."[૧૯]

## આદર્શ અધ્યાપક

તા. ૧૦-૧૨-૧૯૭૭ શનિવારના રોજ, પ્રેમાનંદ સાહિત્ય-ભવન, વડોદરા ખાતે, તે વખતના ગુજરાત રાજ્યના માનનીય મુખ્ય-મંત્રી શ્રી બાબુભાઈ જશભાઈ પટેલના અતિથિવિશેષપદે, પ્રો. ડૉ. રણજિત પટેલનો સન્માન સમારંભ યોજવામાં આવેલો ત્યારનો કાર્યક્રમ, એ સભામાંની અસાધારણ હાજરી, એમાં વિવિધ કાર્યક્ષેત્રના ઉપસ્થિત રહેલા વિશિષ્ટ મહાનુભાવો, ત્યાં થયેલાં વક્તવ્યો વગેરેનો અંદાઝ લગાવી અનુમાન કરવામાં આવે તો વિના સંકોચે કહી શકાય કે ડૉ. 'અનામી'નું એ બહુમાન એમનામાં આજીવન જીવન્ત રહેલ એક આદર્શ અધ્યાપકનું બહુમાન હતું. તે વખતે પ્રગટ થયેલ 'સંભારણું'માં આપણા મૂર્ધન્ય વિવેચક પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ લખેલું : "પ્રો. પટેલ ગુજરાતી વિભાગના અધ્યક્ષ થયા, વિદ્યા પ્રાપ્ત કરી અને વિદ્યા આપી, કવિતા લખી અને કવિતાનું વિવેચન કર્યું, પણ એ બધા ઉજ્જવળ કાર્યમાં સૌથી મહત્ત્વનું કાર્ય તેમનું અધ્યાપક તરીકેનું છે. અનેકાનેક વિદ્યાર્થીઓને પ્રેરણા અને માર્ગદર્શન આપવામાં તેમના જ્ઞાન, વિવેકબુદ્ધિ, કવિની સંવેદનશીલતા અને અસાધારણ ઉત્સાહનો વિનિયોગ થયો છે. શ્રી રણજિતભાઈ પટેલમાં અધ્યાપકનો એક આદર્શ હું જોઉં છું." ('સંભારણું ' પૃ. ૨)

ડભોડાની 'કુમારશાળા'માં, માસિક ચાર રૂપિયાના પગારમાં નોકરી કરતા એમના દાદાએ શિખામણ ને આશીર્વાદ આપેલાં : "બેટા, ભણીગણીને તું માસ્તર થજે – સારો માસ્તર

થજે. એમાં તને પૈસા નહીં મળે, પણ અનેક વિદ્યાર્થીઓનો પ્રેમ મળશે અને એ પ્રેમની મૂડી તારું મહાધન બની જશે." – તો એમના પિતાજી એમને વકીલ બનાવવા માગતા હતા – કેમજે જમીનના અને ધીરધારના ધંધામાં એમને વકીલની અવારનવાર જરૂર પડતી. શ્રી પટેલની અંગત ઇચ્છા ડૉક્ટર બનવાની હતી અને એ આશયથી એમણે મેટ્રીકમાં ફીઝી ક્સ–કેમિસ્ટ્રીને બદલે ફિઝિયોલોજી–હાઇજીન વિષયો રાખેલા. – અને એમને એલ.સી.પી.એસ.માં જવાની ઉજ્જવળ તકેય હતી, પણ એ તો કડી સર્વવિદ્યાલયમાં એક સાલ શિક્ષકની નોકરી કરી સૂરત ગયા, કૉમર્સનો કોર્સ કરવા – ત્યાંથી ગયા બનારસની વિશ્વનાથ યુનિવર્સિટીમાં, ત્યાંથી ગયા કલકત્તા – ઝવેરાતની દુકાનમાં ને ત્યાંથી ગયા અમદાવાદ 'ગુજરાત સમાચાર' – 'પ્રજાબંધુ' માં. આમ સ્થળાંતર કરતાં કરતાં વ્યવસાય વ્યવસાય બદલતાં બદલતાં છેવટે, ઇ.સ. ૧૯૩૮માં અમદાવાદની ગુજરાત કૉલેજમાં વધુ અભ્યાસ અર્થે પ્રીવિયસમાં દાખલ થયા. બી.એ. થયા બાદ તેઓ વડોદરા રાજ્યના આબકારી ખાતામાં 'ટોબેકો ઇન્સ્પેક્ટર' તરીકે પસંદગી પામ્યા – પણ આગળ અભ્યાસ કરવાનો ચાલુ રાખી એમ.એ.; બી.ટી. થયા ને ઇ.સ. ૧૯૪૩માં ફર્સ્ટ એલ.એલ.બી.ની પરીક્ષા પણ પાસ કરી – ૧૯૪૪માં દ્વિતીય એલ એલ.બી.ના બે સત્ર ભર્યાં જેથી જરૂર પડે તો ભવિષ્યમાં પિતાની ઇચ્છા પૂર્ણ કરી શકાય – પણ અંતે તો આ બધા ઉધામા ગૌણ બની ગયા ને દાદાના આશીર્વાદ જ આખરે ફળ્યા – ને ૧૯૪૪માં પીલવાઇ શેઠ જી.સી. હાઇસ્કૂલમાં તેઓ અધ્યાપક તરીકે જોડાયા – એ પછી તો ઇ.સ. ૧૯૭૭ સુધી – નિવૃત્તિકાળ સુધી તેઓ અમદાવાદ, પેટલાદ, નડિયાદ અને વડોદરામાં અધ્યાપક તરીકે જ રહયા. આમ લગભગ સાડા ત્રણ દાયકા સુધી તેમણે શિક્ષણનું જ કાર્ય કર્યું.

[6] 'અનામી'[9]: એક વ્યક્તિવિશેષ'માં આપણે જોયું કે ડૉ. પટેલને પ્રાથમિક શિક્ષણથી લઈને તે વિશ્વવિદ્યાલય સુધીના શિક્ષણમાં તેમના શિક્ષકો અને પ્રોફેસરોનો નિવ્યાજ સ્નેહ પ્રાપ્ત થયો છે. એમાં એમના વિનય અને તેજસ્વિતાનો ફાળો અવશ્ય હશે – પણ એ જમાનાના વિદ્યાગુરુઓની એક મહાનુભાવિતા પણ હતી. પોતે સ્વીકારેલા વ્યવસાય પરત્વે નિષ્ઠા (Dedication - Sincerity) અને લગાવ – તદ્રૂપતા (Involvement) પણ મોટા ભાગના અધ્યાપકોમાં જોવા મળતા. ડૉ. પટેલમાં એમના એ વિદ્યાગુરુઓનો વારસો વિપુલ પ્રમાણમાં ઉતર્યો છે. તેમના પ્રાથમિક શિક્ષણ વખતે પણ તેઓ તેમના સારા શિક્ષકો અને સામાન્ય શિક્ષકોનો ભેદ સમજી શકેલા – એટલે એમના વર્ગશિક્ષક શ્રી રામજીભાઈ દેસાઈ (હજી હયાત છે, વય ૯૨) અને એમના આચાર્ય શ્રી ભાઈચંદભાઈ શાહને હજીય યાદ કરે છે. અંગ્રેજી શાળામાં દાખલ થયા ત્યાં પણ આચાર્ય શ્રી શંકરપ્રસાદ રાવળે આપેલી સાહિત્યદીક્ષાને ભક્તિભાવપૂર્વક સ્મરે છે.

'સર્વવિદ્યાલય' કડીના ભાવનાશીલ, નિષ્ઠાવાન અને ભેખધારી શિક્ષકો – જેવા કે આચાર્ય શ્રી બાપુભાઈ ગામી, રસિક મર્મજ્ઞ શ્રી ડાહ્યાભાઈ હરગોવિંદદાસ જાની અને લલિતકલા તેમજ લલિત સાહિત્યના સારા અભ્યાસી શ્રી ઉમેદભાઈ ર. પટેલ ('પરિમલ,' 'યાત્રિક') જેવા અધ્યાપકોએ તો શ્રી પટેલના જીવનઘડતરમાં અપૂર્વ ભાગ ભજવ્યો છે – આ બધાજ આદર્શ શિક્ષકો હતા. આણંદની ચરોતર એજ્યુકેશન સંચાલિત શ્રી દાદાભાઈ નવરોજી હાઈસ્કૂલ (ડી. એન. હાઈસ્કૂલ) ના આચાર્ય શ્રી ભીખાભાઈ કુ. પટેલ, ગુજરાતીના અધ્યાપક શ્રી ચંદુભાઈ રાવજીભાઈ પટેલ અને શ્રી રામભાઈ ગ. પટેલે પણ મેટ્રીક વખતે શ્રી પટેલના અભ્યાસમાં સક્રિય અને અંગત રસ લીધેલો. આ બધા જ અધ્યાપકોની શૈક્ષણિક સજ્જતા અને વ્યુત્પત્તિથી

શ્રી પટેલ અત્યંત પ્રભાવિત થયેલા અને એમના સંવિદ્‌માં એ આદર્શ દૃઢ થયેલો. બી.એ., એમ.એ. વખતે પણ વાત્સલ્યમૂર્તિ સમદર્શી વિદ્વાન પ્રો. અનંતરાય રાવળ, વિચક્ષણ વિવેચક શ્રી રામનારાયણભાઈ પાઠક, પ્રકાણ્ડ પંડિત શ્રી રસિકલાલ છો. પરીખ, મૂર્ધન્ય કવિ શ્રી ઉમાશંકરભાઈ અને આજીવન પ્રાધ્યાપક શ્રી યશવન્તભાઈ શુક્લ, 'જે દેવ સ્થાપ્યા તે સ્થાપ્યા' એ જીવનમંત્રની અનન્ય ઉપાસના કરનાર વંદનીય ગુરુઓ શ્રી પટેલની પ્રેરણામૂર્તિ સમાન હતા. એવી જ રીતે એલ.એલ.બી. વખતે પ્રિન્સિપાલ શ્રી મુકુન્દભાઈ દેસાઈ અને હિન્દુ લૉના નિષ્ણાત પ્રો.મધુભાઈ પંડિત અને બી.ટી.મા પ્રિ. ટી.કે.એન.મેનન અને પ્રો.એસ.એન.મુખરજીએ પણ શ્રી પટેલની આદર્શ અધ્યાપકની વિભાવનાને પુષ્ટ અને સતેજ કરેલી.

તો આપણે આદર્શ અધ્યાપક કોને કહીશું? અધ્યાપક એના વિષયનો તજ્જ્ઞ હોય, નિષ્ણાત હોય એ તો અભિપ્રેત છે જ પણ કેવળ જ્ઞાન-સંપન્ન હોય એથી આદર્શ અધ્યાપક ન પણ બનાય ! એ જ્ઞાનને પચાવી, આત્મસાત કરી, વિદ્યાર્થીઓને સુગ્રાહ્ય થાય એવું સુગમ બનાવવાની કુનેહ પણ તેનામાં હોવી જોઈએ. જ્ઞાનવિતરણની કોઈ ચોક્કસ પધ્ધતિ પ્રત્યેક અધ્યાપકને એકધારી અનુકૂળ ન પણ હોય – દરેક અધ્યાપકની સજ્જતા અને વ્યુત્પત્તિ એના વ્યક્તિત્વને અનુરૂપ જ્ઞાનવિતરણ પધ્ધતિ નક્કી કરે છે – અને એ પધ્ધતિની સફળતા વા નિષ્ફળતા અધ્યાપકની વ્યવસાયનિષ્ઠા અને વિદ્યાર્થીઓ પ્રત્યેના પ્રેમ પર આધાર રાખે છે – મતલબ કે શુષ્ક જ્ઞાનની સાથે પ્રેમ ભળતાં કોઈ પણ વિષય ગ્રાહ્ય ને રસિક બનાવી શકાય છે. ડૉ. પટેલમાં આ બંનેય ગુણોની માત્રા વિશેષ પ્રમાણમાં મૂર્ત થઈ છે. આપણા સાધુ સન્તોમાં સહજ જેવા મળતી એક દૃષ્ટાંત-પધ્ધતિ ડૉ. પટેલમાં પણ જેવા મળે છે. અમૂર્ત મુદ્દાને પણ સચોટ દૃષ્ટાન્ત દ્વારા

મૂર્ત કરવાની આ શક્તિમાં એમની સફળતાનું રહસ્ય રહેલું છે. પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ, જ્ઞાનની સાથે બીજી વાત એમની વિવેક-બુદ્ધિની કરી છે. કયો વિષય કોને કેટલો ને કેમ શિખવવો એ તારતમ્ય બુદ્ધિ ડૉ. પટેલને બી. ટી. ના અભ્યાસ દ્વારા અને દીર્ઘ અનુભવથી પ્રાપ્ત થઇ છે – કદાચ એ શક્તિ નૈસર્ગિક પણ હોય! – વર્ગમાં તો બધી જ કક્ષાના વિદ્યાર્થીઓ હોય – એ સર્વની બૌદ્ધિક કક્ષાનો અંદાઝ લગાવી એમને અનુરૂપ ભાષા નિયોજવી અને વિષયને એના ગ્રાહ્ય-ભાવક સુધી પહોંચાડવાની અભિવ્યક્તિરીતિ અખત્યાર કરવી અનિવાર્ય હોય છે. ડૉ. પટેલને ભાષાની તકલીફ કદાપિ નડી નથી. કલેડામાં ધાણી ફૂટતી હોય એમ એમની વાણી અસ્ખલિત વહેતી હોય છે – અને વિષયની પકડને કારણે સમયનું બંધન પણ એમને નડયું નથી. જ્ઞાન અને વિવેકબુદ્ધિ પછી પ્રો. વિષ્ણુ-પ્રસાદ ર. ત્રિવેદીએ ડૉ. પટેલની 'કવિની સંવેદનશીલતા'ની વાત કરી છે – ડૉ. પટેલ સ્વયં સારા કવિ તો છે જ – પણ કાવ્ય-સર્જનની ક્ષણે સંવેદનશીલતા અનુભવવી એ એક વાત છે ને જ્ઞાન વિતરણની ક્ષણે સંવેદનશીલતા દાખવવી એ બીજી વાત છે. સર્જનમાં તદ્રૂપતા સાથે તાટસ્થ્ય પણ જોઇએ, જ્યારે શૈક્ષણિક કાર્યમાં તાટસ્થ્ય કરતાં તદ્રૂપતા – તન્મયતાની વિશેષ આવશ્યકતા હોય છે. આ પછી પ્રો. ત્રિવેદી સાહેબે ડૉ. પટેલના 'અસાધારણ ઉત્સાહના વિનિયોગ'ની વાત કરી છે એ સર્વથા યથાર્થ છે. આમેય શૈક્ષણિક કાર્ય ઉપરાંત, જીવનના નાનાવિધ સર્વવ્યવહારમાં પણ, આ અસાધારણ ઉત્સાહ, એમના વ્યક્તિત્વનું જાણે કે વ્યાવર્તક લક્ષણ ન હોય એમ સર્વ કોઇને લાગે. આજેય, જીવનનો પોણો સૈકો વટાવ્યા બાદ પણ આ ઉભરાઇ જતો અસાધારણ ઉત્સાહ – જીવનરસ – એમનામાં વિપુલ પ્રમાણમાં જોવા મળે છે.

ડૉ. પટેલે લગભગ અર્ધો ડઝન શૈક્ષણિક સંસ્થાઓમાં સાડાત્રણ દાયકા સુધી અધ્યાપકનું કાર્ય સફળ રીતે કર્યું તેમાં તે સર્વત્ર વિદ્યાર્થીઓના પ્રિય પ્રાધ્યાપક રહ્યા છે. વિદ્યાર્થીઓની આ એકધારી પ્રીતિનું કારણ એમનું જ્ઞાન અને એનું પ્રેમપૂર્વક વિતરણ તો ખરું જ, પણ એથીય મોટું ને સાચું કારણ તો પ્રો. વિ. ર. ત્રિવેદી સાહેબે દર્શાવ્યું છે તેમ, અનેક વિદ્યાર્થીઓને અભ્યાસમાં તેમજ જીવનમાં પ્રેરણા ને યોગ્ય માર્ગદર્શન આપવાની તેમની આગવી શક્તિમાં રહ્યું છે. માર્ગદર્શન માટે એમની પાસે ગયેલો કોઇપણ વિદ્યાર્થી નિરાશ થઇને પાછો આવ્યો હોય એવું બન્યું નથી - બલકે નિરાશાને ખંખેરી નાખી ઉત્સાહનું પાથેય લઇને આવ્યાના અનેકાનેક દૃષ્ટાંતો છે. જરૂરિયાતવાળા, સાધનના અભાવવાળા અનેક વિદ્યાર્થીઓને તેમણે પુસ્તકો અને શાળા-કૉલેજની ફી આપી છે. ઘરે બોલાવીને, પોતાના સંતાનોની જેમ રાખીને ભણાવ્યા છે, અને એમની શક્તિને અનુરૂપ જે તે વ્યવસાયમાં પણ ગોઠવ્યા છે. પોતાનો કયો વિદ્યાર્થી ક્યાં, કઇ સ્થિતિમાં શું કામ કરી રહ્યો છે એની સંપૂર્ણ અદ્યતન માહિતિ એમના ચોપડામાં હોય જ - અને જો તે વિદ્યાર્થીની વ્યુત્પત્તિને અનુરૂપ કોઇ સંસ્થામાં ઉજ્જવલ તક હોય તો, ત્યાં તેને ગોઠવવા પ્રયત્ન કરે જ. એમનો આ સદ્વ્યવહાર કેવળ વિદ્યાર્થીઓ પૂરતો જ મર્યાદિત ન રહેતા, ડૉ. સુરેશભાઇ જોષી 'સંભારણું'માં લખે છે તે પ્રમાણે : "તન્ત્ર બરાબર ચાલે એનો આગ્રહ ખરો, પણ તેથી માનવતાભર્યું વર્તન છોડવું પડે તો એ એમને પસંદ નહીં. લાગણીનો વિક્ષોભ હોય કે આર્થિક ભીડનો પ્રસંગ હોય, આપણો સ્વભાવસહજ સંકોચ દૂર કરીને એઓ આપણને હૂંફ આપે અને મદદે આવે. સંસાર વ્યવહારના ઘણા કાર્યો ઉકેલી આપવામાં પણ સહાયભૂત થાય - એમના સ્વભાવની પારદર્શક નિખાલસતા,

એમનામાં રહેલું વાત્સલ્ય અને એમની માનવતાભરી જીવનદૃષ્ટિએ એમને એમના વિશાળ વિદ્યાર્થીવર્ગમાં જ નહીં પણ અન્યત્ર સુધ્ધાં અનેક ચાહકો અને મિત્રોના સ્નેહ અને આદર સંપડાવી આપ્યાં છે." (પૃ. ૧૫). ડૉ. ભોગીલાલ સાંડેસરાએ પણ 'સંભારણું'માં ડૉ. પટેલના આ ગુણ વિશેષની સંક્ષેપમાં આ રીતની નોંધ લીધી છે : "અત્યંત હેતાળ સ્વભાવ સાથે વ્યવહારની ઊંડી અને સાચી સમજ એમનામાં છે. એમનું વૈદુષ્ય વ્યાપક અને ભાવનાત્મક છે." (પૃ. ૭).

ડૉ. 'અનામી' કેવળ એમના જ વિદ્યાર્થીઓના અભ્યાસ અને ઉત્કર્ષમાં રસ લેતા હતા એવું નથી - કોઇપણ વિદ્યાસંસ્થાનો, કોઇપણ વિદ્યાર્થી માર્ગદર્શન માટે વિના સંકોચે એમની પાસે આવી શકતો. ઇ.સ. ૧૯૫૦ થી ૧૯૫૮ સુધીમાં જ્યારે એ નડિયાદમાં ગુજરાતીના અનુસ્નાતક કેન્દ્રના અધ્યક્ષ હતા ત્યારે એસ.એન.ડી.ટી. યુનિ.ની જી.એ., પી.એ.ની બહેનો માટે કોઇ માન્ય પ્રાધ્યાપક નહોતા ત્યારે ડૉ. અનામી વિના વેતને એવી પદરેક બહેનોના વર્ગો નડિયાદની વિઠ્ઠલકન્યા વિદ્યાલયમાં લેતા હતા - જેમાંની મોટાભાગની બહેનો તો તે સંસ્થાની શિક્ષિકાઓ હતી. ગુજરાત યુનિ.માં એકવાર તો નડિયાદની સી.બી.પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટના બધાજ બી.એ. ગુજરાતી ના વિદ્યાર્થીઓ ઑનર્સ સાથે પાસ થયેલા. નડિયાદ અને વડોદરાના બી.એ., એમ.એ.ના વિદ્યાર્થીઓના ચારથી આઠ પીરિયડસ એકસામટા લીધા છે. સામટા ચાર પીરિયડસને અન્તે સ્વ. અનિરુધ્ધ બ્રહ્મભટ્ટે વર્ગમાં પૂછેલું પણ ખરું કે 'સાહેબ ! અમને તો સાંભળવાની મઝા પડે છે, પણ તમને થાક નથી લાગતો ?' વિદ્યા અને વિદ્યાર્થીઓના પ્રેમ સિવાય આ શક્ય ન બને. ડૉ. અનામી એમના પીરિયડસ એવી રીતે ગોઠવતા કે 'રીસેસ'નો પણ લાભ લઇ

શકાય – ને જે છેલ્લો પીરિયડ ગોઠવ્યો હોય તો વિષયનો મુદ્દો પૂરો ન થાય ત્યાં સુધી આગળ ચલાવે – આમાં વિદ્યાર્થીઓ પણ ઉલટથી સહકાર આપે. એમના વિદ્યાર્થીઓની અધૂરી યાદી ઉપર ઉડતી નજર નાખીએ તો પણ ધન્યતાનો અનુભવ થાય !

ડૉ. રમણલાલ જોષી, પ્રિ. ડૉ. દયાશંકર જોષી, ડો. દ્વારકાદાસ સાંડેસરા, પ્રા. રતિલાલ સાં. નાયક, ડૉ. ભાનુભાઇ ચોકસી, પ્રિ. શ્રી જયેશ દેસાઇ, ડૉ. રામચંદ્ર પંડયા, ડૉ. જયંત પટેલ, પ્રો. પ્રફુલ્લ દવે (ઇવાડેવ), પ્રો. પુરુરાજ જોષી, પ્રો. પદ્માબેન ફડિયા, ડૉ. આર. પી. પંડયા, ડૉ. લવકુમાર દેસાઇ, ડૉ. હસમુખ પટેલ (શૂન્યમ્), પ્રો. બાબુભાઇ રાવ, પ્રો. માર્કંડ પંડયા, ડૉ. અનિલ ત્રિપાઠી, ડૉ. કુમુદબેન પરીખ, ડૉ. મહેન્દ્ર પંડયા, પ્રો. રાવજી પટેલ, પ્રો. કંચન અમીન, ડૉ. શિરીષ પંચાલ, પ્રો. અનિરુધ્ધ બ્રહ્મભટ્ટ, પ્રો. કંચનલાલ કાંટાવાળા, ડૉ. સુમન શાહ, પ્રો. જનાર્દન પાઠક, ડૉ. હરિભાઇ ઠક્કર, પ્રિ. ઇલા સી. પટેલ, ડૉ. જગદીશ શાહ, પ્રો. વિનુભાઇ પટેલ, પ્રો. જ્યોત્સ્ના જાની, પ્રા. સરલા મહેતા, પ્રો. પ્રિયકાન્ત પરીખ, પ્રો. રોહિત પંડયા, પ્રો. કનુભાઇ ગોર, પ્રો. મહેશ દવે, પ્રો. નારાયણ પટેલ, પ્રિ. હર્ષદ દેસાઇ, ડૉ. કાન્તિલાલ શાહ, શ્રીમતી પ્રવીણા ન્યાય, પ્રા. પ્રિયકાન્ત જોષી, પ્રા. નિરંજના શાહ, પ્રો. તારા પટેલ, પ્રિ. પદ્મા ભટ્ટ, પ્રિ. તલાટી (આણંદ), પ્રિ. વહોરા, પ્રિ. અંબાલાલ પટેલ, પ્રો. મફત પટેલ, ડૉ. પ્રહલાદ કાસ્વાકર, પ્રો. ગોપાલ શાસ્ત્રી, ડૉ. રમણભાઇ તલાટી, ડૉ. જયંત જોષી, ડૉ. ઉમા દેશપાંડે, શ્રી. મનીષ કંસારા, શ્રી ભોગીલાલ ભણસાલી, પ્રો. ઇન્દુભાઇ દેસાઇ, પ્રો. ઉપજ્ઞા દવે, પ્રા. બકુલા જોષી, ડૉ. હાસ્યદા પંડયા, ડૉ. ભારતી દલાલ, ડૉ. શ્રધ્ધા મજમુદાર, પ્રો. પુરોહિત, શ્રી બાલુભાઇ પટેલ, શ્રી જશવંત

ચૌહાણ, પ્રો. દિનકર દેસાઇ ('વિશ્વબંધુ') પ્રો. જશવંત સોલંકી, ડૉ. નલિન દેસાઇ, પ્રિ. ભાસ્કર વ્યાસ, પ્રો. વલ્લભ ઇટાલિયા, પ્રિ. ભક્તિબેન પંડયા, પ્રિ. ડૉ. મહેન્દ્ર ચોકસી, ડૉ. સુધાબહેન પંડયા, ડૉ. જોસેફ પરમાર, પ્રા. સતીશ ડણાક, શ્રી લલિત રાણા, પ્રિ. રમેશ પંડયા ('આરસ') અને આ શોધપ્રબંધના લેખક જેવા બીજા અનેક.

આ યુનિવર્સિટી સિવાયના પણ કેટલાક પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓને તેમણે માર્ગદર્શન આપેલું છે. લગભગ દોઢેક દાયકાથી અનામી સાહેબ આમ તો નિવૃત્ત થયા છે પણ એમનામાં ધબકતો આજીવન અધ્યાપકજીવ જીવન્ત છે જેનું એમને ગૌરવ પણ છે.

એમના મોટાભાગના વિદ્યાર્થીઓ શિક્ષણ ને સાહિત્યના ક્ષેત્રમાં કાર્યરત છે ને કેટલાક તો સારા સર્જકો ને વિવેચકો છે. અનેકને એમણે સાહિત્યની શિક્ષા-દીક્ષા આપી છે. ડૉ. રમણલાલ જોષી 'અનામી' સાહેબ માટે લખે છે : " એમ.એ. થયા પછી તેઓ શેઠ જી.સી. હાઇસ્કૂલમાં થોડા સમય શિક્ષક તરીકે આવેલા. સાહિત્યની દુનિયામાં તેમણે જાણે કે અમોને દીક્ષિત કર્યા. સાહિત્ય અને સાહિત્યકારો વિષે એમની પાસે અદ્યતન માહિતી હતી. સાહિત્ય પ્રત્યેનો એક સાચકલો સ્નેહ હતો. આ બધાની મેટ્રીકના વર્ગમાં મારા પર પ્રભાવક અસર પડેલી. સાહિત્યનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાની પ્રેરણાના બીજ ત્યાં નખાયાં."[20]

મૂંઝવણ અનુભવતા કે મુશ્કેલીઓમાં અટવાતા સૌ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓના તેઓ હંમેશાં મિત્ર, ફિલસૂફ અને માર્ગદર્શક બની રહ્યા છે. નબળા વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરવાની અને હોશિયાર વિદ્યાર્થીની પીઠ થાબડવાની વૃત્તિ-પ્રવૃત્તિ તેમણે સદૈવ દાખવી છે. તેમના તમામ

વિદ્યાર્થીઓ તેમના આ ગુણની ઉમળકાભેર સાક્ષી પૂરશે. આવા એક કૃતજ્ઞ વિદ્યાર્થી – જે હાલ મહાવિદ્યાલયમાં ગુજરાતી ભાષા–સાહિત્યના અધ્યાપક છે, તે મોહંમદ ઇસ્હાક શેખનો ઉદાહરણ રૂપે પ્રતિભાવ જોઇએ : " ડૉ. અનામી સાહેબ તો હું અધ્યાપક પદે ગોઠવાઇ જાઉં એ માટે સતત ચિંતા સેવે. મારો એમ.એ.માં ગુજરાતી મુખ્ય વિષય સાથે પ્રથમ વર્ગ આવ્યો અને સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો ત્યારે એક પિતાને પુત્રની સિધ્ધિ માટે જેટલો આનંદ અને ગૌરવનો અનુભવ થાય એટલી બધી ખુશી એમના ચહેરા પર છલકાતી જોઇ છે. મને પ્રાંતિજ ખાતે ગોઠવવામાં નિમિત્તભૂત બનેલી ડૉ. અનામીની પ્રીતિને કઇ રીતે વીસરી શકું ?"[૨૧]

અનામી સાહિત્યાનુરાગી સફળ અધ્યાપક ઉપરાંત વ્યક્તિ તરીકે પણ વિદ્યાર્થીઓના કેવા હિતેચ્છુ વત્સલ વડીલ હતા, તેનુંય એક અન્ય ઉદાહરણ ધ્યાનાર્હ છે. તેમની એક ભૂતપૂર્વ વિદ્યાર્થિની ભારતી ભટ્ટે, 'અખંડ આનંદ' (જૂન ૧૯૯૪ ; 'જોયેલું ને જાણેલું' કૉલમ) માં લખ્યું છે : " ૧૯૬૯ માં હું એફ.વાય.બી.એ.માં હતી ત્યારે 'ન્હાનાલાલના કાવ્યો' ખૂબ સુંદર રીતે સમજાવતા. તેઓ વિવિધ વ્યક્તિઓના પરિચયમાં આવ્યા હોવાથી માનવ-સ્વભાવ સુંદર રીતે સમજી વ્યક્તિનો સારો ગુણ તરત પકડી લેતા અને આ રીતે તેઓ ગાંધીજીની વિચારસરણીના ચાહક હતા. તેઓ ગુણાનુરાગી હતા. વિદ્યાર્થીજગતને મદદ કરવાની ભાવના તેમનામાં ઘણી હતી. તેમની જિંદગીનું તત્ત્વજ્ઞાન પણ અલગ અને અનેરું હતું. જીવનનું સાદું ગણિત તેઓ ગણી શકતા, જેમ કે જે ઘરમાં એક જ વ્યક્તિ કમાતી હોય અને વધારે શિક્ષણ ~~શિક્ષણ~~ લેતા સંતાનો હોય

તે ઘરની યોગ્ય વ્યક્તિને તેની ગુણવત્તા પ્રમાણે નોકરી મળવી જોઇએ. તેમના શબ્દોનું મૂલ્ય એટલું કે તેઓ બીજાને ઋજુભાવથી સમજાવી શકતા, મનાવી શકતા અને મધ્યમવર્ગની વ્યક્તિને તેઓ શિક્ષણજગતમાં મદદ કરી શકતા.... એક વિદ્યાર્થીના નાતે હું જ્યારે પુખ્તવયની વ્યક્તિ હતી ત્યારે પણ મારે માટે યોગ્ય પાત્ર તેમણે પુત્રીભાવથી બતાવેલું. તેમનું ૨૨/૨, અરૂણોદય સોસાયટીનું ઘર મારા માટે "વિસામો" હતું." (પૃ. ૬૧-૬૨) અનામી અધ્યાપક અને માનવી તરીકે કેવા પ્રેમાળ અને ઉમદા હતા, તેનો આ ઉદાહરણો પરથી સ્પષ્ટ ખ્યાલ આવે છે. આવી તો, અનેક વિદ્યાર્થીઓની કેફિયતો રજૂ કરી શકાય.

સત્કાર્ય કરીને ભૂલી જવું એ એમનું આગવું લક્ષણ છે. પ્રા.શ્રી ભાસ્કર વ્યાસને નાગપુરની કૉલેજમાં પ્રિન્સિપાલ તરીકે જવાની પ્રેરણા આપનાર પોતે.. પણ ભૂલી જાય છે તેના અનુસંધાનમાં તા. ૧-૫-૬૧ ના પત્રમાં પ્રિ. વ્યાસ લખે છે : "સાહેબ ! તમે જ મને નાગપુરની જાહેરાત બતાવી હતી.... એટલું જ નહીં, કન્યા વિદાય વેળાએ મા બાપ કન્યાને શિખામણ આપે એમ આપે મને નોકરી કરતી વખતે કઇ રીતે કર્તવ્યાભિમુખ રહેવું જોઇએ એ માટે આપેલી શિખામણ અને માર્ગદર્શન હજી હું ભૂલ્યો નથી. બુધ્ધિથી વિદ્યા મળે પણ ગુરુના આશીર્વાદથી જ વિદ્યા ફળે. તમારા આશીર્વાદ અને માર્ગદર્શનથી હું શિક્ષણના ક્ષેત્રે બરાબર ગોઠવાઇ ગયો છું."

તા. ૮-૧૨-૭૭ ના એક પત્રમાં ડૉ. જયદેવ એમ. શુકલે ડૉ. 'અનામી' માટે સંક્ષેપમાં જે કંઇ કહ્યું છે તે કેટલું બધું યથાર્થ છે ! "તેજસ્વી અધ્યયન, અધ્યાપન અને સંશોધન કાર્યમાં હંમેશા આસક્તિ

અને મિત્રો, સાથીઓ અને વિદ્યાર્થીઓ સાથે એકાગ્ર સખ્ય, વાત્સલ્ય અને મદદ કરવાની અકારણ તત્પરતા એમના ચિરસ્મરણીય ગુણો છે." આ વિધાનના સમર્થનમાં એમના સેંકડો વિદ્યાર્થીઓના પત્રો ટાંકી શકાય તેમ છે.. ટૂંકમાં પ્રો. વિ. ર. ત્રિવેદી સાહેબ કહે છે તે પ્રમાણે એમનામાં એક આદર્શ અધ્યાપકનું પ્રમાણ મળી રહે છે. નડિયાદની કૉલેજમાં છ સાલ સુધી એમ. એ. સુધી – અભ્યાસ કરનાર પ્રો. ડૉ. પ્રફુલ્લ દવે ('ઇવા ડેવ') લખે છે : "મારા સાહિત્યિક જીવનને મોટા ભાગનું પોષણ તમારા તરફથી મળ્યું છે. તમે જાણે – અજાણે જે સિંચન કર્યું છે તે મને ઘણું લાભકર્તા થયું છે." (તા. ૨૭–૭–૧૯૫૮ના અમેરિકાથી આવેલા એક પત્રમાંથી)

"તમારું ભવિષ્યકથન મારા માટે સાચું પડયું છે... પણ તમારી સતત દોરવણી ને સંભાળ મને બહુ ઉપયોગી નીવડયાં છે. તમે અને ઉમાશંકરે મને ખૂબ જ ઉત્તેજન આપ્યું છે એનો હું ઋણી છું." (તા. ૧૬–૩–૭૦ ના માયશોરથી લખેલા એક પત્રમાંથી)

ભવિષ્ય કથન આ હતું : " He has, however, the undoubtful capacity to attempt successfully work of fiction in this language."

"પોતાના વિદ્યાર્થીઓ તરફ પિતા જેવો સ્નેહ દાખવનાર અને તેમની પ્રગતિમાં રાચનાર આપના જેવા શિક્ષકો જીવનમાં ઝાઝા જોયા નથી. પ્રિય 'પ્રાસન્નેય' નો પણ મારા જેવો જ અનુભવ છે. તેઓ ઘણીવાર કહે છે કે, 'મારી પ્રગતિમાં જેવો રસ 'અનામી'

સાહેબે લીધો છે તેવો અન્ય કોઇ વ્યક્તિએ કદી લીધો નથી."
(પ્રો. જશવંત શેખડીવાળાના તા. ૨૦-૪-૮૨ ના પત્રમાંથી)

"જે પ્રોફેસર - ગુરુમાં વિધ્વત્તા ઉપરાંત પોતાના વિદ્યાર્થીઓ પ્રત્યે પુત્રવત્ પ્રીતિ હોય છે તે ઉત્તમ કોટિના છે. અમારા જીવનમાં અંગત રસ લઇ, ફીની મદદ કરી, પુસ્તકો આપી, માર્ગદર્શન આપ્યું છે... એટલું જ નહીં પણ લગ્ન ગોઠવવામાં ગોર પણ બન્યા છે, નબળાને સબળા બનાવ્યા છે. અમે ઋણી છીએ."
(તા. ૬-૧૨-૭૭ ના પ્રો. દિનકર દેસાઇ ('વિશ્વબંધુ') ના સન્માન-સમારંભ ટાણે લખાયેલા એક પત્રમાંથી)

"એમના જેવા નિર્ભીક, વિદ્યાર્થીપ્રેમી, શિક્ષણરત, વિદ્યાર્થીપ્રિય, સાહિત્યસેવી અને સાહિત્યસર્જક તેમ જ કર્તવ્યપરાયણ અધ્યાપક બહુ ઓછા હશે." (એન. એસ. પટેલ આર્ટ્સ કૉલેજના પ્રિ. ડૉ. રમણલાલ ગાંધીના તા. ૬-૧૧-૭૭ ના પત્રમાંથી) કાકા સાહેબ કાલેલકર પર પી. એચ. ડી. કરનાર ડૉ. જયંત પી. પટેલ 'અનામી' સાહેબની સતત હૂંફ અને માર્ગદર્શન પામનાર કૃપાપાત્ર વિદ્યાર્થી. કેવળ વિદ્યાર્થી જ નહીં પણ કુટુંબના એક સભ્ય જેવા. છેલ્લા ચાર દાયકાથી એ ગુરુ-શિષ્યના સંબંધો અતૂટ રહ્યા છે. બારેક વર્ષની, સૂરતની એમ. ટી. બી. કૉલેજની યશસ્વી નોકરી બાદ તે અમેરિકામાં આવેલ વેરમોન્ટ નામના સ્થળે એક International language Centre છે - તેમાં ગુજરાતી ભણાવવા માટેની Instructorship મળતા જાય છે ત્યારે સૂરતથી તા. ૧૩-૫-૭૧ ના રોજ ગુરુને લાંબો પત્ર લખે છે :

"આપની હૂંફ અને આપના આશીર્વાદ તો મારું મોટું ભાગ્ય છે. મને મારી અલ્પ શક્તિઓમાં વિશ્વાસ છે તેના કરતાં અનેક ઘણો આપના સદ્ભાવપૂર્ણ અને સતતવાહી શુભ આશીર્વાદમાં વિશ્વાસ છે,... તેથી જ કશી ફિકર વગર ઝંપલાવ્યું છે. વડોદરા આવીને આપને રૂબરૂ જરૂર મળીશ ... પૂજ્ય સાહેબ ! આપનો જયંત ગુરુઓની કૃપાથી અને વડીલોના આશીર્વાદથી નિષ્કંટક વ્યવસાયજીવન આજ સુધી માણી શક્યો છે અને હવે પરદેશમાં પણ આપનો અનુગ્રહ મને રસ્તો ચીંધ્યા કરશે એવી મને શ્રધ્ધા છે. પૂજ્ય સાહેબ ! આપે વિદ્યાર્થી અવસ્થાથી મારામાં જોયેલાં થોડાંક સારાં લક્ષણોને મેં યથાશક્તિ અહીંના મિત્રોને અનુભવ કરાવ્યો છે અને એમ મારા ગુરુવર્યનું મેં ઉપસ્થાન અને તર્પણ કર્યા કર્યું છે... આપનો મારે માટે અનહદ પ્રેમ છે તે આપના પત્રના અક્ષરે અક્ષરમાંથી ફોરે છે... એ જ મારું પાથેય. આપના અઢળક અનુગ્રહથી રળિયાત થયેલા આ શિષ્યે શિક્ષકત્વને યથાશક્તિ દીપાવ્યું છે, આપના આશીર્વાદથી જ મારી આપ-સૂઝ ખીલી છે...આપની સતતવાહી કૃપા, આપના પ્રેરક આશીર્વાદ અને આપનું હૂંફાળું અને સતત દોરતું પરોક્ષ છતાં ભીતરમાં જાણે ધબકતું કરુણાસભર વ્યક્તિત્વ !"

એ પછી, બે દાયકા બાદ, આ જયા-જયંત દંપતી વડોદરા ગુરુને ઘરે બે દિવસ રહી જઈ, સ્પાર્ટનબર્ગથી તા.૧૧-૧૨-૯૦ ના રોજ એક લાંબો પત્ર લખે છે જેમાં આ ગુરુની નિવૃત્તિને આ શબ્દોમાં નિરૂપે છે : " આપની સાથે ગાળેલા બે દિવસ સંભારીને અમે બંને સુખ અનુભવીએ છીએ. થાય તેટલી શબ્દોપાસના-શારદોપાસના કરતા રહી, અત્યંત થોડી જરૂરિયાતો સાથે પ્રસન્ન જીવન કેવી રીતે જીવાય તેનો પ્રત્યક્ષ-નિબિડ અને અભીટ-ઇન્દ્રિય-બોધ અમો પામ્યાં." આવી ધન્યતા કેટલા ગુરુઓને મળી હશે ?

પાદટીપ :

૧. સંસ્મરણાત્મક વાર્તાલાપ - તા. ૧૨-૯-૯૦, આકાશવાણી: અમદાવાદ - વડોદરા.
૨. એજન
૩. 'ગુજરાત'ના એક દીપોત્સવી અંકમાં પ્રકાશિત કાવ્યની 'ઑફ પ્રિન્ટ' માંથી.
૪. 'અનામી' : આપણી વાત, પ્રથમ આવૃત્તિ ૧૯૯૧, પૃ. ૧૧.
૫. 'બુદ્ધિપ્રકાશ' ના એક અંકમાં પ્રકાશિત કાવ્યની 'ઑફ પ્રિન્ટ'માંથી.
૬. સંસ્મરણાત્મક વાર્તાલાપ - તા. ૧૨-૯-૯૦, આકાશવાણી : અમદાવાદ - વડોદરા.
૭. એજન, કાવ્યસંહિતા, પ્રથમ આવૃત્તિ ૧૯૩૮, 'સંહારને અંતે' કાવ્યમાંથી ઉદ્ધૃત, પૃ. ૮૭.
૮. સુવર્ણ જયંતી, વર્ષ : ૧૯૬૯, અંક : ૪, પૃ. ૩
૯. કાવ્ય સંહિતા, પ્રથમ આવૃત્તિ - ૧૯૩૮, પૃ. ૬૭
૧૦. ચક્રવાક, પ્રથમ આવૃત્તિ - ૧૯૪૭, પૃ. ૮૮-૮૯-૯૦
૧૧. 'સ્વાતંત્ર્ય સેનાનીની કેફિયત' (અપ્રગટ) માંથી
૧૨. ચક્રવાક, પ્રથમ આવૃત્તિ - ૧૯૪૭, પૃ. ૫૭
૧૩. એજન, પૃ. ૫૮
૧૪. 'સંભારણું,' ઇ. સ. ૧૯૭૭, પૃ. ૯
૧૫. એજન, પૃ. ૧૮
૧૬. ડૉ. જગદીશ શાહ : મધ્યકાલીન ગુજરાતી કવિતા, પ્રથમ આવૃત્તિ - ૧૯૮૧, પૃ. ૧૦

૧૭. જોસેફ પરમાર : અર્વાચીન ગુજરાતી ગદ્યનો વિકાસ (ઇ.સ.૧૮૫૦ થી ૧૯૧૫), પ્રથમ આવૃત્તિ – ૧૯૮૭, પૃ. ૬
૧૮. એજન, 'અર્પણ', પૃ. ૩
૧૯. સુવર્ણ જયંતી, વર્ષ : ૨, અંક : ૧૩, પૃ. ૧, તા. ૨૫–૨–૭૧ ગુરુવાર
૨૦. સંપા. ઇશ્વરભાઇ પરમાર : સર્જકની શિક્ષક ગાથા, પ્રથમ આવૃત્તિ – ૧૯૯૦, પૃ. ૬૩–૬૪
૨૧. ગુજરાત ટુડે, તા. ૫–૬–૯૪, 'સંબંધો હજીય મહેકે છે' કોલમ, પૃ. ૪